# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika



વર્ષ : ૦૧    ૨૦૨૫ : ઓગષ્ટ
અંક : ૦૮

**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**
૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)
અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩

**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન
૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૮–૧૨–૨૦૨૫, રવિવાર

### ચેવલા બીડીવાલા હોલ, અંબાજી

**(સ્થળ અંબાજીમાં દાખલ થતા જમણા હાથે પહેલું જ આવશે)**

### અધિવેશન કાર્યક્રમ

| સમય | માહિતી |
|---|---|
| ૧૦.૦૦ થી ૧૦.૧૦ | દિપ પ્રાગટ્ય – શ્રી સમીરભાઈ દવે |
| ૧૦.૧૦ થી ૧૦.૨૦ | સ્વાગત પ્રવચન – પ્રમુખશ્રી કિરીટકુમાર દવે |
| ૧૦.૨૦ થી ૧૦.૪૦ | સ્વાગત પ્રવચન – અધ્યક્ષશ્રી ભરતભાઈ ભટ્ટ |
| ૧૦.૪૦ થી ૧૧.૦૦ | સંસ્થાનો અહેવાલ – ઉપપ્રમુખશ્રી પ્રણવભાઈ જોષી |
| ૧૧.૦૦ થી ૧૧.૧૫ | ઉદ્‌ઘાટકશ્રીનું ઉદ્‌બોધન – શ્રી સમીરભાઈ દવે |
| ૧૧.૧૫ થી ૧૧.૪૫ | અતિથિ વિશેષશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૧૧.૪૫ થી ૧૨.૧૫ | મુખ્ય મહેમાનશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૧૨.૧૫ થી ૧૨.૪૦ | ગામે ગામના પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના કારોબારી સભ્યશ્રીઓનું સન્માન |
| ૧૨.૪૦ થી ૧૨.૫૦ | આભાર વિધી, ઉપપ્રમુખશ્રી તરલભાઈ ભટ્ટ |
| ૧૨.૫૦ થી ૦૨.૧૦ | ભોજન વિરામ |
| ૦૨.૧૦ થી ૦૩.૩૦ | હાજર રહેલા તમામ જ્ઞાતિજનોની ધ્વજા નિશાન સાથે<br>સામુહિક અંબાજી મંદિરમાં ધ્વજા આરોહણ |
| ૦૩.૩૦ થી ૦૪.૩૦ | અંબાજી બજારમાં સ્વખર્ચે ખરીદી તથા ચા–કોફી |
| ૦૪.૩૦ થી ૦૬.૧૫ | ગબ્બર દર્શન દરેક જ્ઞાતિજનો પોતે જે સાધનમાં આવ્યા હોય<br>તે સાધનમાં બેસીની પહોંચવાનું અને પરત આવવાનું રહેશે. |
| ૦૬.૧૫ થી ૦૭.૦૦ | ગબ્બરની નીચે લાઈટ એન્ડ સાઉન્ડ શો (વિનામૂલ્યે) |
| ૦૭.૦૦ થી ૦૮.૦૦ | રાત્રિ ભોજન વ્યવસ્થા અધિવેશન સ્થળ પર |

**ખાસ નોંધ :–** ગામે ગામના પ્રતિનિધીઓ પોતાના દ્વારા લાવવામાં આવનાર બસનું સમયસર સંચાલન કરશે. મંદિરના મેઈન ગેટની બહારની બાજુ ૦૪.૦૦ વાગે બસો મુકી દેવામાં આવશે. જે–તે વ્યક્તિએ જે–તે બસમાં જ બેસી ગબ્બર જઈ પરત આવવાનું રહેશે.

**ખૂબ જ અગત્યની સૂચના :–** સુજ્ઞ જ્ઞાતિજનો, આપ સૌ આજ રોજ અંબાજી મુકામે ૩૬માં રાષ્ટ્રીય અધિવેશન માટે પ્રયાણ કરી રહ્યા છો. આપની બસ સૌ પ્રથમ આપણી કુળદેવી ક્ષીરજામ્બા માતાના મંદિરે (ખેડબ્રહ્મા) ઉભી રહેશે આરતી તથા દર્શનનો લાભ મળશે. અનિવાર્ય સંજોગોના કારણે કોઈ બસ મોડી પડે તો દર્શનનો લાભ મળશે. ત્યાં આપને ફ્રેશ થવા માટેની વ્યવસ્થાઓ છે જ તે પતાવી બસમાં બેસી આપણે અંબાજી પહોંચીશું. અંબાજીમાં એન્ટર થતા જમણા હાથે અધિવેશન સ્થળ આવેલું છે ત્યાં સુધીમાં પહોંચતા ૯.૦૦ વાગશે. ત્યારબાદ ચા–નાસ્તો કરીશું અને પછી અધિવેશનમાં જોડાઈશું તમને ઉપરોક્ત અધિવેશન અંગેની તમામ માહિતી મોકલી આપેલ છે. અંબાજી સુધી આવતા માતાજીના દર્શન ના થાય, ગબ્બર જોવાના મળે કે લાઈટ એન્ડ સાઉન્ડ શો જોવાના મળે તે પણ ચાલે જ નહીં તેવા સંજોગોમાં તમારા બધાની સગવડ ખાતર બપોર થી સાંજ સુધીને સંપૂર્ણ સમય આ બધા કાર્યક્રમો માટેનો ગોઠવેલો છે. બીજું અગત્યનું રવિવારનો દિવસ હોવાથી મંદિરમાં પણ ખૂબ ભીડ હશે બપોર બાદ આપને ભીડનો પણ સામનો કરવો પડશે નહીં તેવા શુભ આશયથી ઉપરોક્ત આયોજન કરેલ છે તો આયોજન પ્રમાણે સમયબદ્ધ લાભ લેશો તો મુશ્કેલી પડશે નહીં અને સુંદર આયોજન થકી આપશ્રી દિવસ દરમ્યાનની પ્રવૃત્તિઓ કરી શકશો તેવી નમ્ર વિનંતી છે.

“સૌનો સાથ – જ્ઞાતિનો વિકાસ”

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

*શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન, ૧–૨, રામેશ્વર ફલેટ,*
*બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮ મો. : ૭૫૭૩૯૭૮૪૭૭*

*સુજ્ઞ જ્ઞાતિજનો*

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૮–૧૨–૨૦૨૫ને રવિવારના રોજ મા અંબાના ચરણોમાં અંબાજી મુકામે યોજાનાર છે. જેનાથી આપ સૌ વિદિત છો જ. ગામે ગામના મંડળ તથા વ્યક્તિઓ દ્વારા આ અધિવેશનને સફળ બનાવવા માટે અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. જેની વિગત નીચે મુજબ છે.*

| | |
|---|---|
| (૧) શ્રી શૈલેષભાઈ જોષી – અમદાવાદ દ્વારા | ૧૨૦ ડેલીગેટ્સ |
| (૨) શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – ભોપીબેન દ્વારા | ૧૨૦ ડેલીગેટ્સ |
| (૩) શ્રી બાજખેડાવાળ સમાજ નડિયાદ – પ્રણવભાઈ જોષી દ્વારા | ૧૫૬ ડેલીગેટ્સ |
| (૪) શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા | ૬૦ ડેલીગેટ્સ |
| (૫) શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા | ૧૨૦ ડેલીગેટ્સ |
| (૬) શ્રી બાજખેડાવાળ સમાજ વસો દ્વારા | ૬૦ ડેલીગેટ્સ |
| (૭) શ્રી બાજખેડાવાળ સમાજ ચિથરી દ્વારા | ૬૦ ડેલીગેટ્સ |

*આમ કુલ મળી ૬૯૬ ડેલીગેટ્સનો બસ દ્વારા અંબાજી પહોંચવાનું નિશ્ચિત થઈ ગયેલ છે. આ સિવાય ડાયેરેક્ટ આવવાવાળા લોકોની સંખ્યા અંદાજિત ૮૦ની હશે.*

*બાજખેડાવાળ સમાજ–મહેમદાવાદ દ્વારા ૧ બસનું આયોજન થઈ રહ્યું છે. તેમજ વડોદરા સમાજ દ્વારા પણ આ પ્રયત્નો થઈ રહ્યા છે. આમંત્રિત તથા મહેમાનો અંદાજિત ૨૦૦ વ્યક્તિ આવવાની શક્યતા છે. આમ કુલ મળી અંદાજે ૧૦૦૦ ડેલીગેટસની અપેક્ષા રાખીયે તો અસ્થાને નથી. "ન ભૂતો ન ભવિષ્યતિ"*

*માતાજીના ચરણોમાં બાજખેડાવાળ જ્ઞાતિ સમાજની એક સાથે આટલી મોટી હાજરી તે આપણા સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે. જે જ્ઞાતિજનોને પોતાની રીતે પોતાની ગાડી કરી આવવાની ઈચ્છા હોય તેઓ અમદાવાદ ભાવેશ પંડ્યા – હિતવર્ધક સભાની ઓફિસ અને વિદ્યાનગર કિરીટકુમાર દવે – બાજખેડાવાળ છાત્રાલય તથા નડિયાદમાં પ્રણવકુમાર જોષીનો સંપર્ક કરી પાસ મેળવી શકે છે. પાસની કિંમત માત્ર ૧૦૦ રૂપિયા જ છે. આપણી અંબાજીમાં જે જગ્યા રાખી છે તેના લીમીટેશન પણ છે તેવા સંજોગોમાં પાસ વિતરણ બંધ કરવું પડે તે પહેલાં આપના પાસ મેળવી લેશો. જ્ઞાતિ સમાજ તથા ગામે ગામના કાર્યકરો દ્વારા મળેલ અભૂતપૂર્વ સહકાર બદલ સૌનો આભાર માનીએ છીએ અને અહેસાની લાગણી અનુભવીએ છીએ.*

*સમાજના કામમાં ઘણી બધી રીતે મદદરૂપ થઈ શકાય તેના એક ભાગરૂપે આ મદદ લગભગ પૂરી થયેલી ગણાય. સાથે સાથે કોઈપણ સારા કામમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આર્થિક મદદ પણ એટલી આવકાર્ય છે જ. કદાચ આપ આપના વ્યસ્ત શિડ્યુલમાં રૂબરૂ આવી શકો તેમ ન હોવ તો ફુલ નહીં ને ફુલની પાંખડી રૂપે મદદ કરી શકો છો. આપના તરફથી મળેલ દાન આપશ્રી પાન કાર્ડ અને આધાર કાર્ડ સાથે મોકલી આપશો તો ૮૦જી હેઠળ આપને*

ઈન્કમટેક્ષમાં પણ મદદરૂપ થશે. આ તબક્કે અધ્યક્ષશ્રી, ઉદ્‌ઘાટકશ્રી, દાતાશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, યજમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ સૌનો આભાર માનીએ તેટલો ઓછો છે. અમારી આ વિનંતીને આપના તરફથી પ્રત્યુતર મળશે જ તેવી અપેક્ષા રાખીએ તો અસ્થાને નહીં ગણાય.

હાલ આપણે પ્રત્યક બહેનો દીઠ માસિક રૂ. ૨૫૦૦/– લેખે વાર્ષિક રૂ. ૩૦૦૦૦/– આપીએ છીએ. હાલ કુલ ૩૯ બહેનોને સંસ્થાને નિયમોની મર્યાદામાં રહી વાર્ષિક રૂ. ૩૦૦૦૦/– લેખે રૂ. ૧૧,૭૦,૦૦૦/– (અંકે અગિયાર લાખે સીતેર હજાર) આપીએ છીએ. આ રકમમાં વધારો થવાનો અવકાશ છે. આ રકમ મૂડીમાંથી વાપરતા નથી પરંતુ વ્યાજની આવકમાંથી જ વપરાય છે. જેનો કાર્યકરોને ગર્વ છે. આ સમગ્ર બાબત આપને ધ્યાન દોરવા પૂરતી જ છે. કાર્યકરો પોત પોતાની રીતે પ્રયત્ન કરી આ રકમ ભેગી કરી રહ્યા છે. જેની નોંધ લેશો.

**કિરીટકુમાર એમ. દવે** — **સમીરભાઈ દવે**
**પ્રમુખ** — **મંત્રી**

**સર્વે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઆ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન ૦૨૬૯૨–૨૪૪૨૧૨

આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ તરફથી તા. ૧૦–૦૭–૨૦૨૫ને ગુરૂપૂર્ણિમાના દિવસે ગૌરીવ્રત નિમિત્તે બાજખેડાવાળ હોલમાં મોટી સંખ્યામાં બાલિકાઓ તથા સભ્ય બહેનોએ હાજરી આપી હતી.

આદ્યસ્થાપક વનલતાબેન સી. ભટ્ટ સહિત સર્વે કારોબારીની બહેનોનો ઉત્સાહ પ્રોત્સાહન આપી. સર્વેની હાજરીમાં ગરબા ત્યાં અવનવી રમતો જેવી કે લીંબું ચમચો, જનરલ નોલેજ જેવી જુદી જુદી રમતો કારોબારી બહેનોએ ખૂબ જ આનંદથી રમાડી હતી અને ખૂબ જ આનંદ કરાવ્યો હતો. દરેક દીકરીઓને આશીર્વાદ સાથે નીચે મુજબની ભેટ આપવામાં આવી હતી.

(૧) ઉપપ્રમુખ – ગીતાબેન શુક્લ તરફથી બાલીકાઓને ત્રણ (૩) ચોપડા અને સર્વે બહેનોને આઈસ્ક્રીમની મોજ જણાવી હતી. (૨) બાજખેડાવાળ મહિલા મંડળ તરફથી દરેક બાળાઓને રૂ. ૧૦૦/–ના કવર આપવામાં આવ્યા હતા. (૩) દક્ષાબેન પંડ્યા, રીટાબેન ધગટ, મીનાબેન શેલત તથા રેખાબેન શેલત તરફથી દરેક બાળાઓને પર્સ આપવામાં આવ્યા હતા. (૪) વનલતાબેન ભટ્ટ તથા અલ્પાબેન ઠાકર તરફથી ગુલાબનો બ્રોચ આપવામાં આવ્યા હતા. (૫) માયાબેન દવે તરફથી પાંચ ડબ્બાનો સેટ તથા ચાંલ્લો આપવામાં આવ્યા હતા. (૬) ઈલાબેન દવે તરફથી સ્ટીલની ડીસો આપવામાં આવી હતી. (૭) ભાવીકાબેન શેલત તરફથી બટવા આપવામાં આવ્યા હતા. (૮) રાણીગીબેન દવે તથા વિશ્વાબેન તરફથી મોતીના સેટ આપવામાં આવ્યા હતા. (૯) વર્ષાબેન દવે તરફથી રૂ ૧૦૧/–ના કવર આપવામાં આવ્યા હતા. (૧૦) નીતાબેન પંડ્યા તરફથી કાચના મોટા મગ આપ્યા હતા. (૧૧) મેઘાબેન દવે તરફથી પાઉચ, પેન્સીલ, રબર, કલર બોક્સ, સંચો આપવામાં આવ્યા હતા (૧૨) સપનાબેન ભટ્ટ

તરફથી પેનો આપવામાં આવી હતી. (૧૩) હેમાગીની જોષી તરફથી જેલપેન તથા સોનલબેન તરફથી બધી બાળાઓને રૂ. ૧૧/–ના કવર આપ્યા હતા.

સ્વ. સરોજબેન વિનોદચંદ્ર દવેના સ્મરણાર્થે ગીતાબેન દવે તરફથી મંડળને રૂ. ૫૦૧/–ની ભેટ મળેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વે કારોબારી બહેનો તથા ઉપસ્થિત ગૌરીવ્રતની બાળાઓ સહિત સભ્ય બહેનો તથા ભેટ આપનાર સર્વે સભ્ય બહેનોનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર.

મંડળના આદ્યસ્થાપક શ્રી વનલતાબેન સી. ભટ્ટ અમેરીકા જવાની હોવાથી સર્વે કારોબારી બહેનો તરફથી શુભેચ્છા પાઠવી હતી જય મહાદેવ.

હવે પછીનો મંડળનો પ્રોગ્રામ સામા પાંચમ, અગિયારસ, કેવડા ત્રીજ વગેરેની ઉજવણી માટે કારોબારી બહેનોનો સંપર્ક કરવા વિનંતી.

**પાયલબેન પી. દવે** — **પ્રમુખ**

**રીટાબેન એમ. ધગટ** — **મંત્રી**

**સર્વે કારોબારી બહેનો**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ – નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડિયાદ

(મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

---

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ દ્વારા તા. ૧૨–૭–૨૫ના શનિવારના રોજ ગૌરીવ્રત હરિફાઈનું આયોજન કરેલ.

સૌ પ્રથમ સ્પર્ધામાં પ્રાર્થના ગીત ગાઈને શરૂઆત કરી મહેમાનોને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરી આવકાર્ય હતા. ત્યારબાદ સ્પર્ધામાં કન્વીનર શ્રી જલ્પાબેન ઠાકર તથા પુનમબેન ત્રિવેદીએ સેવા આપી.

વિભાગ–૧–ઢીંગલી હરિફાઈ (૩ થી ૫ વર્ષ), વિભાગ–૨–૧ મીનીટ ગેમ (૬ થી ૧૨ વર્ષ), વિભાગ–૩–બેલેન્સી ગેમ (૩ થી ૧૮ વર્ષ), વિભાગ–૪ – સંગીત ખુરશી

વિભાગ – ૧ (૩ થી ૫ વર્ષ) પ્રથમ વિજેતા ત્રિવેદી નિયા ભદ્ર, દ્વિતીય વિજેતા – ભટ્ટ તિથી નયનભાઈ

વિભાગ – ૨ (૬ થી ૧૨ વર્ષ) પ્રથમ વિજેતા – શેલત નવિયા, દ્વિતીય વિજેતા – દવે મિશ્રી, તૃતિય વિજેતા – ઠાકર કૈયા

વિભાગ – ૩ (૧૩ થી ૧૮ વર્ષ) પ્રથમ વિજેતા – ત્રિવેદી રીચા, દ્વિતીય વિજેતા – ત્રિવેદી રીદ્ધી

વિભાગ – ૪ (૧૯ થી ૨૫ વર્ષ) પ્રથમ વિજેતાા – મહેતા પ્રહલ, દ્વિતીય વિજેતા – ત્રિવેદી આર્યા, તૃતીય વિજેતા – દેસાઈ ત્રિશા

અમદાવાદ ડાન્સ પ્રોગ્રામમાં પ્રથમ આવેલ મૈત્રી ઠાકરનું મોમેન્ટ આપી સ્વાગત કર્યું.

સ્વ. અ.સૌ. હસુમતીબેન શીવશંકર ધોરાના સ્મરણાર્થે શ્રીમતી કાશ્મિરાબેન પરેશભાઈ ધોરા તરફથી ગૌરીવ્રતના આઈસ્ક્રીમના દાતા છે.

સ્વ. અ.સૌ. ચંદ્રિકાબેન નિત્યાનંદ ઠાકર તથા સ્વ. કુમારી કૈલાસબેન કાંતિલાલ ઠાકરના સ્મરણાર્થે દરેક દીકરીઓને ઈનામ આપવામાં આવે છે. અ.સૌ. અસ્મિતાબેન આર. દવે તરફથી દરેકને પેંડા આપવામાં આવે છે. ગં. સ્વ. ભાવનાબેન ઠાકર તરફથી ચોકલેટ, જીયાંસ જલ્પા રષેશ ઠાકર તરફથી કટલરી – પેન્સીલ બોક્સ, પ્રતિમાબેન અશ્વિનભાઈ ભટ્ટ તરફથી બટવા, રૂ. ૫૦૦/– સુધાબેન બુદ્ધીસાગર ઠાકર, ઉર્વશીબેન ઠાકર, રૂ. ૫૦૦/– દીપા તરંગ દવે – નડીયાદ, રૂ. ૧૦૦/– સુધાબેન બુદ્ધિસાગર ઠાકર હસ્તે રાજુલબેન ઠાકર

દરેકને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા. આગામી કાર્યક્રમ જેવા કે કેવડાત્રીજ તા. ૨૬–૮–૨૫, મંગળવાર તથા સમૂહ સામા પાંચમ તા. ૨૮–૮–૨૫ ગુરૂવારના રોજ ઉજવણી અને ફરાળનું આયોજન બાજખેડાવાળ મહિલા સમાજ નડીયાદ દ્વારા થાય છે.

**અંજનાબેન દવે** — **પ્રમુખ**

**કોમલ દવે** — **મંત્રી**

**સર્વે કારોબારી બહેનો – બાજખેડાવાળ મંડળ, આણંદ**

---

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**થઈ ગયેલ કાર્યક્રમ**

તા. ૧૫–૬–૨૫ના રોજ જ્ઞાતિ સંમેલન યોજેલ તેમાં સિક્યુરીટીની સેવા પુરી પાડવા બદલ કારોબારી સભ્યશ્રી અશ્વિનભાઈ શેલતનો ખૂબ આભાર.

તા. ૧૨–૭–૨૫ના રોજ ગૌરીવ્રત જાગરણ નિમિત્તે નાની બાળાઓને આનંદ આવે તે અંગે સંસ્થા દ્વારા જે જાદુગર શો શ્રી સુનિલભાઈ રાવલ નડિયાદ નિવાસીનો કાર્યક્રમ યોજવા સંસ્થાના કારોબારી સભ્યશ્રી હેતલકુમાર ભટ્ટના પ્રયત્નો દ્વારા આવેલ આ અંગે તેઓનો ખૂબ આભાર અને કાર્યક્રમમાં બુકેની સેવા આપવા બદલ શ્રી તરલ(રાકેશ)ભાઈ ભટ્ટનો ખૂબ આભાર.

આ અંગે નીચેની વ્યક્તિઓ દ્વારા ભેટ મળેલ તે સર્વેનો મંડળ ખૂબ આભાર માને છે. (૧) રૂ. ૫૦૦/– શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ (૨) અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૪૦૨/–

**શ્રાવણી પૂનમ**

તા. ૯–૮–૨૫ને શનિવારે શ્રાવણી પૂનમના દિવસે સંસ્થા દ્વારા આયોજીત કરેલ જનોઈ બદલવાના પ્રસંગમાં જ્ઞાતિજનોએ ખૂબ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી. બ્રાહ્મણોની દિવાળી ઉજવી અને જનોઈ બદલેલ આ પ્રસંગે જ્ઞાતિના સન્માનીત સ્વ. ચંદ્રકાંતભાઈ દવેના પુત્ર આ આશિષભાઈ દવે દ્વારા શાસ્ત્રોક્ત વિધી પ્રમાણે જનોઈ બદલાવેલ પ્રસંગના અંતે સૌ જ્ઞાતિજનોને સંસ્થા દ્વારા ચ્હા–કોફી તથા ફરાળ કરાવવામાં આવેલ.

**આગામી કાર્યક્રમ**

**મેડીકલ કેમ્પ**

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ દ્વારા તા. ૨૩–૮–૨૫ને શનિવારના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે સવારે ૮ થી ૧૨

દરમ્યાન મહિલા આરોગ્ય વિષયક તપાસ કેમ્પનું આયોજન HCF Hospital ના સહયોગથી કરવામાં આવેલ છે. આ મેડીકલ કેમ્પમાં અદ્યતન મશીન દ્વારા મહિલાઓમાં થતા સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ કરવામાં આવશે. આ કેમ્પમાં નિષ્ણાત મહિલા ડૉ. માયાબેન દ્વારા મહિલા રોગો વિશેની સમજ તથા તપાસ વિના મૂલ્યે કરવામાં આવશે.

સંસ્થાના મંત્રી શ્રીમતી ગિનીબેન પંડ્યા તથા કારોબારી સભ્ય શ્રીમતી સેજલબેન શુકલ આ કાર્યક્રમના કન્વીનર તરીકે ફરજ બજાવવાના છે.

**ગરબા મહોત્સવ**

મા આરાસુરી અંબામાતાના ચોથના ગરબા મહોત્સવ તા. ૨૫-૯-૨૫ને ગુરુવારના રોજ શ્રી બળવંતરાય હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે યોજાનાર છે. તો સૌ જ્ઞાતિજનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ.

આરતીનો સમય સાંજે ૮.૦૦ કલાકે ત્યારબાદ ગરબા મહોત્સવ શરૂ થશે.

**અન્નપૂર્ણા સહાય યોજના**

(૧) રૂ. ૧૨૦૦૦/- સ્વ. ચંદ્રશંકર પ્રભુશંકર દવેને સ્મરણાર્થે હસ્તે શ્રી જનકભાઈ ચંદ્રશંકર દવે તરફથી

**વિધવા-ત્યક્તા-વિધુર સહાય યોજના**

(૧) રૂ. ૫૦૦૧/- સ્વ. હરીલાલ સોમેશ્વર ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી દક્ષાબેન હરીલાલ ભટ્ટ તરફથી

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**ઉદયભાઈ એચ. ભટ્ટ / ગીનીબેન એમ. પંડ્યા** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ-૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**અન્નપૂર્ણા સહાય યોજના :-**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ડાકોર-ઉમરેઠ સ્થિત જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ-બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમોને જ્ઞાતિ સમાજના ઉદાર દાતાશ્રીએ તરફથી સતત દાન ફંડ મળતુ રહે છે. અમો આ સર્વે દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ વખતે દાતાશ્રીઓની યાદી આ મુજબ છે.

(૧) શ્રીમતી નીતાબેન ભરતભાઈ પંડ્યા, હસ્તે-ભરતભાઈ જોષી રૂ. ૧૦૦૦૦/- (૨) શ્રી વિધીબેન કોટડીયા તરફથી દિકરી ચિ. વિકાસીના જન્મદિન નિમિત્તે રૂ. ૧૫૦૧/- (3) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૭૦૦૧/- (૪) શ્રીમતી ટીનાબેન વિક્રમભાઈ પંડ્યા રૂ. ૧૧૧૩૮/- (૫) સ્વ. શ્રી પુષ્પાબેન એમ. દવેના સ્મર્ણાર્થે હસ્તે - શ્રી પ્રકાશભાઈ એન. દવે રૂ. ૫૦૦૦/-

**નવરાત્રી મહોત્સવ – વાર્ષિક સભા**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ આ વર્ષે નવરાત્રીના ગરબાનું આયોજન તા. ૨૪–૯–૨૦૨૫ને બુધવારના રોજ કરવામાં આવેલ છે. આ ગરબા મહોત્સવ પહેલા એટલે કે સાંજે ૭.૦૦ વાગ્યાથી સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા યોજાશે. આ સામાન્ય સભામાં સંસ્થાનાં બધા જ આજીવન સભ્યોએ અવશ્ય હાજર રહેવું. સ્થળ–વેદ મંદિર, કાંકરીયા

વાર્ષિક સભા સમય – સાંજે ૭.૦૦ વાગ્યે, અલ્પાહાર ચા–કોફી – રાત્રે ૮.૦૦ વાગ્યે, આરતી સમય – ૮.૩૦ ત્યારબાદ રાસ ગરબાની રમઝટ અને માતાજીની પ્રસાદીરૂપ લ્હાણી.

આ સમગ્ર કાર્યક્રમમાં સર્વે જ્ઞાતિજનો, આજીવન સભ્ય બહેનોને પધારવા અમો અંતઃકરણપૂર્વક આમંત્રણ આપીએ છીએ તો અવશ્ય પધારશો.

**આજો પડવો**

અમારી સંસ્થા દ્વારા આ ધાર્મિક વિધી નવરાત્રીના પહેલા દિવસે એટલે કે તા. ૨૨–૯–૨૦૨૫ના રોજ સવારે ૯.૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે. આ અંગેની માહિતી જ્ઞાતિની બહેનો વારંવાર પૂછતા અત્રે આપું છું કે, જે દીકરીના પિતાજીનું અવસાન થયા બાદ ત્રીજું વર્ષ શરૂ થાય તે દરમ્યાન પહેલા નોરતે કરવામાં આવે છે. જે દિકરીના પતિ હયાત હોય અને જેમને પુત્ર હોય તે બહેન આ વિધી કરી પોતાના પિતાનું તર્પણ કરી શકે છે. જેને આજો પડવાની વિધી કહે છે. આ વિધીમાં બેસવા માટે તૃપ્તીબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧ તથા જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ આ નંબર પર પોતાના નામ નોંધાવી દેશો. આપને અન્ય માહિતી આ બહેનો આપશે. નામ નોંધવાની છેલ્લા તારીખ ૧૫–૦૯–૨૦૨૫ રહેશે.

**આગામી કાર્યક્રમ અગિયાસર વ્રત ઉદ્યાપન**

સંસ્થા દ્વારા આગામી તા. ૦૧–૧૨–૨૦૨૫ને સોમવારે અગિયારસ વ્રત ઉદ્યાપનની વિધી કરાવવામાં આવશે. જે ભાઈ–બહેનોને આ વ્રતની ઉજવણી કરવાની હોય તે ઉપર મુજબના મોબાઈલ નંબર પર તૃપ્તીબેન તથા જલ્પાબેનનો સંપર્ક કરી નામ નોંધાવી દેશો.

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ – ઉમરેઠ

શ્રીનાથ એન્ટરપ્રાઈઝ, સ્વામિનારાયણ મંદિર સામે, ઓડ બજાર, ઉમરેઠ–૩૮૮૨૨૦

(મો.) ૯૪૨૯૧૮૨૦૦૧, ૯૯૭૯૫૧૫૮૨૭, ૭૪૦૫૮૫૮૨૫૮

**બારમો હોમાત્મક લઘુરૂદ્ર :–**

જય મહાદેવ સાથે જણાવવાનું કે શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ ઉમરેઠ દ્વારા પ્રતિ વર્ષની માફક આ શ્રાવણ માસે પણ ગત વિ.સં. ૨૦૮૧ની શ્રાવણ સુદર ત્રીજને તા. ૨૭–૦૭–૨૦૨૫ને રવિવારે નગરના પૌરાણિક શિવાલય શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે મુખ્ય ગુરૂદેવ શ્રી સ્નેહલભાઈ દવે તેમજ પ્રબુદ્ધ બ્રાહ્મણવૃંદના કર્મકાંડ હેઠળ બારમા હોમાત્મક લઘુરૂદ્રનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ ધાર્મિક આયોજન મા આણંદ, વડોદરા, મુંબઈ, અમદાવાદ, સુરત વસતા

કુલ ૧૯ જ્ઞાતિ યજમાનોએ ભાગ લીધો. સમગ્ર દિવસ દરમ્યાન વરૂણદેવના રાજીપા રૂપે ૫ ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો. પરંતુ શ્રી ચંદ્રમૌલેશ્વર દાદાની અસીમ કૃપાથી યજ્ઞ કાર્ય સુખરૂપ રહ્યું. આ પ્રસંગે પુર્ણાહુતી સમયે લગભગ પાંચસો જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં શ્રી સંતરામ મંદિર ઉમરેઠના પૂ. હરિકૃષ્ણદાસજીએ ઉપસ્થિત રહી આયોજકો અને યજમાનોને પ્રેરક આશીર્વચન પાઠવ્યા. આયોજકો દ્વારા સમિતિના સ્થાપક ચેરમેન અનુપ મહેતાના સામાજીક કાર્યો અને સમિતિ પ્રત્યેના સમર્પણભાવ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી અને તેઓના કૈલાશગમન અંગે ખાસ પ્રાર્થના કરવામાં આવેલ. આ પ્રસંગે સર્વ યજમાનો, દાતાઓ, સર્વિસ સપ્લાયર્સ, મહાદેવ મંદિર પરિવારના સાથ સહકાર બદલ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને પૂર્ણાહૂતી બાદ મહાપ્રસાદનું સેવન કરી યજ્ઞની સોનેરી યાદગીરી સાથે છુટા પડ્યા.

આ પ્રસંગનો આવક–જાવકનો હિસાબ જલ્દીથી જ્ઞાતિજનોની જાણ માટે સાર્વજનિક કરવામાં આવશે.

ધ્રુમિલ શુક્લ
સેક્રેટરી કમ ખજાનચી

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ

### સપ્તકુંડી હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા દેવાધિદેવ મહાદેવના પવિત્ર એવા શ્રાવણ માસમાં ૧૦૦૦ વર્ષ પૌરાણિક મહાદેવના મંદિરમાં સપ્તકુંડી હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવેલ.

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા સપ્તકુંડી હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ તા. ૩–૮–૨૫, રવિવાર શ્રાવણ સુદ–૯ના દિવસે સોમનાથ મહાદેવ, ગ્યાસપુર, પીરાણા રોડ, શાહવાડી, અમદાવાદ ખાતે મહાદેવજીના ચરણોમાં યોજાઈ ગયેલ. જેમાં કુલ ૩૧ યજમાનોએ યજ્ઞમાં ભાગ લઈ મહાદેવજીની પરમકૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

કાર્યક્રમની શરૂઆત સવારે ૮.૦૦ કલાકે ગુરૂદેવ ભીખુભાઈ જોષી અને પ્રવિણભાઈ દવેના સાનિધ્યમાં થઈ. બપોરે ૧ વાગે ૨૫૦ થી વધુ વ્યક્તિઓએ ફરાળ કરી. ત્યારબાદ બપોરના થોડા વિરામ બાદ લગભગ ૨.૩૦ વાગે ઓમ શરૂ થયેલ જેની પૂર્ણાહૂતિ સાંજે ૫.૩૦ કલાકે શ્રીફળ હોમાઈ થઈ. પૂર્ણાહુતિ સમયે મંડળના આમંત્રણને માન આપી શ્રી મૌલિકભાઈ દવે (રાજા) હાજર રહેલ સાથે સંસ્થાના ટ્રસ્ટી, પ્રમુખ, મંત્રી તેમજ સર્વ કારોબારી સભ્યોએ શ્રીફળ હોમનો લાભ લીધેલ. શ્રીફળ હોમાયા પછી મહાદેવજીની ભવ્ય આરતી થઈ. સર્વેએ પ્રસાદ ગ્રહણ કર્યો. અંદાજિત ૯૦૦ માણસોએ આ યજ્ઞના મહાપ્રસાદનો આનંદ માણ્યો.

આ પ્રસંગે નીચેના દાતાશ્રીઓ અને જ્ઞાતિજનો તરફથી વિવિધ સેવાઓ તેમ જ રોકડ રકમ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ જે નીચે મુજબ છે.

**વસ્તુરૂપે દાન**

(૧) શ્રી તરલભાઈ ભટ્ટ દ્વારા – તમામ યજમાનોના ફૂલ–હાર, કપુરી પાન તેમજ હોમવા માટેના બીજોરા (૨) શ્રી વૈશાલીબેન હેતલભાઈ ભટ્ટ દ્વારા દરેક યજમાનોને શિવજીની નાની મૂર્તિ તેમજ રૂદ્રાક્ષની માળા (3) એક શિવભક્ત જ્ઞાતિજન તરફથી દરેક યજમાનોને સુંદર સિવેલા પિતાંબર (૪) શ્રી વત્સલ જતીનભાઈ ભટ્ટ દ્વારા હોમ માટેના તમામ પ્રકારના ફળફળાદીની સેવા (૫) શ્રી દેવાંગભાઈ જોષી દ્વારા હોમ માટેના શ્રીફળની સેવા પ્રાપ્ત થયેલ છે.

**રોકડ ભેટ રૂપે દાન**

(૧) રૂ. ૨૫૦૦૦/– શ્રી શૈલેષભાઈ જોષી – મહાપ્રસાદ પેટે (૨) રૂ. ૮૦૦૦/– શ્રીમતી દિપીકાબેન દિલીપભાઈ પંડ્યા – ઘી પેટે (3) રૂ. ૧૧૦૦૦/– શ્રી નિયાવી C/o. શ્રી અજીતભાઈ બી. દવે (૪) રૂ. ૨૫૦૧/– શ્રી જીગ્નેશભાઈ ઠાકર (૫) રૂ. ૨૫૦૦/– પાર્થ વિજયભાઈ મહેતા (૬) રૂ. ૨૫૦૦/– નલિનભાઈ ઈશ્વરલાલ પંડ્યા (૭) રૂ. ૨૦૦૦/– શ્રી વિજયભાઈ દવે (૮) રૂ. ૧૫૦૦/– શ્રી અમીતભાઈ જોષી (૯) રૂ. ૧૫૦૧/– દ્દષ્ટિ સ્નેહલભાઈ ભટ્ટ (૧૦) રૂ. ૧૫૦૧/– દર્શી સ્નેહલભાઈ ભટ્ટ (૧૧) રૂ. ૧૫૦૧/– હાર્દિ આશિકભાઈ મહેતા (૧૨) રૂ. ૧૫૦૧/– નિશી આશિકભાઈ મહેતા (૧૩) રૂ. ૧૫૦૦/– શ્રી શ્રદ્ધાબેન દવે (૧૪) રૂ. ૧૫૦૧/– સ્વ. સુશીલાબેન બી. દવે (૧૫) રૂ. ૧૦૦૦/– સ્વ. સુશીલાબેન બી. દવે (૧૬) રૂ. ૨૫૦૧/– શ્રી રિતેશભાઈ ભટ્ટ (૧૭) રૂ. ૧૫૦૧/– શ્રી સ્નેહલભાઈ મહેતા (રેડલીફ લેબ) (૧૮) રૂ. ૧૦૦૦/– સ્વ. પ્રવિણચંદ્ર આર. ભટ્ટ (૧૯) રૂ. ૧૦૦૧/– સ્વ. ઉર્મિલાબેન બી. ત્રિવેદી (૨૦) રૂ. ૧૧૦૦/– શ્રી પરેશકુમાર સી. દવે (૨૧) રૂ. ૧૦૦૦/– શ્રી રિયાંશ સુરેશભાઈ દવે (૨૨) રૂ. ૧૦૦૨/– શ્રી રાકેશકુમાર ચંદ્રકાંત ઠાકર (૨૩) રૂ. ૧૦૦૧/– શ્રી નંદુપ્રસાદ ચંદુલાલ દેસાઈ (૨૪) રૂ. ૧૦૦૦/– એક જ્ઞાતિજન તરફથી (૨૫) રૂ. ૧૦૦૧/– વનશ્રી પૂર્વેશભાઈ દવે (૨૬) રૂ. ૧૦૦૦/– શ્રી સુધીરભાઈ ભટ્ટ (૨૭) રૂ. ૧૦૦૦/– શ્રી દુષ્યંતભાઈ પંડ્યા (૨૮) રૂ. ૧૦૦૦/– શ્રી જયશ્રીબેન બી. દવે (૨૯) રૂ. ૧૦૦૦/– કિરીટકુમાર નાનાલાલ ભટ્ટ (૩૦) રૂ. ૬૦૦/– શ્રી અર્ચનાબેન જોષી (૩૧) રૂ. ૫૦૦/– શ્રી હાર્દિક મનોજભાઈ જોષી (૩૨) રૂ. ૫૦૦/– શીખા જય ઢગટ (૩૩) રૂ. ૫૦૧/– અલ્પાબેન વિ. ત્રિવેદી (૩૪) રૂ. ૫૦૧/– સ્વ. નિરંજનભાઈ બી. ભટ્ટ (૩૫) રૂ. ૫૦૦/– શ્રી વિભાબેન પંકજકુમાર દણાંક (૩૬) રૂ. ૫૦૦/– શ્રી સુરેશભાઈ ઠાકર (૩૭) રૂ. ૫૦૦/– શ્રી પ્રણવ મેહુલભાઈ મહેતા (૩૮) રૂ. ૫૦૦/– શ્રી વેદાંશી મેહુલભાઈ મહેતા (૩૯) રૂ. ૫૦૦/– સ્વ. મંજુલાબેન આર. ઠાકર (૪૦) રૂ. ૫૦૧/– શ્રી જગદીશભાઈ બી. શેલત (૪૧) રૂ. ૫૦૧/– શ્રી નયનાબેન મુકેશભાઈ દવે (૪૨) રૂ. ૫૦૧/– શ્રી પ્રકાશભાઈ રમણલાલ ભટ્ટ (૪૩) રૂ. ૫૦૦/– પ્રથમભાઈ ભદ્રેશભાઈ ભટ્ટ (૪૪) રૂ. ૫૦૦/– ઋષીભાઈ વી. ભટ્ટ (૪૫) રૂ. ૫૦૧/– શ્રી પ્રિતીબેન બી. જોષી (૪૬) રૂ. ૫૦૦/– શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ (૪૭) રૂ. ૫૦૦/– શ્રી ભદ્રેશભાઈ દવે (૪૮) રૂ. ૫૦૦/– શ્રી દ્વિજેનભાઈ શેલત (૪૯) રૂ. ૩૨૧૧/– શ્રી અનંતભાઈ ઠાકોરલાલ પંડ્યા અને પરિવાર તરફથી મનોકામના અહુતી અને શ્રીફળ આહુતી ભેટ પેટ.


શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ સર્વે દાતાશ્રીઓનો, યજમાનશ્રીઓનો તથા હાજર રહેલા સર્વે જ્ઞાતિજનો અને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સપ્તકુંડી લઘુરૂદ્રને સફળ બનાવવામાં મદદરૂપ થનાર સર્વેનો ખૂબ જ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

**સ્નેહલભાઈ ભટ્ટ** — **તરલભાઈ ભટ્ટ**


**પ્રમુખ** — **મંત્રી**

**સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

| | |
|---|---|
| Name | : Ku. Diksha Niraj Joshi |
| Height | : 5’-3’’ |
| Weight | : 55 Kg. |
| Birth Date | : 07-06-1999 |
| Birth Time | : 15.40 |
| Birth Place | : Cary, NC-USA |
| Education | : B.Sc. (Neuro Science & Computer SC.)<br>Univercity of NC, Chaper Hill |
| Profession | : Further Study |
| Monthly Income | : - |
| Native Place | : Umreth - Vadodara |
| Mother Name | : Bhavi Niraj Joshi |
| Borther/Sisters | : 1-Brother-Unmarried, 1-Sister-Unmarried |
| Maternal Place | : Mahendrabhai Shivshankar Danak |
| Father | : Niraj Piyushchandra Joshi |
| Address | : 214, Capistrane, Drvie, Cary, NC 27512, USA<br>(NC- North Carolina) |
| Phone No. | : +1-919-363-2356, +1-919-345-9522 |
| Grand Father | : Piyushchandra D. Joshi |
| Address | : A-100, Ganga Jamna Society, Subhanpura,<br>Vadodara-390023 |
| Mobile | : 9023526969, 7600805908 |
| E-mail | : p_j1948@yahoo.co.in<br>anandi.uk2017@gmail.com |
| Choice | : Good Personality, Well Educated,<br>Cultured Family |
| Note | : Preferrably, Swaminarayan Religion of Settel<br>at USA |
| Gotra | : Chitranas |
| Nakshatra | : Purva Bhadrapad |
| Rashi | : Pisces |
| Nadi | : Adya |
| Gan | : Human |
| Varna | : Brahmin |
| Yoni | : Lion |
| Varg | : - |



| | | |
|---|---|---|
| Name | : | Ku. Dr. Devashree Mehulbhai Thaker |
| Height | : | 5’-1’’ |
| Weight | : | 50 Kg. |
| Birth Date | : | 31-08-1996 |
| Birth Time | : | 02.40 p.m. |
| Birth Place | : | Surat |
| Education | : | Bachelor of Physiotherapy |
| Profession | : | Physiotherapist |
| Monthly Income | : | Rs. 20000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Chetanaben Mehulbhai Thaker |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Kiritbhai I. Vyas, Surat |
| Father | : | Mehulbhai Kanubhai Thaker |
| Address | : | A-205, Second Floor, Shreedhar Complex, Opp. Reliance Smart Mall, Nr. Gail Tower, New Rander Road, Surat-395009 |
| Mobile No. | : | 9824158563 |
| E-mail | : | devanshree531thaker@gmail.com |
| Contact | : | Mehulbhai Kanubhai Thaker |
| Address | : | A-205, Second Floor, Shreedhar Complex, Opp. Reliance Smart Mall, Nr. Gail Tower, New Rander Road, Surat-395009 |
| Phone | : | 9879541076, 9824158563 |
| Choice | : | Well Educated |
| Note | : | - |
| Gotra | : | Kashyap |
| Nakshatra | : | Revait |
| Rashi | : | Min |
| Nadi | : | Antya |
| Gan | : | Dev |
| Varna | : | Brahman |
| Yoni | : | Gaj |
| Varg | : | Sarp |




નામ : ચિ. રૂદ્રેશ ભરતભાઈ દવે ઊંચાઈ : ૫'–૮'' વજન : ૭૦ કિલો

જન્મતારીખ : ૧૯–૦૫–૧૯૯૭ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૨૦.૪૫ રાત્રે

અભ્યાસ : ડીપ્લોમાં એન્જીનીયરીંગ (ઈલેક્ટ્રીકલ એન્જીનીયર),

બેચલર ઓપ એન્જીનીયરીંગ (ઈલેક્ટ્રીકલ એન્જીનીયર)

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી




માસિક આવક : –

ગોત્ર : ભારદ્વાજ

રાશિ : તુલા

નક્ષત્ર : ચિત્રા

નાડી : મધ્ય

માતાનું નામ : સંધ્યાબેન ભરતભાઈ દવે

ભાઈ/બહેન : ૨ – બહેન – પરણિત

પિતાનું નામ : ભરતભાઈ શંકરલાલ દવે

સરનામું : દવેજીની પોળ સામે, વારાહી માતા મંદિર પાસે, ઉમરેઠ–૩૮૮૨૨૦


ફોન/મોબાઈલ : ૯૭૩૭૦૭૪૬૩૨, ૯૪૨૭૩૮૩૫૩૫

## રત્નકણિકા

- પ્રગતિના આ સમયમાં હાથમાં પકડેલા મોબાઈની કિંમત બાજુમાં બેઠેલા વ્યક્તિ કરતા પણ વધારે થઈ ગઈ છે.
- બધા માનતા હોય એમાં માનવું એ માન્યતા ! પણ કોઈ ન માનતું હોય એમાં માનવું એનું નામ વિશ્વાસ !!
- પાણી તો દરેકને એક જ અપાય છે છતાં પણ, શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે. એનું કારણ પાણી નહીં પણ બીજ છે.
- જ્ઞાન એટલે આપણે શું કરી શકીએ તેનું ભાન અને ભાન એટલે આપણે શું ના કરી શકીએ તેનું જ્ઞાન.
- ઈચ્છાનો અંત એટલે ચિંતાનો અંત અને ચિંતાનો અંત એટલે સુખનો પ્રારંભ.
- જિંદગીની નિશાળ કોઈને અભણ નથી રાખી, અનુભવની ટપલી મારી મારી ઘણું બધું શીખી જ દે છે.
- રેતીને ક્યાં ખબર છે કે તે, સરી જતા સમયની બ્રાંડ એમ્બેસેડર છે.
- સત્ય, સુગંધ અને સાદગી, ધીરે ધીરે પણ દૂર સુધી ફેલાય છે.
- માણસ કેવો છે એ અભિપ્રાય તમે કેવા માણસ પાસેથી લો તેના પર આધાર છે.


| | | |
|---|---|---|
| Name | : | Chi. Harsh Amul Bhatt |
| Height | : | 178 CM |
| Weight | : | 63 Kg. |
| Birth Date | : | 07-01-1996 |
| Birth Time | : | 06.32 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B. Tech. (Electrical),<br>M. S. Industrial Engineering (USA) |
| Profession | : | Business |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Hema Amul Bhatt |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Babubhai Harilal Joshi |
| Father | : | Amul Balvantray Bhatt |
| Address | : | 3/A, Shree Lila Society, Maninagar, Ahmedabad |
| Mobile No. | : | 9825013126/9429516901 |
| E-mail | : | amulbhattbjp@gmail.com |
| Choice | : | - |
| Note | : | Father - M.L.A. Maninagar |

| | | |
|---|---|---|
| Gotra | : | Lankanash |
| Nakshatra | : | Pushya |
| Rashi | : | Kark |
| Nadi | : | Madhya |
| Gan | : | Dev |
| Varna | : | Brahmin |
| Yoni | : | Mesh |
| Varg | : | Mesh |




નામ : ચિ. જયરાજ રૂદ્રદત્ત શેલત
ઊંચાઈ : ૫'–૫''
વજન : ૬૮ કિલો
જન્મ તારીખ : ૦૧–૧૨–૨૦૦૦
જન્મ સમય : ૧૦.૩૮ સવારે
જન્મ સ્થળ : આણંદ
અભ્યાસ : Masters in Industrial Pharmacy and Cosmetic Science
વ્યવસાય : નોકરી
માસિક આવક : –
મૂળ વતન : ઉમરેઠ
માતાનું નામ : ગાયત્રી રૂદ્રદત્ત શેલત
ભાઈ/બહેન : ૧–બહેન–અપરણિત
મોસાળ : બાબુલાલ ચીમનલાલ ભટ્ટ (યુ.એસ.એ.)
પિતા : રૂદ્રદત્ત સુભાષચંદ્ર શેલત
સરનામું : ૮, મેઘદૂત સોસાયટી, ગણેશ ચોકડી, આણંદ–૩૮૮૦૦૧
ફોન નં. : (પિતા) ૯૪૨૭૦૬૩૪૯૦, (માતા વ્હોટસ એપ) ૯૪૨૮૯૦૩૭૭૩, (ગ્રાન્ડ ફાધર) ૯૯૨૫૫૦૬૬૦૦ (ગ્રાન્ડ મધર) ૯૯૦૪૨૭૭૧૮૭
સંપર્ક : માતા – +૧ (૭૧૬) ૫૪૭–૦૪૪૦
સરનામું : ૮, મેઘદૂત સોસાયટી, ગણેશ ચોકડી, આણંદ–૩૮૮૦૦૧
ફોન નંબર : ઉપર મુજબ
પસંદગી : –
નોંધ : શનિ– મંગળ નથી

ગોત્ર : ઉપમન્યસ
નક્ષત્ર : શ્રવણ
રાશિ : મકર
નાડી : અંત્ય
ગણ : દેવ
વર્ણ : વૈશ્ય
યોનિ : વાનર
વર્ગ : માર્જર




| | | |
|---|---|---|
| Name | : | Chi. Ashutosh Jayesh Joshi - Canada - PR |
| Height | : | 5’-7” |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 27-01-1996 |
| Birth Time | : | 09.30 a.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | B.E. Electrical Svit Vasad,<br>PG Diploma - Electrical Technician<br>Form Humbar College, Toronto |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Kalpanaben Jayeshbhai Joshi |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Nadiad |
| Father | : | Jayeshbhai Harivadan Joshi |
| Address | : | 11, Panchvati Society, Karelibaug,<br>VIP Road, Vadodara, Gujarat |
| Phone No. | : | 9428772299 |
| Mobile No. | : | +14372152627 |
| E-mail | : | ashutoshjjoshi@gmail.com |
| Choice | : | - |
| Note | : | Visiting India 5 to 20 October, 2025 |


| | | |
|---|---|---|
| Gotra | : | પૌનસ |
| Nakshatra | : | અશ્વિની |
| Rashi | : | મેષ |
| Nadi | : | આદ્ય |
| Gan | : | દેવ |
| Varna | : | ક્ષત્રિય |
| Yoni | : | અશ્વ |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. દેવાંશુ નિલેષકુમાર ઠાકર |
| ઊંચાઈ | : | ૫'–૧૧'' |
| વજન | : | ૫૫ કિલો |
| જન્મ તારીખ | : | ૦૨–૦૧–૨૦૦૧ |
| જન્મ સમય | : | ૦૮.૫૫ રાત્રે |
| જન્મ સ્થળ | : | આણંદ, ગુજરાત |
| અભ્યાસ | : | બી.ટેક્ કેમીકલ (આઈ.આઈ.ટી. ગાંધીનગર) |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | રૂ. ૧,૪૦,૦૦૦/– |
| મૂળ વતન | : | ઉમરેઠ, હાલ – મણીનગર, અમદાવાદ |
| માતાનું નામ | : | બેલાબેન નિલેષકુમાર ઠાકર |
| ભાઈ/બહેન | : | ૧–ભાઈ–અપરણિત |
| મોસાળ | : | ઘનશ્યામપ્રસાદ ભગવતપ્રસાદ જોષી – આણંદ |
| પિતા | : | નિલેષકુમાર નવીનચંદ્ર ઠાકર |
| દાદા | : | નવીનચંદ્ર લાલશંકર ઠાકર |
| સરનામું | : | એ–૨૪, બિંદુ સોસાયટી, ઘોડાસર, અમદાવાદ–૩૮૦૦૫૦ |
| મોબાઈલ નં. | : | પિતા – ૯૩૨૭૦૨૧૭૭૨, માતા – ૯૪૦૯૨૭૬૨૦૪ |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | સમકક્ષ |
| નોંધ | : | સાદો મંગળ |
| બ્લડ ગ્રુપ | : | બી+ |
| ગોત્ર | : | ગૌતમસ |
| નક્ષત્ર | : | ઉ.ભાદ્રપદ |
| રાશિ | : | મીન |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | બ્રાહ્મણ |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | જળચર |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Kaushal Mehulbhai Thaker |
| Height | : | 5’-9’’ |
| Weight | : | 69 Kg. |
| Birth Date | : | 15-09-1998 |
| Birth Time | : | 04.45 a.m. |
| Birth Place | : | Surat |
| Education | : | B.E. Mechanical, M.B.A. (Marketing) |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 1,60,000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Chetanaben Mehulbhai Thaker |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Kiritbhai I. Vyas, Surat |
| Father | : | Mehulbhai Kanubhai Thaker |
| Address | : | A-205, Second Floor, Shreedhar Complex, Opp. Reliance Smart Mall, Nr. Gail Tower, New Rander Road, Surat-395009 |
| Phone No. | : | 9824158563 |
| E-mail | : | jatinkthaker@gmail.com |
| Contact | : | Mehulbhai Kanubhai Thaker |
| Address | : | A-205, Second Floor, Shreedhar Complex, Opp. Reliance Smart Mall, Nr. Gail Tower, New Rander Road, Surat-395009 |
| Phone | : | 9879541076, 9824158563 |
| Choice | : | Well Educated |
| Note | : | - |
| Gotra | : | Kashyap |
| Nakshatra | : | Punarvasu-1 |
| Rashi | : | Mithun |
| Nadi | : | Adi |
| Gan | : | Dev |
| Varna | : | Shudra |
| Yoni | : | Bilav |
| Varg | : | Marjar |



## રિટાયર્ડ થયા પછી ?

બે ટંક શાંતિથી ભોજન લઇ શકાય એટલા પૈસા ભગવાને આપ્યા હોય તો માણસે રીટાયર્ડ થયા પછી ૬૦–૬૫ વર્ષે પણ શું કામ પૈસા પાછળ દોટ મુકવી જોઈએ ???

"સોલ ગાર્ડન અને હેરોલ્ડ બ્રેચરે" એક પુસ્તક લખ્યું જેનું શીર્ષક છે.

"Life Is Uncertain, Eat Your Dessert First"

જિંદગી અનિશ્ચિત છે, પહેલાં મિષ્ટાન્ન આરોગવાનું રાખો..

મિષ્ટાન્ન એટલે મનગમતી પ્રવૃત્તિઓ, સૌથી મહત્ત્વનું અને સૌથી વધારે ગમતું કામ !

જિંદગી અનિશ્ચિત છે.

એ કડુ સત્ય નિવૃત્ત થયેલા મિત્રો માટે વધારે સાચું છે.

પૈસા ભેગા કરવા દોડતા રહેવું, પદ અને પ્રતિષ્ઠાનો મોહ રાખવો એ બધું યૌવનની પાંખો વીંઝાતી હોય ત્યાં સુધી યોગ્ય છે;

પરંતુ "સાંઠ અને સિત્તેર"ની વય પછી તો આપણી નજર માત્ર પસંદગીની અગ્રિમતાઓ પર જ તો સ્થિર થવી જોઇએ.

ગયા અઠવાડિયે વરિષ્ઠ નાગરિકોની સભામાં સંબોધન કર્યા પછી મેં એક પ્રશ્ન ઉછાળ્યો : "તમારામાંથી કેટલા મિત્રો પૂર્ણકાલીન નોકરી કે ધંધામાં વ્યસ્ત છે?" લગભગ ત્રણસો મિત્રો ત્યાં ઉપસ્થિત હતા. સત્તાવીસ આંગળીઓ ઊંચી થઈ.

મેં બીજો પ્રશ્ન રજૂ કર્યો. આ સત્તાવીસમાંથી કેટલા મિત્રો એવા છે કે જેમણે આજીવિકા માટે કામ કરવું જ પડે એવું છે ?

આખી સભામાં માત્ર ચાર સભ્યો એવા હતા કે જેમણે આવક અને ખર્ચના બે છેડા ભેગા કરવા લાચારીથી કામ કરવું પડતું હતું !!

બાકી રહેલા ત્રેવીસનું શું ? તેઓ જે પ્રવૃત્તિઓમાં જોડાયેલા હોય એ પ્રવૃતિ એમને મનગમતી હોય તો પણ એ ફરજ પૈસા અને પગાર સાથે જોડાયેલી હોવાથી પેલા ત્રેવીસ જણને એમાંથી નિર્ભેળ આનંદ પ્રાપ્ત થાય એવી સંભાવના ખૂબ ઓછી છે.

નિવૃત્તિ પછી આપણી અગ્રિમતા કઈ હોઈ શકે ?

વહેલી સવારે ફરીથી દોડીને ટ્રેન પકડી, બોસની સેવામાં હાજર થઇ જવાની ?

જે ત્રીસમા કે ચાળીસમા વર્ષે કર્યું એ જ જો પાંસઠ/સિત્તેરમાં વર્ષે પણ કરવાનું હોય તો;

ધિક્કાર છે એવી જિંદગીને !!!

"Your Self A Break" માં નોંધે છે, માણસે વૃદ્ધાવસ્થામાં સ્ટ્રેસ જન્માવે એવી પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઇએ. નિવૃત્તિ પછી નિવૃત્ત થવાને બદલે પૈસા, પ્રતિષ્ઠા અને સત્તા મેળવવાના મોહમાં ઘણી બધી જવાબદારીઓ આપણે માથે મારનારો હોદ્દો સ્વીકારીએ તો,

હાર્ટએટેકથી કે ઊંચાં બ્લડપ્રેશરથી અચાનક લાંબી યાત્રાએ નીકળી પડવાની તૈયારી રાખવી પડે.

નિવૃત્તિ પછી માણસે શું કરવું અને શું છોડવું તે નક્કી કરવા માટે પોતાની ઉંમરનો આદર જાળવીને નિર્ણયો લેવા પડે.

ગયા અઠવાડિયે હાથ ધરાયેલા સર્વેક્ષણમાં ૯૦% વરિષ્ઠ નાગરિકોએ પોતાની અગ્રિમતાઓ

નીચેના ક્રમમાં દર્શાવી

સ્વાસ્થ્યની જાળવણી. પરિવારજનો સાથે સમય પસાર કરવો.

પૈસા પાછળ ક્યાં સુધી દોડશો ?

ખૂબ ઓછા–દસ ટકા–વરિષ્ઠ નાગરિકો રૂપિયા કમાવા નોકરી–ધંધે જવાનું કે સત્તા મેળવવા ઊંચું પદ મેળવવાનું પસંદ કરે છે.

આખી જિંદગી, નિવૃત્ત થયા ત્યાં સુધી જે કામ કર્યું એ કામ નિવૃતિ પછી નહીં સ્વીકારવું એ શેષ જીવન શ્રેષ્ઠ રીતે પસાર કરવાનો એક માત્ર વિકલ્પ છે. છોડવા જેવાં આ કામો કયા છે?

કાવાદાવા ખેલવા, વિરોધીઓને માત કરવા, પ્રપંચ રચવો, ઇર્ષા–અદેખાઇમાં રાચવું, પોતાની લીટી લંબાવી શકવાની આવડત ન હોવાથી બીજાની લીટીને ભૂંસતા રહેવું, સૌની સાથે લડાઈ–ઝઘડો કરતા રહેવું . એ બધાં કામો માણસે નિવૃત્ત થતાંની સાથે જ છોડી દેવાં જોઇએ.

સાચું જીવન નિવૃતિ પછી શરુ થાય છે

જો જીવતાં આવડે અને માણતાં આવડે તોપ !

## ALPHABETIC ADVICE FOR YOU

| | |
|---|---|
| A B C | : Avoid Boring Company.. |
| D E F | : Don't Entertain Fools.. |
| G H I | : Go for High Ideas . |
| J K L M | : Just Keep a friend like ME.. |
| N O P | : Never Overlook the Poor |
| Q R S | : Quit Reacting to Silly tales.. |
| T U V | : Tune Urself for ur Victory.. |
| W X Y Z | : We Xpect You to Zoom ahead in life. |

## બોધકથા : પ્રભુ નામ–સુમિરણ કેવી રીતે કરવું ?

આલેખન – સંકલન : વિનોદભાઇ માછી નિરંકારી

એક માણસ ઘોડા ઉપર સવારી કરીને જઇ રહ્યા હતા.ઘોડાને ઘણી જ તરસ લાગી હતી.દૂર કૂવા ઉપર એક ખેડૂત રહેટ ચલાવીને ખેતરોમાં પાણી સિંચી રહ્યા હતા.મુસાફર કૂવા ઉપર આવે છે અને ઘોડાને રહેટથી નીકળતું પાણી પીવડાવવા લાગ્યા પરંતુ જેવો ઘોડો નીચે નમીને પાણી પીવાનો પ્રયત્ન કરે છે તે સમયે રહેટના ઠક–ઠક અવાજથી ગભરાઇને પાછો હટી જાય છે.ફરીથી આગળ વધીને પાણી પીવાનો પ્રયત્ન કરે છે તો ફરીથી રહેટની ઠક ઠક અવાજથી ડરીને પાછો પડી જાય છે.

મુસાફર કેટલીક ક્ષણ આ જોઇ રહે છે પછી ખેડૂતને કહે છે કે થોડા સમય માટે તમારા બળદને રોકી લો જેથી રહેટની ઠક–ઠક અવાજ બંધ થઇ જાય અને મારો ઘોડો આરામથી પાણી પી શકે.ત્યારે ખેડૂત કહે છે કે જેવા બળદો રોકાઇ જશે કે તરત જ કૂવામાંથી પાણી આવવું બંધ થઇ જશે એટલે પાણી તો આ ઠક–ઠક અવાજમાં જ પીવું પડશે.

આવી જ રીતે જો અમે એવું વિચારીએ જીવનની ઠક–ઠક(હલચલ) બંધ થાય પછી અમે સેવા સુમિરણ સત્સંગ ભજન સંન્ધ્યા વંદના વગેરે કરીશું તો તે અમારી ભૂલ છે.અમારે પણ જીવનની ઠક–ઠકમાંથી સમય કાઢવો પડશે તો જ અમે અમારા મનને તૃપ્ત કરી શકીશું નહી તો તે ઘોડાની જેમ હંમેશાં તરસ્યા જ રહી જઇશું.તમામ કામ કરતા રહીને,અમારા તમામ કર્તવ્યકર્મો નિભાવતાં પ્રભુ પરમાત્માનું સુમિરણમાં લાગવું પડશે.

કોઇપણ શબ્દ કે પ્રભુના નામનું જીભથી વારંવાર રટન કરવું તેને સુમિરણ કહેવાતું નથી.સમજદાર જ્ઞાની ભક્તો મહાપુરૂષોની સંગત કરી સેવા સુમિરણ સત્સંગ કરી પોતાનો ઉધ્ધાર કરે છે તથા તેમને જે કંઇ પ્રેમની દૌલત મળી હોય છે તે બીજાઓને વહેંચી, માર્ગ ભૂલેલાઓને જીવનયાત્રાના અંજાન લોકોને સદમાર્ગ ઉપર લાવી પરોપકારનું કાર્ય કરે છે.સેવા,સુમિરણ,સત્સંગમાં સૌથી મોટું વિધ્ન તન–મન–ધનનું મિથ્યા આકર્ષણ છે.તન–મન–ધનનું અભિમાન ના રહે તો ભક્ત સરળ ભાવથી ભક્તિ પથ ઉપર આગળ વધે છે.પ્રભુ સુમિરણથી જ ક્લેશ કંકાશનો વિનાશ થાય છે,સુખ પ્રાપ્ત થાય છે.હરક્ષણ પ્રભુનું સુમિરણ થાય,સંતોનો સંગ મળે તો જ સદબુધ્ધિ પ્રાપ્ત  થાય છે.પરમાત્મા તત્વને જાણીને તેમની સાથે સબંધ જોડીને નામનંમ સુમિરણ કરવું.

હાથમાં માળાના મણકા ફરી રહ્યા છે અને જીભથી રટન થઇ રહ્યું છે,પરંતુ મન તો બીજે ક્યાંક ભટકી રહ્યું હોય તો તેને સુમિરણ કહેવાતું નથી.સુમિરણ કોઇ શબ્દ કે શબ્દોનો સમુહ જ નથી પરંતુ સદગુરૂ દ્વારા પ્રદત્ત સર્વમંગલકારી મહાવાક્ય છે,જેનું સુમિરણ ત્રિવિધ દુઃખહારી તથા સર્વ સુખકારી છે.સર્વવ્યાપક, સર્વશક્તિમાન પ્રભુ પરમાત્માને સદગુરૂ પાસેથી દ્દષ્ટિ  પ્રાપ્ત' કરીને સર્વત્ર જોવા એ "જ્ઞાન'' છે અને જોયા(દર્શન કર્યા) પછી તેમને યાદ કરવા એ "સુમિરણ'' છે.જ્ઞાન એ ગુપ્ત નિધિ છે.સદગુરૂ જ તેને પ્રગટ કરે છે પરંતુ સુમિરણના માટે સદગુરૂના દ્વારા આપવામાં આવેલ મંત્ર એ ગોપનીય નહી, પરંતુ પ્રગટ છે.હરિ પરમાત્માને જાણ્યા વિના સુમિરણનો કોઇ સાર નથી.હરિ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કે સુમિરણ થઇ શક્તું નથી.

સુમિરણનો અર્થ છે પરમ જ્યોતિ સ્વરૂપ પરમાત્મા તથા સાકાર સદગુરૂના પાવન ચરણો તથા સ્વરૂપનું સુમિરણ કરવું.જે વ્યક્તિ વસ્તુ કે સ્થાનને અમે જોયું નથી, ઓળખ્યું નથી, અનુભવ્યું નથી તે વ્યક્તિ વસ્તુ કે સ્થાનનું અમે ગમે તેટલીવાર નામ લઇએ તેમછતાં તે ક્યારેય અમારી કલ્પના કે સુમિરણમાં આવતું નથી.યાદ હંમેશાં તેની જ આવે છે કે જેને અમે જાણીએ છીએ.જેને અમે જોઇ હોય, જેની સામે અમારી ઓળખાણ હોય તે વસ્તુ કે વ્યક્તિનું નામ લેતાં જ તેનો ચહેરો તથા સ્વરૂપ અમારા માનસ પટલ પર ચલચિત્રની જેમ અંકિત થઇ જાય છે.કહેવાનો ભાવ એ છે કે જે સ્વરૂપની યાદ હંમેશાં બનેલી રહે તેને જ સુમિરણ કહેવામાં આવે છે.

સંસારનાં તમામ કાર્યો કરવા છતાં ધ્યાન એક પ્રભુ પરમાત્મામાં લાગેલું રહે, તેને જ સાચું સુમિરણ કહેવામાં આવે છે.આવા જ સુમિરણને પોતાના જીવનનું અનિવાર્ય અંગ બનાવવાની આવશ્યક્તા છે. ઘણીવાર અમે પોતાને ભગવાનનું નામ ઉચ્ચારવાનું શિખવીએ છીએ અને પોપટ સિતારામ–સિતારામ બોલ્યા જ કરે છે તે રાત દિવસ નામનું રટન કર્યા જ કરે છે તેમ

છતાં તે પોતાના જીવનને સુંદર બનાવી શકતો નથી. પોતાને ભક્ત બનાવી શકતો નથી, કારણ કે, તેના સુમિરણમાં શબ્દ જ્ઞાનનો બોધ કે મનનો યોગ હોતો નથી, એટલા માટે સંતો કહે છે કે : "અલ્લાહ બોલીએ ચાહે રામ બોલીએ, પહેલે પહચાનકે ફિર નામ બોલીએ" મનુષ્ય જીવનને સુધારવા માટે સુમિરણ એ શાસ્ત્ર છે. જેનાથી તમામ સંકટો દૂર થાય છે. પ્રભુ સુમિરણથી કેટલાય પવિત્ર આત્માઓ પાવન થયા છે, તેમનો ઉદ્ધાર થયો છે કારણ કે પ્રભુ સુમિરણ જ સુખનો સ્રોત છે અને પ્રભુને ભુલી જવા એ જ દુ:ખ છે.

સુમિરણમાં મનનું સમ્મિલિત થવું એ ખુબ જ આવશ્યક છે. અમારા મનને કાબૂમાં રાખવા માટે અમારે અમારા ગુરૂદેવની છબી પોતાની આંખોમાં, ધ્યાનમાં, મનમાં વસાવવાની છે, તેમના વચનો(પ્રણો)ને અમારી જીવન યાત્રામાં સંગી બનાવી આચરણમાં લાવી અમારૂં કલ્યાણ કરવાનું છે. સુમિરણ દાનવનું માનવ તથા માનવને દેવત્વની તરફ લઇ જાય છે. ગુરૂ પાસેથી પ્રાપ્ત ઇશારા બાદ રત્નાકર ડાકુ સુમિરણના પ્રભાવથી મહાન સંત બની ગયા કહ્યું છે કે : ઉલ્ટા નામ જપે જગ જાના, વાલ્મિકી ભયે બ્રહ્મ સમાના. સુમિરણની દિવ્ય શક્તિની અનુભૂતિ તે ભક્તને જ થાય છે કે જેને પોતાના સદગરૂની કૃપાથી આત્મ સાક્ષાત્કાર કર્યો છે અને જે દરેક સમયે પ્રભુ પરમાત્માનો અંગસંગ અનુભવ કરે છે.

નિત્ય પ્રાત:કાળ ઈશ્વર સુમિરણ કરવું,દરેક સમયે વ્યવહારીક કાર્યો કરતી વખતે પણ ઈશ્વર સુમિરણ ના ભુલવું. દૃઢ વિશ્વાસની સાથે ભગવાનના મંત્રનો જપ(સુમિરણ) કરવો એ વેદસિદ્ધ ભક્તિનો પાંચમો પ્રકાર છે.મનને સ્થિર કરવા નામ–સુમિરણની આવશ્યકતા છે. સુમિરણથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે માટે સદગુરૂએ આપેલ બીજ–મંત્રનું સુમિરણ કરો. પરમાત્માના કોઈ પણ નામનો દૃઢ આશ્રય કરો. મનશુદ્ધિ મંત્ર વગર થતી નથી. ધ્યાન સાથે સુમિરણ કરો. જ્યારે પણ ભગવાનને યાદ કરીએ, નામ સુમિરણ કરીએ ત્યારે એવું ન વિચારવું કે ભગવાન મારી પ્રાર્થના સાંભળે છે કે નહી ? જે સાચા દિલથી યાદ કરે છે તેમની પ્રાર્થના ભગવાન સાંભળે છે.

આલેખન : વિનોદભાઇ માછી નિરંકારી

---

## પ્રભુ ! હૈયાનો અંધાપોના આપતોપ !

અંતર્યાત્રા– શતદલ, લેખક:– ડૉ. સર્વેશ વોરા

સફળતા, સત્તા અને સુખના સમયમાં આપણું સત્યાનાશ કરવા માટે આપણી અંદર છુપાઈને સતત પ્રવૃત્ત રહેનાર 'પાંચમી કતારિયો' હોય તો તે છે "હૈયાંનો અંધાપો'' દુ:ખના સમયમાં પણ ભવિષ્યમાં છૂપાયેલી પ્રસન્નતાની ક્ષણો આડે પડદો ધરનાર હોય તો તે છે હૈયાંનો અંધાપો !

સરળ ભાષામાં કહીએ તો વ્યક્તિ સામેની વ્યક્તિની જગ્યાએ પોતાની જાતને મૂકવાનું ભૂલી જાય, સંપૂર્ણ બેશરમ કે છાકટો બને અથવા તો પૂર્ણપણે નિરાશ બને ત્યારે એની વિચારવાની શક્તિ સંકુચિત બની જાય છે. દારૂના નશામાં ચકચૂર માણસ ગાળાગાળી કરે અથવા તો ચોધાર આંસુએ રડે ત્યારે તેની વિચારશક્તિ ને આડે દિવાલ આવી ગઈ હોય છે. દુનિયામાં સૌથી ડરીને ચાલવાની જરૂર નથી, પણ એક સત્યથી અચૂક ડરીને સાવચેત

રહેવાની જરૂર છે કે સંજોગો ભારે રહસ્યમય તાકાત છે. ચપટી રજકણ સંજોગોનાં બળે પહાડ પણ ચૂરચૂર બની જાય આટલું સત્ય, જિન્દગીની સફળતા–નિષ્ફળતાની અનિશ્ચિતતા જો સતત હૈયે રહે તો વ્યક્તિ–પરસ્પર સંબંધોમાં છાકટો બનતો અટકે !

તમારી સફળતાના નશાના દિવસોમાં તમારા તરફથી થતો હળાહળ અન્યાય સહન કરતી વ્યક્તિ જ્યારે સામનો ન કરે ત્યારે એ તમારી જીત રખે માનતા ! આજે તર્કબદ્ધ, નિયમબદ્ધ ગણતરીબદ્ધ આયોજનોના જમાનામાં, જરા શાંતિથી વિચાર કરો : કેટલી શક્યતાઓ પર 'તમારો' સ્વતંત્ર કાબૂ છે ? પેલી કહેવત "દુનિયામાં કશું અશક્ય નથી''માં અચૂક પણે "સંજોગો દ્વારા'' શબ્દો ઉમેરવા પડે છે.

બે વ્યક્તિઓ વચ્ચે સંવાદની આડે–હૈયાંનો અંધાપો જ આવતો હોય છે. આથી જ દુશ્મનને સમજાવીને ગેરસમજૂતી દૂર કરવાની વાત મૂર્ખતાભરી કે બેવકુફીભરી લાગે છે. કશીક ગેરસમજૂતી હોય તો તમે તમારી બાજુ રજુ કરીને દૂર કરો, પણ જ્યાં હૈયાં આડે પૂર્વગ્રહની કાળમીંઢ દિવાલ હોય ત્યાં દુનિયાની કોઈ જ તાકાત સંવાદ–સેતુ રચી ન શખે.

"પૂર્વગ્રહ''નું બીજું નામ છે "હૈયાંનો અંધાપો'' "હૈયાના અંધાપા'' સાથે અચૂક જોડીદાર હોય છે અન્યાય અને કાયરતા. હું "પૂર્વગ્રહ''થી પીડાઉં છું એમ કહેતી વખતે હું ભૂલી જાઉં કે અન્ય વ્યક્તિ પણ મારા પ્રત્યે સતત પૂર્વગ્રહથી જોવાની વૃત્તિ રાખશે તો ? કચ્છીમાં કહેવત છે "આંઉં મિણીં કે ચાં, મૂં કે કોઈ ચે તો રુઈ પાં'' હું બધાંને ભાંડું, પણ મને કોઈ ભાંડે તો પરેશાન થઈ જાઉં.

કહેવાય છે કે "ચપટી ધૂળનો પણ ખપ પડે છે'' આ તળપદી કહેવતનું સત્ય કોણે નથી અનુભવ્યું ? આપણે ખોટી નમ્રતા ન કેળવીએ પણ સફળતા અથવા નિષ્ફળતાની પરાકાષ્ઠાની ક્ષણે આપણે અંધ ન બની જઈએ તો આપણાં પોતાનાં હિતનું પોતાની મેળે રક્ષણ થશે. સફળતા કાયમી નથી રહેતી, સત્તા, સુખ કાયમી નથી રહેતા. આટલાં નક્કર સત્યનો અસ્વીકાર તો આપણી બુધ્ધિ પણ નહીં કરે. તો સફળતા કે નિષ્ફળતા વખતે હૈયાંનો અંધાપો ઘેરી ન વળે એ માટે જાગૃત રહીએ તો ?

## ગમ્યું એટલે વહેંચ્યું ?

કિડી ને પગનો દુખાવો નથી થતો કેપ.

હાથીને નથી વિચાર આવતો વજન ઘટાડવાનો.

કરોળિયા ને પડવા નો ડર નથી લાગતો કેપ સમડી ને નથી લાગતો ઊંચાઈનો ડર.

હરણને ઘુંટણનો દુખાવો થતો નથી કેપ સાપને નથી સરકવાનો કંટાળો.

સિંહને શિકારની કદી ચિંતા નથી કેપ જિરાફને થતો નથી કદી મણકાનો ઘસારો.

પાણીમાં પડી રહેતી ભેંસને થતી નથી શરદી કેપ ઊભા ઊભા જીવનાર ઘોડા ને લાગતો નથી થાક.

ટહુકા કરવામાં કોયલનુ ગળુ બેસતું નથી કે પક્ષીઓને જોઈતો નથી બાપનો તૈયાર માળો

આપણને જ ભય – ચિન્તા – ડર – કંટાળો – ઘસારો, તૈયાર વસ્તુઓ, ભોગ – રોગ – થાક શું કામ ?

મનની પશુતા છોડી પશુ પક્ષીઓની જેમ સહજ સરળ જીવીએ તો કેમ ?

તો ચાલો એક વાર પ્રયત્ન તો કરી જોઈએ ?

મને અદભુત શરીર આપનાર હે પરમેશ્વર !! કોઈ અરજી નહોતી કરી કે નહોતી કોઈની ભલામણ હતી, એવુ કોઈ અસામાન્ય કામ પણ નથી છતા માથાનાં વાળથી લઈ અંગૂઠા સુધી ૨૪ ક્લાક ભગવાન તું રકત પ્રવાહિત કરે છે.

જીભ પર નિયમિત લાળ અભિષેક કરે છે. નિરંતર તું મારું હૃદય ચલાવે છે. એને ચલાવવાવાળું એવું કયું યંત્ર તે ફીટ કર્યુ છે હે ભગવાન ?

પગના નખથી લઈ માથાના વાળ સુધી કોઈ અડચણ વગર સંદેશા વહન કરવાવાળી પ્રણાલી કઈ અદ્રશ્ય શકિતથી ચાલી રહી છે એજ કાઈ સમજાતું નથી.

હાડકાને માંસમાં બનવાવાળું રક્ત કેવુ અદ્વિતીય આર્કિટેક્ચર છે એનો કોઈ અંદાજ નથી.

હજાર–હજાર મેગા પિક્સલ વાળા બે–બે કેમેરા દિવસ – રાત બધા દ્રશ્યો કેદ કરી રહ્યાં છે. દસ હજાર ટેસ્ટ કરવાવાળી જીભ નામની ટેસ્ટ, અગણિત સંવેદનાનો અનુભવ કરવાવાળી ત્વચા નામની સેન્સર પ્રણાલી.

જુદી જુદી ફ્રીકવંસીની અવાજ ઉત્પન્ન કરવાવાળી સ્વર પ્રણાલી અને એ ફ્રીકવંસીનું કોડિંગ–ડિકોર્ડિંગ કરવાવાળા કાન નામના યંત્ર વાહ અદભુત છે.

૭૫% પાણી ભરેલું શરીર રૂપી ટેક્કરમાં ચામડી ઉપર લાખો છિદ્ર હોવા છતાં ક્યાંયથી લીક નથી થતું

કોઈ આધાર વગર હું ઊભો રહી શકું છું. ગાડીનાં ટાયર ઘસાય છે, પણ પગનાં તળિયા ક્યારેય ઘસાતા નથી.

કેવી અદ્દભૂત એવી રચના છે. દેખભાળ, સ્મૃતિ, શકિત, શાંતિ આ બધું ભગવાન તું આપે છે તું જ અંદર બેસીને શરીર ચલાવે છે.

અદ્દભુત છે બધું અવિશ્વસનીય.

સમજમાં ના આવે તેવાં શરીર રુપી મશીનમાં હંમેશા તું જ છે.

એનો અનુભવ કરાવવાવાળો આત્મા ભગવાન તે એવો કૈક ફીટ કરી દીધો છે કે હવે શું તારી પાસે માંગુ ?

તારા આ ખેલનો નિસ્છલ નિસ્વાર્થ પ્રેમનો ભાગ રહું એવી સદ્દબુદ્ધી મને આપો.

તું જ આ બધું સંભાળે છે એનો અનુભવ મને હંમેશા રહે, રોજ પળપળ કૃતજ્ઞતાથી તારો ઋણી હોવાનું સ્મરણ, ચિંતન હોય એવી પરમેશ્વરનાં ચરણોમાં પ્રાર્થના હંમેશા કરતો રહું તેવી પ્રેરણા આપતો રહેજે.

– જય શ્રીકૃષ્ણ

# મને અદભુત શરીર આપનાર હે પરમેશ્વર !!

કોઈ અરજી નહોતી કરી કે નહોતી કોઈની ભલામણ હતી, છતા માથાનાં વાળથી લઈ અંગૂઠા સુધી ૨૪ કલાક ભગવાન તું રક્ત પ્રવાહિત કરે છે.

જીભ પર નિયમિત લાળ અભિષેક કરે છે.

નિરંતર તું મારું હૃદય ચલાવે છે. એને ચલાવવાવાળું એવું કયું યંત્ર તે ફીટ કર્યુ છે હે ભગવાન ?

પગના નખથી લઈ માથાના વાળ સુધી કોઈ અડચણ વગર સંદેશા વહન કરવાવાળી પ્રણાલી કઈ અદ્રશ્ય શક્તિથી ચાલી રહી છે એજ કાઈ સમજાતું નથી.

હાડકાને માંસમાં બનવાવાળું રક્ત કેવુ અદ્વિતીય આર્કિટેક્ચર છે એનો કોઈ અંદાજ નથી.

હજાર-હજાર મેગા પિક્સલ વાળા બે-બે કેમેરા દિવસ - રાત બધા દ્રશ્યો કેદ કરી રહ્યાં છે. દસ હજાર ટેસ્ટ કરવાવાળી જીભ નામની ટેસ્ટર, અગણિત સંવેદનાનો અનુભવ કરવાવાળી ત્વચા નામની સેન્સર પ્રણાલી..

જુદી જુદી ફ્રીક્વંસીની અવાજ ઉત્પન્ન કરવાવાળી સ્વર પ્રણાલી અને એ ફ્રીક્વંસીનું કોડિંગ-ડિકોર્ડિંગ કરવાવાળા કાન નામના યંત્ર વાહ અદભુત છે..

૭૫% પાણી ભરેલું શરીર રૂપી ટેક્રરમાં ચામડી ઉપર લાખો છિદ્ર હોવા છતાં ક્યાંયથી લીક નથી થતું

કોઈ આધાર વગર હું ઊભો રહી શકું છું.. ગાડીનાં ટાયર ઘસાય છે, પણ પગનાં તળિયા ક્યારેય ઘસાતા નથી.

કેવી અદ્દભૂત એવી રચના છે. દેખભાળ, સ્મૃતિ, શક્તિ, શાંતિ આ બધું ભગવાન તું આપે છે તું જ અંદર બેસીને શરીર ચલાવે છે.

અદ્દભુત છે બધું અવિશ્વસનીય.

સમજમાં ના આવે તેવાં શરીર રુપી મશીનમાં હંમેશા તું જ છે.

એનો અનુભવ કરાવવાવાળો "આત્મા" ભગવાન તે એવો 'ફીટ' કરી દીધો છે કે હવે શું તારી પાસે માંગુ?

બસ એક જ માંગુ છું.

તારા આ ખેલનો નિસ્વાર્થ પ્રેમનો ભાગ રહું એવી "સદ્દબુદ્ધિ" મને આપો.

તું જ આ બધું સંભાળે છે એનો અનુભવ મને હંમેશા આપો, રોજ પળપળ કૃતજ્ઞતાથી તારો ઋણી હોવાનું સ્મરણ મને આપો.

હે પ્રભુ, કાલ રાત સુધીની સરસ જિંદગી માટે અને આજની સરસ સવાર અને સરસ દિવસ માટે હું તારો આભાર વ્યક્ત કરું છું.

આભાર પરમ કૃપાળુ પરમાત્મા !

# મિત્ર એટલે એક મલ્ટીપરપઝ મોડાલીટી

શું તમારો ફ્રેન્ડ તમારે માટે ગોળી ખાઈ શકે ?

- રઈશ મણિયાર (હાસ્યલેખ)

ઇંટરવ્યૂ લેવા માટે મૈત્રી નામની ઇસમએ મને ફોન કર્યો. આમ તો ઇંટરવ્યૂ આપવો એ લેખકોની પ્રાણપોષક પ્રવૃત્તિ છે પણ આ ઇસમએ પ્રાણઘાતક પ્રસ્તાવ મૂક્યો, “ઇન્ટરવ્યૂ તમારો નથી કરવાનો, ‘વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે’ નિમિત્તે તમારા મિત્રનો કરવાનો છે !”

મેં કોન્ફરન્સ કૉલ કરીને હસુભાઈને સાથે લીધા અને ઇંટરવ્યૂ શરૂ થયો. પછી મારે ઝાઝુ ઇંટરફિયરન્સ કરવાનું આવ્યું નહીં.

મૈત્રી : અંતરંગ મિત્રતા એટલે શું ?

હસુભાઈ : ટોયલેટની સીટ પર બેઠાબેઠા જેની સાથે વાત થઈ શકે અને ફ્લશ કરતી વખતે ફોન ન કાપવો પડે એને અંતરંગ મિત્રતા કહેવાય.

મૈત્રી : ફ્રેન્ડ અને બેસ્ટ ફ્રેન્ડમાં શું ફરક ?

હસુભાઈ : જીવન સમુદ્રની લહેરોમાં જે જુવાળની જેમ આવે ને જાય તે ‘ફ્રેન્ડ’ અને એમાંથી જે શેવાળની જેમ તમને ચોંટી જાય તે ‘બેસ્ટ ફ્રેન્ડ’.

મૈત્રી : સાંભળ્યું છે મિત્રો વચ્ચે કોઈને કોઈ સમાનતા હોવી જોઈએ !

હસુભાઈ : સમાનતા છે ખાસ કરીને, અમારા બન્નેની માનસિક બિમારી ‘સેમ ટુ સેમ’ છે.

મૈત્રી : ફ્રેન્ડ ‘ઇંટેલિજંટ’ હોય તો સારું ન કહેવાય ?

હસુભાઈ : ના, આપણી બુદ્ધિ વગરની વાતો ધ્યાનથી સાંભળે, અને પછી બુદ્ધિ વગરની સલાહ આપે એ જ સાચો મિત્ર.

મૈત્રી : તમે પત્ની અને મિત્ર વચ્ચે તમારી લાઈફ કેવી રીતે બેલેંસ કરો છો ?

હસુભાઈ : દિલ વગરની વ્યક્તિ સાથે વાત કરવાનું મન હોય ત્યારે પત્ની સાથે વાત કરું અને મગજ વગરની વ્યક્તિ સાથે વાત કરવાનું મન હોય ત્યારે મિત્ર સાથે વાત કરું.

મૈત્રી : શું એ વાત સાચી છે કે સાચો દોસ્ત એ છે જે તમને એકલો પડવા ન દે.

હસુભાઈ : હા, સાચો દોસ્ત એ છે જે તમને એકલો પડવા ન દે, સતત સતાવ્યા જ કરે!

મૈત્રી : પણ મિત્રતામાં મિત્રને સ્પેસ ન આપવી જોઈએ ?

હસુભાઈ : સ્પેસ આપવી જોઈએ. જેથી એ વચ્ચેવચ્ચે એકલો કમાઈને લાવે, જેથી ભેગા થઈ ખર્ચી શકાય.

મૈત્રી : તમે એકબીજાની કુથલી કરતા હશો ને ?

હસુભાઈ : અમે એકબીજાની કુથલી નથી કરતા, ભેગા થઈ ત્રીજાની કુથલી કરીએ છીએ.

મૈત્રી : મિત્રો તો મિત્રો માટે જીવ પણ આપી દેતા હોય છે. શું તમારા ફ્રેન્ડ તમારે માટે ગોળી ખાઈ શકે ?

હસુભાઈ : હા, ઘણીવાર એ મારી સાથે વાત કર્યા પછી ક્રોસીનની ગોળી લે છે.

મૈત્રી : લોકસાહિત્યમાં કહ્યું છે કે સાચો મિત્ર એ જ છે જે ઢાલ સરીખો.

હસુભાઈ : ખબર છે, સુખમાં પાછળ રહે એટલે કે તમારી પાછળ પડી જાય અને દુ:ખમાં આગળ હોય એટલે કે માર પડે ત્યારે ભાગવામાં આગળ હોય.

મૈત્રી : કેટલા મિત્રોનું ગ્રુપ આઈડિયલ કહેવાય ?

હસુભાઈ : બે જ સારા, વધુ ભેગા થાય તો ગેંગ કહેવાય.

મૈત્રી : મિત્રો બાબતે તમારો કોઈ નિયમ ખરો ?

હસુભાઈ : જેને જોઈને નિયમ પાળવાનું મન થાય એ શિક્ષક, જેને જોઈને નિયમ તોડવાનું મન થાય એ મિત્ર !

મૈત્રી : મિત્ર સાથે તમે કઈ ભાષામાં વાત કરતા ?

હસુભાઈ : ઈશારાથી. અથવા સૂરતી. જરૂરપૂરતી.

મૈત્રી : તમારા લાસ્ટ વર્ડ્સ.

હસુભાઈ : પણ હજુ તો મારે જીવવું છે.

મૈત્રી : સોરી ! શતાયુ થાવ અને મિત્રોને સતાવો, આઈ મીન, આ ઇંટરવ્યૂના લાસ્ટ વર્ડ્સ.

હસુભાઈ : મિત્ર એક મલ્ટીપર્પઝ મોડાલિટી જેવો હોવો જોઈએ. એવો હોવો જોઇએ કે દુશ્મનની પણ જરૂર ન પડે.

–સાચા મિત્રોને સમર્પિત

---

## ફુઈનું ફુચારું

ખાંભા ગામની એ આચરાણી હતી.

આચરાણીને માથે બહુ વસમી વેળા આવી પડી. આચર મરી ગયો.

અને દેશમાં દુકાળ પડ્યો. રાબ વિના છોકરાં રીડિયારમણ કરવા મંડ્યાં. દુખિયારી બાઈના મનમાં પોતાના ભાઈની એક જ ઓથ રહી હતી.

પાડોશીને બે હાથ જોડી વિનવણી કરી : “બાપુ, બે દિવસ મારાં ગભરુડાંને ટીપું ટીપું રાબ પાજો, ત્યાં હું મારા ભાઈને ઘેર આંટો જઈને આવતી રહું છું.”

મિતિયાળા ગામમાં પોતાનો સગો ભાઈ રહે છે. ખાંભેથી પોતે હોંશે હોંશે મિતિયાળે ગઈ.

ઘરના બારણામાં જ ભાઈને ઊભેલો ભાળ્યો; પણ ભાઈને તો કળજુગે ઘેરી લીધો હતો.

“આ લેણિયાત ક્યાંથી આવી?” એટલું બોલીને આચર ઘરમાં પેસી ગયો.

પાછલી છીંડીએ થઈને એણે પલાયન કર્યું.

બહેને આઘેથી ભાઈને ભાગતો ભાળ્યો કે એના પગ ભારે થઈ ગયા. તોય દુ:ખની મારી બહેન પિયરની ઓસરીએ પહોંચી.

ભોજાઈએ પણ મોંમાથી ‘આવો’ એટલું ન કહ્યું. નેવાં ઝાલીને નણંદ ઊભી રહી, એણે ભાભીને પૂછ્યું: “ભાભી ! મારો ભાઈ ક્યાં ગયો?”

“તમારા ભાઈ તો કાલ્યુંના ગામતરે ગયા છે?”

ધરતી મારગ આપે તો સમાઈ જવાનું બહેનને મન થયું. એણે નિસાસો મૂક્યો. એ પાછી વળી ગઈ. ભાભી કહે : “રોટલા ખાવા તો રોકાઓ.”

“ભાભી ! હસીને જો સોમલ દીધું હોત તોય પી જાત.” એટલું કહીને બહેન તો મૂંગી મૂંગી

ચાલી નીકળી. પણ એની આંખમાં શ્રાવણ ને ભાદરવો વરસવા માંડ્યા. બોર બોર જેવાં પાણીડાં પાડતી ચાલી જાય છે. માથે લીંબડાની ઘટા ઝળૂંબી રહી છે અને છીંક આવે એવા ચોખ્ખાફૂલ ઓરડાની લીંપેલી ઓસરીએ જબ્બર ડિલવાળો જોગડો ભગત બેઠો બેઠો હોકો પીએ છે.

જોગડો બાઈને નાની હતી ત્યારથી ઓળખતો હતો. બહેનને જોતાં જ હરખમાં આવી જઈને રસ્તા ઉપર આડો ફર્યો : પૂછ્યું : “કાં, બાપ આમ રોતી કાં જા ?”

“જોગડાભાઈ ! મારે માથે દુ:ખના ડુંગરા થયા છે; પણ દુ:ખ મને રોવરાવતું નથી; મારો માનો જણ્યો ભાઈ મને દેખીને મોઢું સંતાડે છે, ઈ વાતનું મને રોવું આવે છે.”

“અરે, ગાંડી, એમાં શું રોવા બેઠી? હુંય તારો ભાઈ છું ના ! ઊઠ, હાલ્ય મારી સાથે.”

જોગડો એ બાઈને જીભની બહેન કહી અંદર લઈ ગયો. એક કળશી જુવાર લઈને ગાડું ભર્યું; રોકડ ખરચી આપી; પોતાના છોકરાને કહ્યું: “બેટા, ફુઈને લઈને ખાંભે મૂકી આવ્ય, અને દાણા ફુઈને ઘેર ઉતારી મેલજે.”

ગાડું જોડીને છોકરો ફુઈની સાથે ચાલ્યો. વિધવા આયરાણી પોતાના મનમાં આ સંસારના સાચજૂઠ ઉપર વિચાર કરતી ચાલી ગઈ. તે દિવસથી જાણે એને પોતાનો ખોવાઈ ગયેલો માજાયો મળ્યો. અંતરમાંથી સંસારનાં ઝેર ઉતરી ગયાં.

બહેન ગયા પછી જોગડાની બાયડી આવીને બોલી : “ભગત, મને લાગે છે કે તમારે ને મારે છેટું પડી જાશે.”

“કેમ ?”

“જુઓ, ભગત ! છોકરો જો ખરેખર તમારા જ લોહીનો હશે, તો તો ગાડું ને બળદ એની ફુઈને આપીને આવશે; અને જો મારી જાતમાં કંઈ ફેરફાર હશે તો ગાડું–બળદ પાછાં લાવશે.”

“અરે, મૂરખી ! એવા તે વદાડ હોય ! એ છોકરું, બાપડો એવી વાતમાં શું સમજે ? એ તો મોટેરાંએ કહ્યું હોય એટલું જ કરે ને ? અને આપણે કોઈ દી ક્યાં શીખવ્યું છે કે કહ્યું છે ?”

“ભગત, જો શીખવવું કે કહેવું પડે, તો પછી નવ મહિના ભાર વેંઢાર્યો તેનું મા’તમ શું ?”

બીજે દિવસે છોકરો હાથમાં એકલી રાશ ઉલાળતો ઉલાળતો ઘેર આવ્યો. સાંભળીને પૂછ્યું : “બેટા ! ગાડું–બળદ ક્યાં ?”

“ફુઈને દીધાં.”

“કાં ?”

“બાપા, તમે એના ભાઈ થઈને એને કાપડું દીધું અને હું ફુઈને ફુયારું ન આપી આવું?”

મા બોલી : “રંગ છે, બેટા ! હવે ભગતનો દીકરો સાચો !”

–ઝવેરચંદ મેઘાણી

# છુટાછેડા

કૌશિકભાઇ એક નિવૃત્ત જજ હતા, તેઓને આજે કોઈ કારણોસર બહારગામ જવાનું થયું હતું એટલે રેલવે ના માધ્યમથી તેઓ બહારગામ જઈ રહ્યા હતા.

તેઓ ટ્રેનમાં અંદર પ્રવેશીને પોતાની સીટ ને શોધીને તેમાં બેસે છે, હજુ કૌશિકભાઇ બેસ્યા હતા એવામાં જ તરત જ સામે બેઠેલી એક સુંદર અને સુશીલ જણાતી છોકરી પ્રેમથી કૌશિક ભાઈ ની સામે જોઈને હસીને અભિવાદન કર્યું, "નમસ્કાર, જજ અંકલ."

તે છોકરીની ઉંમર લગભગ ૨૦ થી ૨૫ વર્ષની વચ્ચે હશે. કૌશિક ભાઈ ને અભિવાદન સાંભળીને આશ્ચર્ય થયું કે આ છોકરી કોણ છે અને તે કેવી રીતે જાણે છે કે હું જજ છું? અને સાથે સાથે અંકલ કહીને પણ બોલાવે છે એટલે તે જરૂર કોઈ મારા ભૂતપૂર્વ સાથી કર્મચારી ની દીકરી હશે અથવા તેઓના કોઈ નજીકના સંબંધીની પુત્રી હશે.

કૌશિકભાઇ બેઠા બેઠા આ બધું વિચારી રહ્યા હતા, એટલે પેલી છોકરી કૌશિકભાઇનું થોડું જોખમ ભર્યું મોઢું જોઈ અને હસીને કહ્યું, "જજ અંકલ, તમે મને નહી ઓળખો." હું જ્યારે તમારા કોર્ટમાં આવી હતી ત્યારે મારી ઉંમર લગભગ દસ વર્ષની જ હતી. તે સમયે તમે માધુપુર ની ડિસ્ટ્રિક્ટ ફેમિલી કોર્ટમાં જજ હતા.

પેલી છોકરીની આ વાત સાંભળીને જજ સાહેબે તેને કહ્યું કે અરે આ તો ખૂબ જ જૂની વાત છે અને હાલ તો મને નિવૃત્ત થયાને પણ ત્રણ વર્ષ થઇ ગયા છે. આટલી જૂની વાતો તો ક્યાં કોઇને યાદ રહી શકે? અને આમ પણ દિવસ દરમિયાન સેંકડો લોકો તે કોર્ટની મુલાકાત લેતા.

સહજ વાત છે કે વર્ષો પહેલાની આ વાતને યાદ રાખવા માટે કોઈપણ કેવી રીતે સક્ષમ હોઈ શકે ? તેમ છતાં કૌશિકભાઈ હજુ પણ પેલી છોકરી ને યાદ કરવાની કોશિશ કરી રહ્યા હતા એટલે ફરી પાછું તેનું મૂંઝવણ ભર્યું મોઢું જોઈને છોકરીએ તેને કહ્યું. અંકલ, મારું નામ અંકિતા છે. એ સમયે મારા માતા–પિતાના છુટાછેડાનો કેસ તમારી કોર્ટમાં ચાલી રહ્યો હતો અને તે કેસની કાર્યવાહી દરમિયાન તમે મને એક દિવસ પૂછ્યું હતું કે બેટા, તું કોની સાથે રહેવા માંગે છે ?

છોકરીએ આટલું કહીને જજ સાહેબને જૂની વાત યાદ કરાવવાની કોશિશ કરી. હજુ તો છોકરી આગળ કંઈપણ બોલે તે પહેલા કૌશિકભાઇ એ કહ્યું અરે બેટા અંકિતા તું !

કૌશિકભાઈએ છોકરી અને તેના માતા–પિતાના કેસને કઈ રીતે ભૂલી શકે ? ઘણી વખત કૌશિકભાઈ તેની કોર્ટમાં આવનારા કે અને ઝગડાઓની બાબતને લઈને કંટાળી જતા હતા.

પરંતુ તેની કોર્ટમાં જજ સાહેબની ફરજ દરમિયાન એક કેસ એવો પણ સામે આવ્યો હતો. જેના પરિણામથી જજ સાહેબ સહિત બધા લોકો ખુશ થઈ ગયા હતા. કારણ કે આ કેસનો અંત હતો જ એવો આશ્ચર્યજનક અને આનંદપ્રદ.

કૌશિકભાઇ તેની જૂની યાદોને વાગોળતા કહે છે અરે બેટા અંકિતા, માત્ર હું જ નહિ પરંતુ એ કેસને સંબંધિત જેટલા લોકો હતા તેમાંથી કોઈ પણ તને કઈ રીતે ભૂલી શકે ?

કૌશિકભાઇ એ ફરી પાછું છોકરીને પૂછ્યું, બેટા તું કેમ છો ? તારા માતા–પિતા કેમ છે ? મનમાં ને મનમાં કૌશિક ભાઈ આ છોકરીને મળીને હરખાઈ રહ્યા હતા, અને ખાસ કરીને

છોકરીને ખુશ જોઈને તેઓને ખૂબ જ ખુશી મળી હતી.

અંક્તિા એ જવાબ આપ્યો, અંકલ હું ખૂબ જ ખુશ છું. તમારા કારણે જો હું ખૂબ જ ખુશ છું, અને મારા મમ્મી પપ્પા તો એકબીજા વિના જીવી શકતા નથી, આ જ વર્ષે મારી સિવિલ સર્વિસમાં પસંદગી થઇ છે અને હું તાલીમ લેવા માટે જઈ રહી છું.

અંક્તિાએ પોતાની વાતને આગળ વધારતાં કહ્યું અંકલ જો તમે તે દિવસે વ્યક્તિગત રુચિ ન લીધી હોત તો હું કદાચ સિંગલ પેરેન્ટનું સંતાન હોત. આટલું બોલતા બોલતા અંક્તિા ભાવુક થઈ ગઈ.

કૌશિકભાઇ એ તેને કહ્યું ના બેટા જો તું દિવસે તે સમજદાર બાળકની જેમ કોર્ટમાં ન બોલી હોત, તો તારા માતા–પિતા જીવનના સત્યને સમજી જ ન શક્યા હોત અને એ બંને પોતાના વ્યક્તિગત અભિમાનને કારણે જિંદગીભરનું નુકસાન કરી લીધું હોત.

કૌશિકભાઇ એ પ્રેમથી તેને કહ્યું બેટા તું ખરેખર ખૂબ જ સમજદાર છોકરી છો.

કૌશિકભાઈના આંખની સામે જાણે એ સમયનું ચલચિત્ર ચાલી રહ્યું હોય એ રીતે તેઓને બધું યાદ આવી રહ્યું હતું. એ સમયે તેઓ માધુપુરની ફેમિલી કોર્ટમાં ન્યાયાધીશ હતા અને એ દિવસે અંક્તિાના માતા–પિતાનો છુટાછેડાનો કેસ આવ્યો હતો.

અંક્તિાના માતા–પિતાને કૌશિકભાઈએ તેની પુત્રી સાથે કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું હતું. કોર્ટમાં હાજર થયા પછી શરૂઆતથી જ બંને લોકો ભારપૂર્વક છૂટાછેડાની માંગ કરી રહ્યા હતા. પરંતુ આ એક એવો આજીવનનો નિર્ણય હતો જેમાં ઘણી જિંદગીઓ સાથે જોડાયેલી હતી. એટલા માટે કૌશિકભાઈએ તેઓને એક મહિના માટે વિચારવાનો સમય આપ્યો હતો. પરંતુ તે બંને છૂટાછેડાની વાત પર અડગ રહ્યા હતા. હવે સવાલ એ હતો કે બંને ની દીકરી કોની સાથે રહેશે ?

કૌશિકભાઈ હંમેશા આ પ્રશ્ન બાળક પર છોડતા, અંક્તિા એ સમયે માત્ર દસ વર્ષની જ છોકરી હતી. દેખાવે એકદમ સુંદર અને ખૂબ જ નિર્દોષ. તેનો ચહેરો જાણે આખી કોર્ટમાં કહી રહ્યો હતો કે કોર્ટમાં આવતા પહેલા તે ખૂબ રડી હશે.

જ્યારે અંક્તિાને સાક્ષી બોક્સ પર બોલાવી ત્યારે કૌશિકભાઇ એ હંમેશાની જેમ અંક્તિાને પણ પૂછ્યું કે બેટા તું કોની સાથે રહેવા માંગે છે ?

સામાન્ય રીતે કોઈપણ બાળકને આ સવાલ કરવામાં આવે ત્યારે તે તેની નજીકની વ્યક્તિ સાથે રહેવાનું પસંદ કરે છે. કારણ કે બાળકને શું થઈ રહ્યું છે તે મોટાભાગે ખબર હોતી નથી.

પરંતુ આ કેસમાં એવું ન થયું, થોડા સમય પછી અંક્તિાએ બોલવાનું શરૂ કર્યું "મારો જન્મ આ ઘરે થયો શું તે મારો નિર્ણય હતો ? જો આ નિર્ણય મારા હાથમાં હોત તો ભાગ્યે જ મારો જન્મ આ લોકોના ઘરે થયો હોત. આ લોકો મારા જન્મ માટે સાથે રહી શકે છે, પરંતુ ઉછેર વખતે આ લોકો ક્યાં અધિકાર સાથે અલગ થઈ શકે છે ? જ્યારે મારા જન્મનો નિર્ણય જ મારો ન હતો તો પછી ઉછેરનો નિર્ણય હું કેવી રીતે કરી શકું ? જજ અંકલ, તમે જે પણ કંઈ નિર્ણય લેશો તેની સાથે હું સંમત છું.

આટલું બોલ્યા પછી વધારે અંકિતા કશું ન બોલી શકે.

એક દસ વર્ષની દીકરીના મુખેથી આવી ગંભીર વાત સાંભળીને આખી અદાલતમાં મૌન છવાઈ ગયું. કૌશિકભાઇ પણ પોતાના જીવનમાં પહેલીવાર અદાલતમાં આટલી શાંતી મહેસૂસ કરી રહ્યા હતા.

અચાનક જ એક અવાજ આવે છે અને અદાલતની શાંતિ ભંગ થઈ જાય છે, એ અવાજ કોઈ ના જોરજોરથી રડવા નો હતો. અંકિતાના માતા–પિતા બંને જોર જોરથી રડી રહ્યા હતા.

રડતા રડતા અંકિતાની માતા બોલી મારે છુટાછેડા નથી જોઈતા સાહેબ. મારા પતિ ભલે દારૂ પીવે કે ભલે મને મારે પરંતુ હું તેની સાથે જ રહેવા જઈશ. મારી દીકરી નું જીવન મારા જીવન કે મારી લાગણી કરતાં પણ વધુ મહત્વપૂર્ણ છે. મારી દીકરીને અત્યારે તેના માતા અને પિતા બંને ની મદદની જરૂર છે. જે માતા છુટાછેડા લેવાનું વલણ ધરાવી રહી હતી તેને ભરી અદાલતમાં આવા શબ્દો કહ્યા એટલે બધા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા.

અંકિતાના પિતા જગ્યા પરથી ઊભા થઈને પોતાની પત્ની પાસે જાય છે બંને હાથ જોડીને તેની માફી માંગતા કહે છે મને માફ કરી દે સુધા, હું આપણી દીકરી ના સોગંદ ખાઈને કહું છું હવે હું ક્યારેય દારૂ નહીં પીવું. ક્રૂર દેખાતી વ્યક્તિ આજે જાણે દયાના પાત્ર જેવી લાગી રહી હતી. અંકિતાના માતા–પિતા બંને એ હાથ જોડીને કૌશિક ભાઈ ને કહ્યું, જજ સાહેબ, અમે બંને અમારી છૂટાછેડાની અરજી પાછી ખેંચીએ છીએ.

કૌશિકભાઈએ સામે જવાબ આપ્યો ખુબ જ સરસ, દીકરીનું સુખી ભવિષ્ય આમાં જ રહેલું છે. અદાલતને આશા છે કે તમે બંને લોકો હંમેશા સાથે રહેશો અને પરસ્પર એકબીજા સાથે સારો વ્યવહાર કરશો.

કેસની સમાપ્તિ થયા પછી કૌશિકભાઈએ ખુબ જ ઉત્સાહિત થઈને સમાપ્તિ ઉપર સ્ટેમ્પ માર્યો. આજે મનોમન કૌશિકભાઇ હરખાઈ રહ્યા હતા કારણ કે તેઓની જિંદગી માં આનાથી વધારે રસપ્રદ કે આજ સુધી તેઓએ જોયો નહોતો.

આજે કૌશિકભાઈની કોર્ટ ખરેખર ફેમિલી કોર્ટ જેવી દેખાઈ રહી હતી જ્યાં એક પરિવારનું મિલન થયું હતું.

---

## અમારી વહુ – અમારું ગૌરવ !

એક સાંજે અમે ઘરના બેઠક ખંડમાં બેઠા હતા અને પરસ્પર વાતો કરી રહ્યા હતા.

મારી બહેને એવો એક પ્રશ્ન પૂછ્યો કે જેણે બધાને વિચારતા કરી દીધા.

તેણે પૂછ્યું : ભાઈ, તમે કહી શકો કે વૃદ્ધાવસ્થામાં સાચો આધાર કોણ ? પુત્ર કે પુત્રી ?

મેં હળવા સ્મિત સાથે ઉત્તર આપ્યો કે આ પ્રશ્ન ખૂબ જ સંવેદનશીલ છે. આનો ઉત્તર કેટલાકને સુખી કરી શકે છે અને કેટલાકને દુ:ખી કરી શકે છે.

પરિવારના બાકીના સભ્યોએ પણ આ પ્રશ્નનો ઉત્તર જાણવાનો આગ્રહ કર્યો કે ના ના હવે તો વિગતવાર ઉત્તર આપવો પડશે!

પછી મેં કહ્યું, જો તમે બધા ખરેખર જાણવા માંગતા હો તો સાંભળો :

વૃદ્ધાવસ્થામાં સાચો સહારો પુત્ર કે પુત્રી નથી, પરંતુ ‘પુત્રવધૂ’ છે.

મારી વાત સાંભળીને બધાને થોડું આશ્ચર્ય થયું !

મેં મારી વાત વધુ વિગતવાર સમજાવી : આપણે હંમેશ સાંભળ્યું છે કે દીકરા–દીકરી વૃદ્ધાવસ્થાની લાકડીઓ છે.

વાસ્તવમાં પુત્રના લગ્ન થાય છે અને પુત્રવધૂ ઘરમાં આવે છે ત્યારે ધીમે ધીમે વડીલોની ઘણી ખરી સંભાળ પુત્રવધૂના ખભા પર આવી જાય છે. આમ પુત્રવધૂ તેમની વૃદ્ધાવસ્થામાં માતાપિતા (સાસુ–સસરા)નો સાચો સહારો બને છે.

મેં જોયું કે બધાં વાત ધ્યાનથી સાંભળી રહ્યા છે. મેં વાત ચાલુ રાખી અને કહ્યું, ‘પુત્રવધૂ’ એ છે કે જેને તેના સાસુ અને સસરાની ટેવો અને દિનચર્યા વિશે સંપૂર્ણ માહિતી હોય. તે જાણે છે કે સાસુ–સસરાને સવારે કેવા પ્રકારની ચા ગમતી હોય છે અને કયા સમયે ભોજન જોઈએ છે. સાસુ અને સસરા બીમાર પડે ત્યારે પુત્રવધૂ જ તેમની સંભાળ રાખીને કર્તવ્ય નિભાવે છે.

સહુ ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

મેં વધુ વિગતવાર સમજાવ્યું કે પુત્રવધૂ એક દિવસ પણ બીમાર પડે તો આખું ઘર ખોરવાઈ જાય છે. દીકરો દસ પંદર દિવસ ઘરે ન હોય તો પણ ઘર સરળતાથી ચાલતું રહે છે. આનું કારણ એ છે કે ઘરની અસલી ધરી પુત્રવધૂ છે.

પુત્રવધૂ વિના સાસરિયાંને એમ લાગે છે કે જાણે તેમનો સહારો છીનવાઈ ગયો છે. તેઓ ચાથી લઈને ભોજન સુધીની તેમની નાની નાની આવશ્યકતા માટે સમસ્યાનો સામનો કરવા લાગે છે. દીકરા પાસે એટલો સમય નથી કે તે પોતાના વડીલોની બધી ટેવો અને આવશ્યકતાઓ સમજી શકે. પુત્રવધૂ આ બધી બાબતો સહજ અને સારી રીતે જાણે છે.

મારી વાત સાંભળીને બહેન વિચારમાં ખોવાઈ ગઈ.

મેં આગળ કહ્યું કે મેં ઘણી પુત્રવધૂઓ જોઈ છે કે જેમણે તેમની માંદગી દરમિયાન સાસુ–સસરાની હૃદયથી સેવા કરી છે. તેથી જ સ્તો હું માનું છું કે સાચો સહારો પુત્રવધૂ છે.

મેં બીજી એક અગત્યની પણ વાત ઉમેરી કે સાસુ અને સસરાએ પણ પોતાના વિચારો થોડા બદલવા પડશે. જો તેઓ ‘મારો વહાલો દીકરો’ અને ‘મારી વહાલી દીકરી’ને બદલે ‘મારી વહાલી વહુ’ કહેતા શીખી જાય તો કદાચ પુત્રવધૂનો તેમના પ્રત્યેનો આદર અને પ્રેમ અનેકગણો વધી જાય !

તેથી, માત્ર પુત્રવધૂની ખામીઓ પર ધ્યાન કેન્દ્રિત ન કરો, તેના સારા ગુણોને પણ ઓળખો.

આજનો સંદેશ : તમારી પુત્રવધૂના બલિદાન અને સમર્પણને ધ્યાને લો. તમે પુત્ર કે પુત્રીને દત્તક લો છો તેવી જ રીતે તેને દત્તક લો !

આપણે ગર્વથી કહીએ છીએ કે, ‘મારી દીકરી–અમારું ગૌરવ’ એ જ રીતે ગર્વથી કહેવાનો પ્રયત્ન કરો, મારી વહુ – અમારું ગૌરવ !’

આ સમગ્ર પ્રક્રિયા ધીરજ, સંવેદના અને વિવેક માગી લે છે.

અને, એટલે જ તો ભારતીય પરિવાર એક પાઠશાળા પણ છે.

## સુપ્રીમ કોર્ટના કૌટુંબિક વિખવાદનો ઉકેલ લાવતા નામદાર ન્યાયમૂર્તિ શ્રી દવે સાહેબની અમૂલ્ય અને ઉપયોગી અમલમાં મુકવા જેવી સલાહ.

૧. ક્યારેય તમારા પુત્ર અને પુત્રવધૂને તમારી સાથે રાખવા ઉત્સુક ન બનો. તેમને પોતાની રીતે પોતાનું ઘર લઈ જુદા રહેવા સમજાવો. એમ કરવાથી પુત્ર સાથે અને તેના સાસરિયા સાથે સારા સંબંધો રહે છે અને પુત્ર ને પોતાનું ઘર પોતે જ બનાવવાની જવાબદારી પણ છે, તે હકીકતનું ભાન થાય છે.

૨. તમારી પુત્રવધૂ ને પુત્રવધૂ જ માનો દીકરી નહીં. તેને તમારી મિત્ર માનો. તમે તમારા પુત્ર ને જે રીતે ગણો છો એ રીતે પુત્રવધૂને ન ગણી શકાય, કારણ કે તમે ક્યારેક જો કોઇ વાતે વઢશો કે ઠપકો આપશો તો એ જીંદગીમાં ક્યારેય નહીં ભુલે, કારણ કે તે એવું દૃઢ રીતે માનતી હોય છે કે તેને સુધારવાનો કે વઢવાનો હક ફક્ત ને ફક્ત તેની મા નો છે તમારો નહીં.

૩. તમારો પુત્ર હવે પરણેલો અને વયસ્ક છે અને પોતાનું સારું–નરસુ સમજે છે, એટલે તેની પત્નીના ચારિત્ર્યની અને તેની આદતોને જોવાની જવાબદારી તેની છે, તમારી નહીં. એ યાદ રાખો.

૪. જ્યારે તમે સાથે રહેતા હો ત્યારે પણ એકબીજાની જવાબદારી ફોડ પાડી સમજાવી દેવી. જ્યાં સુધી તમને તમારી પુત્રવધૂ પ્રેમથી વિનંતી ન કરે ત્યાં સુધી રોજીંદા જીવનમાં તેમના છોકરા સાચવવા કે કપડાં ધોવાથી લઈને કોઈ કામ જો તમારાથી થઈ શકે તેમ હોય તો જ તે કરવાની જવાબદારી લેવી અને કામ કરી આપ્યા પછી કોઈ પણ પ્રકારની આશા રાખવી જોઈએ નહીં.

૫. જ્યારે પતિ પત્ની વચ્ચે બોલાચાલી કે ઝઘડાઓ થયા હોય તે બાબતે તમારે બહેરા અને મુંગા થઈ જવું. આજકાલના પુત્ર અને પુત્રવધૂ ને તેમની અંગત બાબતમાં કોઈનો ચંચુપાત ગમતો નથી. આ તેમનો અંગત મામલો છે અને તેનો ઉકેલ તેમને જ લાવવા દો અને આ ઉંમરે આવું થતું જ હોય છે તેમ માનો.

૬. તેમના સંતાનો એ તેમના જ છે અને તેમને કેમ ઉછેરવા તે અને સારા સંસ્કાર આપવાની અને કેમ ભણાવવા તે સૌ જવાબદારી તેમની જ છે તમારી હરગીઝ નથી તે ખાસ સમજો.

૭. તમારી પુત્રવધૂ તમારી લાગણી સમજે, તમારી વાત માને કે તમારી સેવા કરે એ જવાબદારી તમારા પુત્રની છે, પુત્રવધૂની નહીં, તે ખાસ ધ્યાનમાં રાખો. તમે તમારા પુત્રને કેવી રીતે ઉછેર્યો છે અને કેવા સંસ્કાર આપ્યા છે તેના ઉપર બધું નિર્ભર છે.

૮. તમારી નિવૃત્તિનું પ્લાનિંગ તમારી રીતે તમારે જ કરવાનું હોય છે. તેમાં પુત્ર મદદરૂપ થાય તો સારી વાત છે પણ તમારે તેની આશા રાખવી નહીં. તમારી અડધી કરતાં વધુ જીંદગી પસાર થઈ ગઈ છે અને હજુ ઘણું જીવવાનું છે, જોવાનું છે, જાણવાનું છે, માણવાનું છે તેમ સમજી નિવૃત્તિનું પ્લાનિંગ કરવું.

૯. તમારી નિવૃત્તિ કેવી અને કેટલી સુંદર રીતે માણવી એ ફક્ત તમારા ઉપર નિર્ભર છે. જે અને જેટલી શક્ય હોય તે બધી જ મજા કરો અને બને તો તમારી બધી જ બચત બધી જ સંપત્તિ જીવતાજીવત જે યોગ્ય લાગે તે મોજ મજામાં વાપરી નાખો, જેથી ભરપૂર જીંદગી

જીવ્યા નો સંતોષ થાય

૧૦. તમારા Grand Children તમારા પુત્રએ તમારા કુટુંબને આપેલી સોગાદ છે એમ માનો. જેને આપણે મૂડીનું વ્યાજ કહીએ છીએ.

૧૧. હવે લાગણીઓની બહું અપેક્ષા ન રાખવી, નથી મળવાની તેની માનસિક તૈયારી રાખવી, જેથી તૂટી ન જવાય, અને મળતી રહે તો બોનસ માની મનોમન ખુશ રહેવું.

૧૨. તમારા વિના શું થશે એ ચિંતા કર્યા વગર વણજોઈતી લાશોનું વજન લઈને ન ફરવું, તમે ન હતાં ત્યારે આ જગત હતું અને તમે નહીં હોવ ત્યારે પણ આ જગત ચાલતું રહેશે. કદાચ તમારા ગયા પછી સારું પણ ચાલતું હોય.

૧૩. દીકરા દીકરીને સરખું મહત્વ આપવું, સાસરે જતી રહેવાની છે એનો અર્થ એ નથી કે તમોને કામ નહીં આવે, કોઈપણ તકલીફમાં દીકરી જ બધું પડતું મૂકીને આવતી હોય છે. આ છે જીંદગી જીવવાની જડીબુટ્ટી.

---

બાળકોને ઉડવા માટે આકાશ આપો, પણ સાંજ પડે એટલે માળામાં પાછા ફરવાની સમજણ પણ આપો

– મૌલિક જગદીશ ત્રિવેદી – કેનેડા

હું સ્કૂલમાં ભણતો ત્યારે ઘણીવાર મારી સાથે ભણતાં છોકરાઓ ૯ થી ૧૨ માં મૂવી જોવા જતા અથવા તો ખાલી રખડવા માટે મોડી રાત સુધી બહાર રહેતાં. પણ મારા માઁ બાપે મને સ્પષ્ટ કહેલું કે તારે રાત્રે ઘરની બહાર જવાનું નથી.

મૂવી જોવું હોય કે બહાર ફરવું હોય તો દિવસે જઈ આવો.

ત્યારે મને થતું કે ખાલી મારા માતા–પિતા જ મને રાત્રે બહાર જવાની કેમ ના પાડે છે ?

હું એન્જીનીયરિંગ કરવા રાજકોટ મારવાડી કોલેજમાં ગયો ત્યારે ૪ વર્ષમાં એક પણ વાર મારા પપ્પાએ મને ગાડી આપી નહોતી. અમારા ઘરમાં નિયમ હતો કે મારે સુરેન્દ્રનગરની બહાર એકલા ગાડી લઈને જવાનું નહીં. હાઈ વે ઉપર ગાડી ચલાવું ત્યારે પપ્પા હંમેશા બાજુમાં જ બેઠા હોય અને ૧૦૦ ઉપર ક્યારેય સ્પીડ કરવાની નહીં.

૧૦૫ ઉપર સ્પીડ જાય તો પણ પાછળથી મમ્મી ટોકવા લાગે. હું ક્યારેક અકળાઈને બોલું પણ ખરો કે મમ્મી તને સાઇકલ ચલાવતાં નથી આવડતું અને તું મને ગાડી કેમ ચલાવવી એ શીખવાડે છે.

અત્યારે હું કેનેડામાં ત્રણ વર્ષથી ગાડી ચલાવું છું. અહીંયા કાયદા કડક હોવા છતાં હજું પોલીસ દ્વારા મને એક પણ વખત ટિકિટ (દંડ) મળી નથી. અરે ટિકિટ તો દૂર, પોલીસે ક્યારેય મને ઉભો પણ નથી રાખ્યો.

શું એનું કારણ ગાડીની પાછળ બેસીને સ્પીડ બાબતે મને સતત ટોકતી મારી માઁ જ હશે ને ?

સિંગલ ચાઈલ્ડ હોવાં છતાં અને ઘરમાં ગાડી હોવાં છતાં મને સુરેન્દ્રનગર રાજકોટ વચ્ચે ચાર વર્ષ બસમાં મુસાફરી કરાવી એ પિતાને પણ સંપૂર્ણ શ્રેય આપવો પડે ને ?

સંસ્કાર અને સંપતિ બંને જરૂરી છે. પણ, સંસ્કાર વગરની સંપતિનો કોઈ મતલબ નથી

એ વાત હંમેશા મારા મા–બાપ અને પરિવારના વડીલોએ સમજાવી છે. ઘણીવાર એવું લાગ્યું છે કે મારા ઘરમાં અમુક નિયમો વધારે કડક છે.

પણ રાજકોટમાં ૪ વર્ષ અને કેનેડામાં ૬ વર્ષ રહ્યા પછી સમજાઈ ગયું છે કે જીવનમાં એ નિયમો અનિવાર્ય છે.

પોતાના સંતાનોને સંપતિ અને સગવડો આપવી એ મોટી વાત નથી. એતો દરેક માબાપ પોતાની યથાશક્તિ પ્રમાણે આપતાં જ હોય છે. પણ, ક્યાં સમયે આપવી અને કેટલી આપવી એ નક્કી કરવામાં મોટાભાગના મા–બાપ ભૂલ કરતાં હોય છે.

બાળકોને ખુલ્લા આકાશમાં ઉડવા માટે પાંખો આપવી જરૂરી છે, પણ સાંજ પડે એટલે માળામાં પાછું આવી જવું જોઈએ એ સમજણ આપવી પણ એટલી જ જરૂરી છે.

---

"સંયુક્ત પરિવાર તોડીને ભારતને ગ્રાહક બનાવવામાં આવ્યું : એક ખતરનાક ષડયંત્રનું સત્ય

"જ્યારે પરિવારો તૂટે છે, ત્યારે જ બજારો ખીલે છે"

આ માત્ર એક વિચાર નથી, તે એક સંપૂર્ણ વ્યૂહરચના છે.

ભારતની સૌથી મજબૂત વસ્તુ શું હતી ?

મુઘલો ભારતમાં આવ્યા, અંગ્રેજો આવ્યા, અને ઘણા આક્રમણકારો આવ્યા પરંતુ એક વસ્તુ ક્યારેય તૂટતી નથી :–

- આપણો સંયુક્ત પરિવાર.
- એક જ છત નીચે ૩ પેઢીઓ
- વૃદ્ધોનો અનુભવ
- બાળકોમાં વર્ષ
- ખર્ચમાં સામૂહિક્તા
- તહેવારોમાં હૂંફ

આ આપણી વાસ્તવિક "સામાજિક સુરક્ષા" હતી. પેન્શનની કોઈ જરૂર નહોતી, કોઈ એકલતા નહોતી, કોઈ માનસિક સ્વાસ્થ્ય સંકટ નહોતું.

– પશ્ચિમ આ વાતથી કેમ હેરાન થવા લાગ્યું?

– પશ્ચિમી દેશો વસાહતી રહ્યા છે.

– તેમના માટે બજાર સૌથી મોટો ધર્મ છે.

– પરંતુ આવા દેશમાં ભારત, જ્યાં લોકો શેર કરે છે, ઓછો ખર્ચ કરે છે અને સામૂહિક માનસિકતા ધરાવે છે.

– તેઓ તેમના ઉત્પાદનો વેચી શકતા ન હતા.

– તેથી એક ચાલાક રણનીતિ બનાવવામાં આવી

"પોતાના પરિવારોને તોડી નાખો, દરેક વ્યક્તિ એકલા પડી જશે, અને દરેક વ્યક્તિ ગ્રાહક બની જશે."

– આ હુમલો કેવી રીતે થયો ?

૧. મીડિયા દ્વારા સંયુક્ત પરિવારને "ઝઘડાઓનો અડ્ડો", "બોજ" અને "અવરોધ" તરીકે દર્શાવવામાં આવ્યો હતો. વિભક્ત પરિવારને "સ્વતંત્રતા", "આધુનિક", "સ્વ–નિર્મિત" કહીને ગ્લેમરાઇઝ કરવામાં આવ્યો હતો.

યાદ રાખો : ટીવી પર કેટલા શો છે જ્યાં પુત્રવધૂ અને સાસુ વચ્ચેની લડાઈ બતાવવામાં આવે છે, અને ઉકેલ છે – "અલગ!"

૨. ઉપભોક્તાવાદ દ્વારા જ્યારે દરેક દંપતી અલગ રહેવાનું શરૂ કરે છે :–

૧ પરિવાર = હવે ૪ ઘર

૧ ટીવી = હવે ૪ ટીવી

૧ રસોડું = હવે ૪ રસોડાનાં સેટ

૧ કાર = હવે ૪ સ્કૂટર + ૨ કાર

બજાર તેજીમાં છે – અને સમાજ તૂટી ગયો છે.

આ "વિચારક હુમલા" પછી ભારતમાં શું થયું ?

– સામાજિક અધોગતિ :–

– વૃદ્ધો હવે બોજ છે

– બાળકો એકલા છે (અને સ્ક્રીનમાં ખોવાઈ ગયા છે)

– સંબંધીઓ "ઉપલબ્ધ નથી"

– પ્રભાવકોએ મૂલ્યોનું સ્થાન લીધું છે

– માનસિક સ્વાસ્થ્ય સંકટ:–

– પહેલાં, આપણે જે દાદીમા સાથે વાત કરતા હતા, હવે આપણે કાઉન્સેલરો સાથે વાત કરીએ છીએ

– એકલતાને હવે સારવારની જરૂર છે, પહેલા તે પ્રેમથી દૂર થઈ જતી હતી

**બજારના ફાયદા :–**

– દરેક સમસ્યા માટે એક ઉત્પાદન

– દરેક લાગણી માટે એક એપ

– દરેક તહેવાર માટે એક એપ "ઓનલાઈન ઓર્ડર"

– "સબસ્ક્રિપ્શને સંસ્કારનું સ્થાન લીધું છે"

– આજનો પ્રશ્ન – આપણે શું બની રહ્યા છીએ ?

"આધુનિકતા"ની દોડમાં આપણે :–

– એકતા "જૂની" કહેવાય

– માતાપિતાને "અવરોધો" કહેવાય

– પરિવારને "નકામી લાગણી" કહેવાય

– "અનફોલોડ" સંબંધો

– પણ શું તમે વિચાર્યું છે?

– એમેઝોન ફક્ત ત્યારે જ ફાયદો કરે છે જ્યારે તમે દિવાળી પર એકલા હોવ – અને ખરીદી કરો, પરિવાર સાથે ન બેસો.

– ઝોમેટો ફક્ત ત્યારે જ કમાય છે જ્યારે કોઈ માતાનું ભોજન ન ખાતું હોય.

– જ્યારે કોઈ દાદીની વાર્તા ન સાંભળે ત્યારે જ નેટફ્લિક્સ જોશે

– ઉકેલ : આપણે હજી પણ પાછા આવી શકીએ છીએ

– વિચાર કરો સંયુક્ત પરિવાર ફરીથી એક "સંપત્તિ" તરીકે, બોજ નહીં.

– બાળકોને સંસ્કારી બનાવો, ગ્રાહક નહીં.

– વૃદ્ધોને ઘરની બહાર ન કાઢો – તેમના અનુભવો દરેક ગુગલ સર્ચથી ઉપર છે.

– ઉત્સવો ઉજવો, ચીજો નહીં.

– એકલતા ઘટાડવા માટે, એપ્સનો ઉપયોગ ન કરો, આત્મીયતા વધારો.

– નિષ્કર્ષ :–

“પશ્ચિમે વ્યવસાય માટે પરિવારોને તોડી નાખ્યા, અને આપણે ‘આધુનિક’ બનવા માટે આપણું અસ્તિત્વ વેચી દીધું.”

– હવે સમય છે કે આપણે ફરીથી આપણા મૂલ્યોને બંધ કરીએ – નહીં તો આવનારી પેઢીને ‘સંયુક્ત પરિવાર’ શબ્દનો અર્થ સમજાવવા માટે ગૂગલની જરૂર પડશે.

## જિંદગીના મિલેગી દોબારા

શબ્દકમળ : લેખક: કમલેશ જોષી

એક વડીલ બહુ જિંદાદિલ. ક્યારેક એમના ઘરે હાર્મોનિયમ, તબલા, ખંજરી, મંજીરા લઈ ફેમિલી આખું ગોઠવાઈ ગયું હોય અને જુના–નવા ફિલ્મી ગીતોની મહેફિલ મોડી રાત્રી સુધી ચાલે તો ક્યારેક એ વડીલ આખા ફેમિલી સાથે કોઈ ટૉકીઝ, હોટેલ, કે વોટરપાર્કમાંથી હસતાં ખીલતાં બહાર નીકળતા જોવા મળે, ક્યારેક અમારી સોસાયટીના મંદિરમાં સુંદર મજાના ભજનો એ સંભળાવે તો ક્યારેક વડીલોની મંડળી ભરી નાસ્તા–પાણીની જયાફત ઉડાવતા જોવા મળે. એ જયારે પણ મળે તરોતાજા, હસતા–ખીલતા અને મોજીલા મૂડમાં જ જોવા મળે. એક દિવસ એ અમારી સાથે બેઠા હતા ત્યારે અમારામાંથી એક સમજુ મિત્રે જીજ્ઞાસાવશ એમને પ્રશ્ન પૂછ્યો, “દાદા, મેં તમને ક્યારેય સેડ મૂડમાં કે દુ:ખની વાતો કે ભૂતકાળની ભૂલો વાગોળતા જોયા નથી, તમે કાયમ મોજ કરતા અને કરાવતા હો છો. એનું રાઝ શું છે ? મોસ્ટ ઓફ વડીલોના નાકનું ટીચકું હંમેશા ચઢેલું જ જોવા મળે છે. જ્યારે તમે તો સતત ઉત્સાહવર્ધક વર્તન કરતા હો છો. હસતા–મુસ્કુરાતા જ હો છો. તુમ ઈતના ક્યો મુસ્કુરા રહે હો, ક્યા ગમ હૈ જીસકો છુપા રહે હો.” મિત્રે વાક્ય પૂરું કર્યું અને પેલા વડીલ તો ખડખડાટ હસી પડ્યા. “વાહ બેટા, આજે મારી ફીરકી લેવાનું નક્કી કર્યું છે કે શું ?” અમે સૌએ નકારમાં માથું ધુણાવ્યું એટલે એ વડીલે સહેજ ગંભીર થઈ અમારી સૌની ઉપર એક નજર ફેરવી. પછી પેલા સમજુ સામે જોઈ જાણે મંત્ર વાક્ય કહેતા હોય એમ કહ્યું, “બેટા, હું કોઈ ગમ છુપાવતો નથી, વાત બહુ સીધી છે, મેં એક વાત મારી જુવાનીમાં જ સ્વીકારી લીધી હતી કે યે જિંદગી ના મિલેગી દોબારા.” એ અટક્યા. અમે સૌ પ્રશ્નાર્થ નજરે એમને તાકી રહ્યા. અમારી આંખોમાં રમતી જીજ્ઞાસા જોઈ એમને અમારામાં રસ પડ્યો. એક ઊંડો શ્વાસ લઈ એમણે અમારી સાથે ચર્ચા શરુ કરી.

“તમને તમારા ગયા માનવ જન્મનું અંતિમ મનોમંથન યાદ છે ?” એમણે અમને પ્રશ્ન

કર્યો. અમે સૌ વિચારમાં પડી ગયા. સમજુ મિત્રે જવાબ આપ્યો, “આ તમે શું પૂછો છો ? જ્યાં ગયો માનવ જન્મ જ યાદ નથી ત્યાં એ જન્મના અંતિમ દિવસો, કલાકો, મિનિટો દરમિયાન કરેલું મનોમંથન ક્યાંથી યાદ હોય ?” સમજુ અટક્યો. અમે સૌ પેલા વડીલ સામે તાકી રહ્યા. એમણે ઊંડો શ્વાસ લઈ બોલવાનું શરુ કર્યું, “ગયા જન્મનું અંતિમ મનોમંથન તો શું ગયા માનવ જન્મે ઇન્ડિયામાં હતા કે આફ્રિકા, ઓસ્ટ્રેલીયા કે જાપાન, જર્મની કે રશિયા કે શ્રીલંકા એનો આછો અમથો અણસાર સુદ્ધાં આ જન્મે મળતો નથી. એ જન્મે કેટલી મિલકત કમાણા, કેટલા ગાડી–બંગલા–દુકાન–એફ.ડી. બનાવ્યા કે કેટલા સગા–વહાલાઓને સાચવ્યા એની સ્વપ્નમાં પણ કલ્પના નથી આવતી. ગયા જન્મના પુત્રો–પૌત્રો હતા કે નહિ ? હતા તો અત્યારે આપણી એ જન્મની કેટલામી પેઢી ચાલે છે અને એ ક્યાં છે અને એ પેઢી અત્યારે આપણને કાગવાસ નાખતા હશે કે નહિ એની જરાક અમથી ઝલક પણ જો મળી જાય તો એમ થાય કે એ જન્મે કરેલી ‘નેક્સ્ટ પેઢીઓ’ માટેની ચિંતાઓ, એકોતેર પેઢી બેઠી બેઠી ખાય એટલું ભેગું કરી રાખેલું ધન, એ માટે કરેલી માથાકૂટો, ખટપટો, કાળાધોળા, ઉંધા–ચત્તા વગેરે સફળ થયા એમ માની લઈએ. પણ એ જન્મનો એક પણ પુરાવો, ફોટો, સંકેત કે નિશાની ક્યાંયથી મળતા નથી.” આટલું બોલી એ સહેજ અટક્યા. અમે સૌ એમની લાંબી વાત સાંભળી ગંભીર થઈ ગયા.

પેલા વડીલે સહેજ ખોંખારો ખાઈ બોલવાનું શરુ કર્યું. "હું તમારા જેવડો યુવાન હતો ત્યારે અમારા એક વડીલ હોસ્પિટલમાં દાખલ થયા. એમની સેવા કરવાની જવાબદારી મારી હતી. થોડા દિવસોમાં એમનું મરણ થયું. થોડી અંધાધુંધ લાઈફ એ જીવ્યા. છેલ્લા દિવસોમાં કહેતા હતા કે નેક્સ્ટ લાઈફ આ રીતે નથી જીવવી. થોડું સમજીને, વિચારીને, જતું કરીને, હળીમળીને, થોડું ખમીખાઈને, સજ્જનોની આંગળી ઝાલીને, સારા માણસોને ટેકો આપીને, કોઈનું દર્દ મળી શકે તો ઉધાર લઈને કે કોઈના ચહેરા પર મુસ્કુરાહટ લાવવાની કોશિશ કરીને, જરા માણસને શોભે એવી રીતે જીવવું છે. સાવ આમ કૂતરા–બિલાડાની જેમ લાઈફ વેસ્ટ નથી કરી નાખવી.. એ વડીલની આખરી મિનિટોનું મનોમંથન મને છેક ભીતર સુધી ઢંઢોળી ગયું. અને બંદાએ જિંદગીનો ટ્રેક ચેન્જ કરી નાખ્યો. હર ફિકર કો ધુએ મેં ઉડાતા ચલા ગયા, મેં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા." અમારા ચહેરા પર ખુશી છલકાઈ. એ વડીલ બોલ્યા, "એવરી મોર્નિંગને હું મારી લાઈફની ફર્સ્ટ મોર્નિંગ સમજુ છું, મારો બર્થ ડે સમજુ છું, અને આખો દિવસ બર્થ ડે સેલિબ્રેશનના મૂડમાં કાઢું છું, હું મારા લોકો વચ્ચે છું, ઓળખીતાઓ–મિત્રો–પરિચિતો વચ્ચે છું એનો આનંદ માણું છું અને દરેક સાંજને મારી જિંદગીની આખરી સાંજ ગણું છું. સૂતી વખતે, કાલ સવારે ન ઉઠી શકું તો કોઈ અફસોસ ન રહેવો જોઈએ, એવી રીતે આખો દિવસ હું જીવી લઉં છું, અને જો બીજા દિવસે સવારે ઉઠી જાઉં તો અરીસા સામે જોઈ, અરે વાહ! ભગવાને ફરી ઉઠાડ્યો, ફરી એક દિવસ સેલીબ્રેટ કરવા આપ્યો, એ બદલ ભગવાનને થેંક્યું કહું છું અને નીકળી પડું છું સેલિબ્રેશન કરવા..." એ વડીલ આટલું બોલી અટક્યાં અને અંતિમ વાક્ય ઉમેર્યું, "યે જિંદગી ના મિલેગી દોબારા કરતાં એક સ્ટેપ આગળ માનું છું કે યે દિન, યે સુબહ, યે શામ, યે મહેફીલ, યે શમા ફિર ના મિલેગા દોબારા." અમે સૌ અવાચક બની ગયા હતા.

*મિત્રો, રવિવાર ઘણા આવશે, પણ આજનો રવિવાર, આજની સવાર, આજની સાંજ, આજનો દિવસ 'ફિર ના મિલેગા દોબારા'. પાછલા કેટલાય રવિવારો નીકળી ગયા છે, કેટલાય પરિચિતો હવે આપણી દુનિયામાં નથી. કેટલાય પ્રસંગો પસાર થઈ ચૂક્યા છે. આજે એ નથી. આજે જે છે એ તમે છો, તમારી આસપાસના લોકો છે અને એમની વચ્ચેથી પસાર થઈ રહેલી જિંદગી છે. કાલે કે અઠવાડિયા પછી ગમે તેટલી કોશિશ કરીએ, ગમે તેટલી કિંમત ચૂકવીએ 'યે જિંદગી, યે રવિવાર કી સુબહ ઓર શામ ના મિલેગી દોબારા'. હવે પરિચિતોને ઘરે બોલાવી અંતાક્ષરીની મહેફિલ જમાવીને કે ફેમિલી સાથે લોંગ ડ્રાઈવમાં ફરવા નીકળીને કે કોઈ ધાર્મિક સ્થળે જઈ પૂજન–અર્ચન કરીને એને સેલીબ્રેટ કરવી છે કે આખો દિવસ ઘરમાં પુરાઈ રહી, ટીવી જોતા–જોતા, અડધા જાગતા, અડધા ઊંઘતા એને વેસ્ટ કરી નાખવી છે એ આપણે નક્કી કરવાનું છે. પેલા વડીલ તો માને છે કે 'આવતો રવિવાર કદાચ ન પણ મળે... કદાચ આ રવિવાર જિંદગીનો આખરી રવિવાર પણ હોય...' એટલે એ તો આજનો રવિવાર ધામધૂમથી જીવી લેવાના છે. આપણે શું કરવું છે જીવી લેવું છે કે પછી..?*

*– લેખક : કમલેશ જોષી*

---

## ઔર યે મૌસમ હંસીં

*લેખન અને સંકલન: દેવલ શાસ્ત્રી*

*વ્યસ્ત જીવનમાં આકાશના તારાઓ જોવાનું ભૂલી ગયા છીએ. ક્યારેક જંગલમાં ફરવા જઈએ ત્યારે અથવા રાત્રે ગાડીમાં પંક્ચર પડે ત્યારે અંધારાનો લુફ્ત માણીએ છીએ. આમ તો અંધારિયા આકાશનું દર્શન રોજ કરવું જોઈએ, પણ શહેરના વાતાવરણમાં આપણે તેનાથી દૂર થઇ ગયા છીએ.*

*આપણે રાત્રે આકાશમાં તારાઓ તરફ જોઈએ છીએ ત્યારે કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે. આપણે કહેતા પણ હોઈએ છીએ કે 'આવડા મોટા બ્રહ્માંડમાં આપણું અસ્તિત્વ કેટલું સૂક્ષ્મ છેપ' થી શરૂ કરીને 'આ જગત આ બ્રહ્માંડની શરૂઆત કેવી રીતે થઈ હશે' જેવા જાતજાતના સવાલ પર અટકી જઈએ છીએ.*

*બ્રહ્માંડનાં રહસ્યોની શોધમાં હજારો વર્ષો પહેલાં ઋષિઓએ ઋગ્વેદના ૧૦મા મંડળના ૧૨૯મા સૂક્તમાં લખ્યું છે, જેને 'નાસદીય સૂક્ત' તરીકે ઓળખવામાં આવે એક એવું ગીત રચ્યું જેના નાદ એટલે કે ધ્વનિ થકી બ્રહ્માંડના મૂળને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*

*આ સૂક્ત શ્યામ બેનેગલની પ્રખ્યાત ટીવી શ્રેણી 'ભારત એક ખોજ'ના શરૂઆતના લોક તરીકે લોકપ્રિય બન્યું હતું. આ નાદકીય ઉચ્ચારણે લાખો દર્શકોના મનમાં શોધ અને આધ્યાત્મિક ચિંતનની જ્યોત પ્રગટાવી હતી.*

*નાસદીય સૂક્તનું નામ અર્થાત 'ન તો અસ્તિત્વ હતું' શબ્દ પરથી આવે છે. આ સૂક્તના સાત શ્લોક બ્રહ્માંડની શરૂઆતના પ્રશ્નોને એક રહસ્યવાદી ધ્વનિમાં રજૂ કરે છે. સરળ શબ્દોમાં આપણા મનમાં ઉદ્ભવતા પ્રશ્નો પૂછે છે : 'જ્યારે બ્રહ્માંડ નહોતું, ત્યારે શું હતું ? ન તો આકાશ હતું, ન ધરતી, ન દિવસ, ન રાત.*

કદાચ ઊંડું અંધકાર હતું, પણ તેને કોણે ઢાંક્યું હતું એ કોણ જાણે છે?' આ સૂક્તનો છેલ્લો શ્લોક તો એટલો ગહન છે કે તે કહે છે: 'જે આ બધું જુએ છે, કદાચ તે ઈશ્વર પણ નથી જાણતો'

આ સૂક્તનું નાદકીય સ્વરૂપની વિશેષતા છે. જ્યારે આ શ્લોકો ગાવામાં આવે છે, ત્યારે તેની ધ્વનિ મનને શાંત કરે છે અને બ્રહ્માંડના કંપનો સાથે જોડે છે. ભારતીય પરંપરામાં નાદને 'નાદ–બ્રહ્મ' ગણવામાં આવે છે.

આપણે ત્યાં ધ્વનિને પણ ઈશ્વરનું સ્વરૂપ ગણવામાં આવ્યું છે. જવાહરલાલ નહેરુના પ્રસિદ્ધ પુસ્તક 'ડિસ્કવરી ઓફ ઇન્ડિયા' પર આધારિત શ્યામ બેનેગલની સિરિયલ 'ભારત એક ખોજ'ની શરૂઆતમાં આ સૂક્તના શ્લોકોનું ગાયન દર્શકોને ભારતની વૈદિક પરંપરા સાથે જોડતું હતું જે આજે પણ એ સાંભળવું ગમે છે.

નાસદીય સૂક્ત આધ્યાત્મિક અર્થમાં ગહન સંદેશ શીખવે છે કે બ્રહ્માંડનાં રહસ્યોને સમજવા માટે આપણે ગાઢ ચિંતન કરવું જોઈએ. તેનો મુખ્ય વિચાર છે 'અજ્ઞેયવાદ' તરફ એટલે કે બધું જાણવું શક્ય નથી એ વાતને સમજવી પડશે.

'મને બધું આવડે અને અમે બધું જાણીએ છીએ' એ દંભ પર આ સૂક્ત પ્રશ્ન પૂછે છે. વૈદિક ધર્મનું મુખ્ય પુસ્તક લખે છે કે હજી ઘણાં રહસ્યોના તાગ શોધવાના બાકી છે અને તે માટે પ્રશ્નો પૂછવાની વૈદિક પરંપરા અને શોધ ચાલુ રાખવી જરૂરી છે.

નાસદીય સૂક્ત માણસજાતને પ્રશ્ન પૂછે છે કે 'આ સત્ય છે કે અસત્ય એ નક્કી કરવાવાળો તું કોણ છે ? તું જે જાણે છે એ જ સત્ય છે એ ભ્રમમાંથી બહાર નીકળવાની જરૂર છે.'

યુધિષ્ઠિર સ્વર્ગના દરવાજા પર પહોંચ્યા પછી સ્વાગત માટે દુર્યોધનને જોયો. યુધિષ્ઠિર નારાજ થઈને ભગવાનને સવાલ પૂછ્યો હતો કે 'દુર્યોધન જેવી વ્યક્તિ સ્વર્ગમાં શું કરે છે ?' ભગવાને જવાબ આપ્યો હતો કે 'સ્વર્ગમાં કોને સ્થાન આપવું કે ના આપવું એ ય તું નક્કી કરીશ ?!' માણસજાતને જો ભગવાન મળી આવે તો એ ભગવાનને પણ ન્યાય કેવી રીતે કરવો જોઈએ એનું જ્ઞાન આપે. સૂક્ત શીખવે છે કે બધું જાણવું શક્ય હોતું નથી તેથી આપણે જીવનમાં નમ્ર રહેવું જોઈએ.

નાસદીય સૂક્ત ભારતીય પરંપરામાં એક વિચાર એવા દ્વૈતતાને નકારે છે, જેમાં અસ્તિત્વ–અનસ્તિત્વ, મૃત્યુ–અમરત્વ, રાત–દિવસ વિશે કદાચ કોઈને ખબર નથી.

તે એકને બ્રહ્માંડની એકમાત્ર શક્તિ તરીકે દર્શાવે છે, જે અદ્વૈત વેદાંતના ખ્યાલ સાથે સાંકળે છે. આપણે દ્વૈતતાની ભ્રમણામાંથી બહાર નીકળીને એકત્વની દૃષ્ટિ અપનાવવી જોઈએ. આ વાતને સરળતાથી સમજવાની કોશિશ કરીએપ.

નાસદીય સૂક્તના મુજબ જગતનું ન અસ્તિત્વ હતું કે ન અનસ્તિત્વ હતું. શૂન્યતા, અંધકાર અને સૃષ્ટિની શરૂઆતનાં રહસ્યોને ભગવાન વિષ્ણુની કથામાં સરસ રીતે સમજાવવામાં આવ્યું છે. ભગવાન વિષ્ણુને નારાયણસ્વરૂપે અનંત શેષનાગ પર ક્ષીરસાગરમાં શયન કરે છે.

સૃષ્ટિની શરૂઆત પહેલાં વિષ્ણુ શૂન્યની વિશાળતામાં શયન કરતા હતા. એમના નાભિકમળમાંથી બ્રહ્મા પ્રગટ થયા, જેમણે સૃષ્ટિનું નિર્માણ કર્યું. આ કથામાં નાસદીય સૂક્તના

રહસ્યવાદી પ્રશ્ન કિમાવરીવઃ અર્થાત શું ઢાંકી રાખ્યું હતું?ને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નાસદીય સૂક્તમાં સૃષ્ટિ પહેલાંની શૂન્યતા અને અનંત જળનું વર્ણન છે.

શિવ પુરાણ અને અન્ય શૈવ ગ્રંથોમાં એવું વર્ણન છે કે સૃષ્ટિ પહેલાં શિવ એક શૂન્ય અવસ્થામાં હતા. શિવની શૂન્ય અવસ્થામાં ન તો સમય હતો, ન સ્થળ. શક્તિના સંયોગથી પ્રકૃતિ અને પુરુષનું સંતુલન થયું, જેમાંથી સૃષ્ટિનો ઉદ્ભવ થયો.

બૃહદારણ્યક ઉપનિષદમાં એક કથા છે કે સૃષ્ટિ પહેલાં એકમાત્ર આત્મા હતો.

આ આત્મા એકલો હતો અને પોતાને બહુવિધ રૂપે પ્રગટ કરવા માગતો હતો. આ આત્માએ પોતાની ઇચ્છાશક્તિથી સૃષ્ટિનું નિર્માણ કર્યું. આ વાર્તા નાસદીય સૂક્તના કથન ઇચ્છા પ્રથમ પ્રગટ થઈ એ વિચાર વિષે આપણને વિચારતા કરી દે છે.

એક અર્થ એ પણ આપ્યો કે બ્રહ્માંડનું સર્જન ઇચ્છાથી થયું છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહે છે કે શરૂઆતમાં માત્ર સત જ હતું, જેમાંથી સમગ્ર સૃષ્ટિનો પ્રારંભ થયો.

નાસદીય સૂક્ત એ ફક્ત ઋગ્વેદનું એક ગીત નથી, પરંતુ તે બ્રહ્માંડની શોધ, આધ્યાત્મિક ચિંતન, અને સાંસારિક જીવનની પ્રેરણાનું પ્રતીક છે. આધુનિક યુગમાં આપણને પર્યાવરણ સાથે જોડીને મનની શાંતિ મેળવવા પ્રેરે છે.

નાસદીય સૂક્ત એ એક એવું ગીત છે, જે હજારો વર્ષો પછી પણ આપણને બ્રહ્માંડનાં રહસ્યોની યાત્રામાં લઈ જાય છે. એક એવી યાત્રા કે જેના જવાબ શોધવા આજના પણ આધુનિક વિજ્ઞાન માટે અશક્ય લાગે છે.

ધ એન્ડ : 'આ સૃષ્ટિ ક્યાંથી ઉદ્ભવી? કેવી રીતે એની રચના થઈ?' આના જવાબ ઉચ્ચ આકાશમાં રહેતા બ્રહ્માંડના નિરીક્ષક જાણે છે અથવા કદાચ એ પણ નથી જાણતા!

સૌજન્યઃ મુંબઈ સમાચાર

---

## વાત બહુ સરળ લખી છે પણ સમજતા વાર લાગશે.

ગુજરાતી ભાષા સાહિત્યમાં રસ હોવો જોઈએ તો મજા આવશે...

૧. બે સર્જનો મારામારી કરી રહ્યા હતા પૂછતાં માલુમ પડ્યું કે 'અહિંસા' વિશે ડિબેટ ચાલી રહી હતી. – હિતેશ તરસરિયા
૨. ગરમીએ શેઠજીને દવા લેવડાવી, નોકર તો રોજ લીમડો વાટીને પીતો. – પરીક્ષિત જોશી
૩. કેવો લાગુ છું ? શ્યામવર્ણ પતિએ પત્નીને પૂછ્યું. કાળીના એક્કા જેવા.– સંજય ગુંદલાવકર
૪. મારી પાસે ઘર હતું, આજે પૈસા છે. – નિમેષ પંચાલ
૫. બપોરનો તડકો જીવનમાં લાગેલી લાય કરતાય, આજ મીઠો લાગ્યો! – તૃપ્તિ ત્રિવેદી
૬. એ ખુલ્લાં પગે માતાજીના મંદિરે દર્શન કરવા ગયો. માનતા માની. જો મારી પત્ની આ વખતે દીકરો જણસે તો, એ ૧૧ કુંવારીકાને જમાડશે. – દક્ષા દવે
૭. વૃદ્ધાશ્રમમાં બે વેવાણ મળ્યા. આંખો જ બોલી છે વાંક કોનો! – દેવદત ઠાકર.
૮. પત્ની પિયર ગઈ ટીફીનમાં મનપસંદ મળ્યું. – દિવ્યેશ સોડવડીયા
૯. લક્ઝુરિયસ બંગલાના બેડરૂમમાંથી રાત્રે ઊંઘ ન આવવાના કારણે બહાર લટાર મારવા નીકળેલા એક શેઠે ફૂટપાથ પર ઘસઘસાટ ઊંઘતા માણસોને જોઇને કહ્યું કેવી જિંદગી જીવે છે આ લોકો? – નિલેશ શ્રીમાળી પાટણ

૧૦ વરસાદ ખેંચાતા વરૂણદેવને રીઝવવા વિવિધ વૃક્ષના કાષ્ઠનો ઉપયોગ કરી ૧૦૦ કુંડી યજ્ઞ કરવાનો નિર્ણય લેવાયો. –કેતન જોશી

૧૧. આ વધારાનાં વૃક્ષો કાપીને મેદાન સાફ કરો, અહીં વૃક્ષારોપણનો કાર્યક્રમ ગોઠવવાનો છે. –હિતેશ તરસરિયા

૧૨. ગઈ–કાલે પેઇન્ટિંગ કોમ્પિટિશન હતી, વિજેતાઓને ઇનામ આપી દેવાયા છે, હવે આ કાગળ કંઈ કામના નથી, સળગાવી નાખ ક્લાર્ક દ્વિધામાં હતો, દરેક કાગળ પર બાળકોએ લખેલું હતું 'SAVE TREES' – હિતેશ તરસરિયા

૧૩. વૃદ્ધાશ્રમમાં એક નવી સાડીને તરસતી માના દીકરાએ, યમુનાજીનો ચૂંદડી મનોરથ કરાવ્યો. પાછું ફેસબુક પર સ્ટેટ્સ મૂક્યું: "મા ના ખોળે !!!" – નિલેશ ત્રિવેદી

## ખાટલો(ચારપાઈ)–આપણી સૌથી સસ્તી, સરળ અને વૈજ્ઞાનિક શોધ !

કમરનો દુખાવો, સર્વાઇકલ, કમરની સમસ્યાઓ.

આપણા પૂર્વજોએ આ બધાનો ઈલાજ ઘણા સમય પહેલા શોધી કાઢ્યો હતો – ખાટલો

– વિચારો ! જો આપણા પૂર્વજો લાકડા કાપીને ડબલ બેડ બનાવી શકતા હતા, તો પછી તેઓએ દોરડાથી વણાયેલો ખાટલો કેમ બનાવ્યો ? કારણ કે તે ફક્ત બેડ નહોતો – તે સ્વાસ્થ્ય, વિજ્ઞાન અને શાણપણની કળા હતી.

– જ્યારે આપણે સૂઈએ છીએ, ખાસ કરીને ખાધા પછી, પેટને પાચન માટે વધુ લોહીની જરૂર પડે છે.

ખાટલાનો થોડો ઢાળવ શરીરને એ જ આરામ આપે છે, જે મોંઘા ઓર્થોપેડિક બેડમાંથી પણ મળતો નથી.

– પારણું કાપડનું બનેલું હતું, હવે તે લાકડામાં બદલાઈ ગયું છે અને તેને બાળકોની પીઠને બગાડી નાખી છે.

ખાટલા (ચારપાઈ) પર સૂવાથી – કમરનો દુખાવો થતો નથી – પીઠ સીધી રહે છે – શરીરને સંપૂર્ણ એક્યુપ્રેશર મળે છે ! – ડબલ બેડ ભારે છે, નીચે અંધારું છે, ધૂળ, જંતુઓ, બેક્ટેરિયાની ફેક્ટરી ! દરરોજ ઉપાડી અને સાફ કરી શકાતો નથી.

– પણ ખાટલો ? તેને દરરોજ ઊભો રાખો, નીચે સાફ કરો, તેને સૂર્યપ્રકાશમાં ખુલ્લા ઊભો કરો

– કુદરતી જંતુનાશક સારવાર પણ થઈ ગઈ.

– જો ડૉક્ટર કોઈને બેડ રેસ્ટ સૂચવે છે, અને તે અંગ્રેજી બેડ (ડબલ બેડ, દિવાન) પર સૂઈ જાય છે તો – પથારી ના ચાંદા (પિમ્પલ્સ, પીઠમાં ઘા) ૨ દિવસમાં શરૂ થાય છે.

પણ ખાટલો ?

– હવા તેમાંથી પસાર થાય છે, – કોઈ ઘા નથી, – ફક્ત આરામ,

– ઉનાળામાં જાડું ગાદલું = ગરમી + AC

પરંતુ ખાટલો = નીચેથી પણ ઠંડી હવા, AC ની પણ ઓછી જરૂર.

– અને હવે સાચી વાત સાંભળો –

આ દેશી ખાટલો વિદેશમાં ૧ લાખ રૂપિયામાં વેચાઈ રહ્યો છે !

અમેરિકન કંપનીઓ તેને "હસ્તકલાવાળા આયુર્વેદિક ખાટલા" (Handcrafted Ayurvedic cot) ના નામથી વેચી રહ્યાં છે.

અને આપણે ?

- આપણો પોતાનો વારસો છોડીને

- આપણે મોંઘા, રોગગ્રસ્ત આધુનિક બેડ પર પડ્યા છીએ.

- ચારપાઈ (ખાટલો) એ ફક્ત ચાર લાકડાના પગ નથી. તે વિજ્ઞાન, પરંપરા અને સરળતાનો વારસો છે.

જેને આપણા પૂર્વજોએ અનુભવથી બનાવ્યો હતો, અને, આજે આપણે તેને વિચાર્યા વિના છોડી રહ્યા છીએ.

વારસાને ઓળખો, તેને અપનાવો અને તેને ગર્વથી આગળ વધારો.

જય મહાદેવ

---

એક કપલ હતું, તેઓના લગ્ન અને ત્રણ વર્ષ જેવું થવા આવ્યું હતું. કપલ પોતાના માતા-પિતા સાથે નહીં પરંતુ એકલા શહેરમાં રહેતા હતા. માતા-પિતા ગામડે જ રહેતા હતા માતા-પિતા સાથે ફોન કરીને તેઓ લોકો વાતચીત કરી લેતા અને પ્રસંગોપાત ગામડે જવાનું પણ થતું.

લગ્ન કરતાની સાથે જ દીકરો શહેરમાં વસવાટ કરવા માટે આવી ગયો હતો. શહેરમાં તેનો ધંધો પણ સેટ થઈ ગયો હતો. પરંતુ અચાનક જ ધંધામાં મંદીને કારણે ધંધો બંધ કરવો પડ્યો હતો બે વર્ષમાં જ ધંધો બંધ કરવો પડયો એટલે ફરી પાછું શહેરમાં પોતાનું ગુજરાન ચલાવવા માટે બીજો ધંધો ચાલુ કરવો એના કરતાં તેને વિચાર કર્યો કે નોકરી સારી રહેશે આથી તે પોતે હવે નોકરી એ લાગી ગયો હતો. અને નોકરીમાં પણ પગાર ઓછો હોવાથી માંડ માંડ કરીને તે ઘરનું ગુજરાન ચાલતું હતું.

એવામાં એક વખત સાંજે તે નોકરીએથી છૂટીને ઘરે જતો હતો, ઘરે પહોંચીને ઘરનો દરવાજો ખોલ્યો તો સામે જ ઉભેલી પત્નીએ તેને કહ્યું કે ગામડેથી તમારા બાપુજી આવ્યા છે અને ચહેરા પરથી તે કાંઈક તકલીફમાં હોય એવું લાગી રહ્યું છે. આવું કહેતી વખતે પત્નીએ પણ પોતાનું મોઢું બગાડી નાખ્યું હતું.

આટલું સાંભળ્યું ત્યાં જ દીકરાના પણ ચહેરા પરના હાવભાવ ફરી ગયા અને માંડ માંડ ઘરનું ગુજરાત ચાલતું હોય એવામાં જો ગામડેથી બાપુજી આવ્યા હશે તો એ ચોક્કસ કંઈક મદદ માગવા માટે આવ્યા હશે આ સમયે હું કઈ રીતે બાપુજીની મદદ કરીશ? આ વિચાર માત્રથી તે અંદરથી ધ્રુજવા માંડ્યો.

ઘરમાં પ્રવેશતાની સાથે મુરઝાયેલા ચહેરા સાથે જ પોતાના બાપુજી ને પ્રણામ કર્યા અને ગામડાના હાલચાલ પૂછ્યા.

રાત પડી ગઈ હતી અને જમવાનો પણ સમય થઈ ગયો હતો એટલે દીકરાએ પિતાને કહ્યું ચાલો બાપુજી આપણે સાથે જમી લઈએ, હજુ પણ તે બાપુજી સાથે આગ્રહ કરીને વાત તો

કરી રહ્યો હતો પરંતુ તેના ચહેરા ઉપરથી હસી બહાર નીકળી રહી હતી નહીં. કારણકે અંદરો અંદર તેને એવું જ લાગી રહ્યું હતું કે પિતાજી કોઈ મદદ માટે જ આવ્યા હશે.

રાત્રિનું ભોજન પતાવીને બાપુજીએ તેના દીકરાને કહ્યું કે બેટા તારી સાથે થોડી વાત કરવી છે.

બાપુજી આવું કહ્યું તે સાંભળતાં જ તેના દીકરાના હ્રદયમાં ફાળ પડી કે હવે નક્કી બાપુજી પૈસાની માંગણી જ કરશે. શું બાપુજી ને જરા પણ વિચાર નહીં આવતો હોય કે મારી પરિસ્થિતિ કેવી છે? કોઈપણ જાતનો ફોન કર્યા વગર સીધા જ અહીંયા પહોંચી ગયા જો તેને અહીંયા આવતા પહેલા મને ફોન કર્યો હોત તો હું ફોન પર પણ તેને મારી મુશ્કેલી સમજાવી શક્યો હોત.

આવું વિચારીને દીકરો ત્યાં ને ત્યાં જ બેસી રહ્યો, બાજુમાં આવીને બાપુજીએ દીકરા ના ખભા પર હાથ મૂક્યો ત્યારે દીકરાને ખબર પડી કે બાપુજી તેની બાજુમાં આવી ચૂક્યા છે. બાપુજીએ તેના દીકરાને કહ્યું કે તો મહિને એકાદ બે વખત અથવા તો અઠવાડિયે અઠવાડિયે અમને ગામડે ફોન કરી લેતો હતો દીકરા પરંતુ છેલ્લા ચાર મહિનાથી તારો એક પણ ફોન આવ્યો નથી. એટલે તું કોઇ તકલીફમાં હોય એવું મને અને તારી મમ્મીને લાગ્યું હતું.

હું તને અત્યારે બીજી તો કાંઈ મદદ કરી શકું નહીં પરંતુ હા થોડા રૂપિયા નો બંદોબસ્ત કરી ને તારા માટે લઈ આવ્યો છું, હું તો કાલે સવારે પહેલી જ બસ પકડી ને ગામડે જતો રહેવાનો છું પણ આ તને ૫૦૦૦૦ રૂપિયા આપું છું, તારી મમ્મી તારી ખૂબ જ ચિંતા કરતી રહે છે આથી તને દીકરા એટલી એક વિનંતી કરું છું કે મારી સાથે વાત ન કરે તો પણ વાંધો નથી પરંતુ તારા મમ્મીને ફોન કરતો રહેજે. અને હા કોઈપણ જાતની તને મુશ્કેલી હોય તો મને કોઈપણ જાતના સંકોચ વગર બેધડક કહી દેજે. તારા માટે કદાચ જો આપણે જમીન વેચવી પડશે તો એ પણ વેચી નાખશું.

આટલું કહીને દીકરાના બાપુજીએ દીકરાના હાથમાં નોટનું બંડલ મૂકી દીધું, દીકરા ના મોઢે જાણે ડૂમો ભરાઈ ગયો હોય તે રીતે તે કંઈ જ બોલી શક્યો નહીં તેને પોતાના વિચારો પ્રત્યે પણ સહેજ નફરત જેવું થવા લાગ્યું કે જે બાપુજીની મેં માંગવા આવ્યા હશે એવી કલ્પના કરી હતી એ બાપુજી તો મારા માટે હકીકતમાં ભગવાન બની ને આવ્યા હતા.

એક પણ શબ્દ બોલ્યો નહીં માત્ર પોતાની ભીની ભીની આંખોથી પોતાના બાપુજીના ચહેરા સામે જોઈ જ રહ્યો અને તરત જ તેના બાપુજી ને ભેટી પડ્યો.

જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે પરંતુ જે કાયમ આપણી સાથે ઉભા રહેશે તે મોટા ભાગે મા–બાપ જ હોય છે, માતા–પિતા કોઈપણ સંજોગોમાં આપણી સાથે ઉભા રહે છે. આથી માતા પિતાનો આદર કરવો અને તેમને સન્માન આપવું.

આ લેખ માંથી બહાર નીકળતા પહેલા, તમને એક નમ્ર વિનંતી છે કે આ લેખને શેર કરવાનું ચૂકતા નહીં કોઈની આંખ ખૂલી જાય તો આંગળી ચીંધવાનું પુણ્ય મળશે. કમેન્ટમાં આ લેખ તમને કેવો લાગ્યો તે લખી નાખજો.

# દ્રષ્ટિ બદલે તો વ્યક્તિ બદલો !!!

અંતર્યાત્રા– શતદલ લેખકઃ– ડૉ. સર્વેશ વોરા

દ્રષ્ટિ બદલે, ને વ્યક્તિ બદલાઈ જાય છે. આપણું વેદોક્ત પુરુષસૂક્ત હો કે શ્રીમદ્ ભગવદ્ ગીતાનું વિરાટદર્શન હો, એ બન્ને દર્શનોમાં માત્ર ભવ્યતાનો રોમાંચ નથી, માણસના મનોવ્યાપારો, માણસની દ્રષ્ટિની પરાકાષ્ટા ક્યાં જઇને પહોંચે તેનું શ્રેષ્ઠ આલેખન છે.

ધર્મ, ફિલસુફીથી માંડીને આપણાં રોજીન્દા જીવનને દિશા આપે છે આપણી દ્રષ્ટિ, આપણો અભિગમ અને કમાલ તો જુઓ, એ દ્રષ્ટિ બદલાવાની ઘટના માટે જીવન, ચાહે કઠોર કે કોમળ હો ઉબડખાબડ કે સરળ સુંવાળું હો, જીવન એ પહેલી શરત છે. માત્ર સંકલ્પથી, માત્ર ધ્યાનધારણાથી દ્રષ્ટિ બદલાતી નથી, વિરાટદર્શન થતું નથી.

અને માણસની દ્રષ્ટિ વિશાળ બની છે, જાણે કે જીવન ગિરિવરનાં ગુરુશિખર પર પહોંચીને એણે વ્યાપકતાનો પરમ પાવનસ્પર્શ માણ્યો છે, એ આ જાદુઈ ચિત્તકલ્પ પામી ચુક્યો છે, તે જાણવા માટે કોઈ દુન્યવી માપદંડ કામે લાગતા નથી. આવા માણસ સાથે કામ પાડવાનું આવે, તળપદી ભાષામાં કહીએ તો ‘પનારો પાડવાનો આવે’ ત્યારે ખબર પડે છે કે આ ઉદારચરિત વ્યક્તિ દેખાવે ભલે અન્ય જેવો કાળાં માથાંનો માનવી હોય, હકીકતમાં એ વિરલો છે, એને જીવનનાં ઊંચા શિખરો લાધી ગયાં છે, એને વેદોક્ત પરમપુરુષના પ્રકાશની કમસે કમ ઝાંકી તો જરૂર થઇ ગઈ છે.

અનેકવાર જોવા મળે છે કે દુન્યવી ઉપલબ્ધિઓને પદ, સત્તા, હોદાને અંતસ્તલની યાત્રા સાથે સીધો સંબંધ હોતો નથી. અનેકવાર જોવા મળે છે કે શારિરીક વય વધી હોય, સંપત્તિ અને દુન્યવી સુખની ચરબી વધી હોય, દુનિયાની બહિર્યાત્રામાં ઊંચું શિખર સર કર્યું હોય, છતાં દ્રષ્ટિ તો ગીધની જ હોય. મડદું જોયું નથી, નિર્બળ જીવ જોયો નથી ને ફોલી ખાવાની લાલસા જાગી નથી ! એવું અત્યંત વિરલસંયોગમાં બનતું હોય છે કે અંદરની અને બહારની બન્ને યાત્રાઓની ઊર્ધ્વગતિ સાથે સાથે ચાલતી હોય.

પંડિત સુખલાલજીએ ભગવાન મહાવીરની તીર્થંકર પદપ્રાપ્તિ સુધીની યાત્રા માટે જે સંકલ્પના આપી છે એ તાત્વિક રીતે અને સૌન્દર્ય દ્રષ્ટિએ પણ એટલી સુંદર છે કે એ સંકલ્પનાનું સ્મરણ પણ રોમાંચિત કરી દે. પંડિતજી કહે છે કે ‘કમળનાં દળની પાંદડીઓ ખુલે, ને ધીરે ધીરે બધી જ પાંદડીઓ ખુલતાં પૂર્ણવિકસિત કમળ આપોઆપ સમગ્ર વાતાવરણને સુરભિથી તરબતર કરી દે એમ જ ભગવાન ખુલ્યા અને ખીલ્યાં હતા.’ તમે રોજીન્દા વ્યવહારમાં એક વાત નોંધજો. વ્યક્તિ જેટલી વધારે મહાન, એટલી વધારે સાહજિક રીતે અનુકંપાશીલ હશે. આમ થવાનું કારણ છે : યથા પિંડે તથા બ્રહ્માંડે. પિંડ એ બ્રહ્માંડની જ નાનકડી આવૃતિ છે એ હકીકત આજનાં ભૌતિકશાસ્ત્ર માટે ભલે નૂતનશોધ લાગતી હોય, ઉપનિષદકાલીન ઋષિઓ અને કેવળજ્ઞાની તીર્થંકરો તો એ વાત ક્યારનીયે કરી ગયા છે.

હૈયાંનાં જેટલાં વધુ પડળો ખુલે, તેટલો માણસ આ વિશ્વને વધુ જાણી શકે. સાધારણ વ્યક્તિનાં જ્ઞાનમાં અને મહાન વ્યક્તિનાં જ્ઞાનમાં બરાબર એ જ મુખ્ય તફાવત છે કે એક બંધ પાંખડીનું કમળ છે, અને બીજો પૂર્ણવિકસિત પુષ્પરાજ છે. હૈયાંમાં જેટલાં પડળો આડાં આવે, વિશ્વનું ચિત્ર એટલું અધૂરૂં ઝીલાય, ને પરિણામે અનુકંપા પણ એટલી ઓછી હોય. અન્યને સમજવાની દ્રષ્ટિ પણ તે પ્રમાણે મર્યાદિત હોય !

જૈન દર્શને પડળો ખુલવાની કળી વિકસીને પુષ્પ બનવાની, સામાન્યમાંથી લોકોત્તર બનવાની, માત્ર ઇન્દ્રિયગમ્ય મર્યાદિત જ્ઞાનમાંથી બહુપરિમાણીય (મલ્ટીડાયમેન્શનલ) જ્ઞાન વિકસવાની, કેવળજ્ઞાની બનવાની જ્ઞાનયાત્રાનાં પગથિયાં વ્યવસ્થિત રીતે વર્ણવ્યાં છે. ચિત્ત આડેનાં પડ જેમ જેમ ખુલતાં જાય, તેમ તેમ વ્યક્તિ મતિજ્ઞાન, અવવિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, અને છેવટે કેવળજ્ઞાન જેવી ભૂમિકાઓ પ્રાપ્ત કરતો જાય. આથી જ તો વૈશ્વિક કક્ષાની વાત ગ્રહણ કરવા પડળો ખુલવાં એ અનિવાર્ય શરત છે.

## યુવાભૂમિ

લેખક: ડૉ. આશિષ શુક્લ

માણસના જીવનને માણવા જેવું બનાવે તેનું નામ મિત્ર.

આ ટૂંકા ભવની સગાઈમાં માણસના અનેક સંબંધો હોય છે. કેટલાક લોહીના સંબધો હોય તો કેટલાક લાગણીના. મિત્રતાનો સંબંધ એવો સંબંધ છે જે વ્યાખ્યાથી પર છે. મિત્રતામાં અપનત્વ છે એટલે કોઈ અપેક્ષા નથી. એક મિત્ર બીજા મિત્ર પાસે બધો જ હક જતાવશે પણ સામે મિત્ર માટે દરેક વસ્તુ છોડી પણ બતાવશે. અહીં મિત્રની ખામીઓ છોડી ખૂબીઓને ધ્યાને લેવાય છે. મિત્રતાને પવિત્રતા સાથે ખૂબ નજીકનો સંબંધ છે એટલે જ કહેવાય છે કે Friendship is Worship. તો આવતીકાલના ફ્રેન્ડશીપ ડે નિમિત્તે થોડી વાતો થઇ જાય.

કોલેજના વિદ્યાર્થીઓ ક્લાસમાં ફ્રેન્ડશીપ વિષે પોતાનો મત રજુ કરતા હતા. કોઈ કૃષ્ણ અને સુદામાનું ઉદાહરણ આપતા હતા તો કોઈ શિવાજી અને તાનાજીનું. વાસુએ કહ્યું કે દુનિયાના બીજા સંબંધોમાં મિત્રતા મારા મતે વિશેષ છે કારણકે મિત્રો તમને તમારી ભૂલો અને મર્યાદાઓ સાથે સ્વીકારે છે. અગત્યનું તો એ છે કે મિત્ર ક્યારેય મિત્રના અવગુણોને જાહેર કરતો નથી. જતિને કહ્યું કે નાનપણમાં સાંભળેલી પંચતંત્રની વાર્તાઓના માધ્યમથી મિત્રતા આપણા જીવનમાં પ્રવેશે છે. મિત્રતા અને પ્રમાણિકતા એકબીજાના પર્યાય છે. મિત્રો વચ્ચે કોઈ વાત ખાનગી હોતી નથી પણ કોઈને ન કહેવાની વાત હંમેશા ખાનગી જ રહેશે તેની ખાતરી પણ હોય છે. વાતનો દોર આગળ ચલાવતા સુહાની બોલી કે મિત્રતામાં અમીર–ગરીબ અને ઊંચ–નીચના ભેદ ન હોય. મિત્ર ગાળ આપે તો પણ આપણને તેની પાછળનો તેનો લાગણીનો ઉભરો દેખાય જાય છે. એક સાચો મિત્ર પાસે ન હોય ત્યારે પણ હંમેશા આપણી સાથે હોય છે. સાચું કહું તો મિત્રતાના દિવસો નહિ, દાયકાઓ હોય છે.

કોઈ એ પૂછ્યું કે મિત્ર કોણ છે ? તો જવાબ મળ્યો કે જેણે શાળામાં રમત રમતા રમતા મારો હાથ પકડ્યો પછી ક્યારેય છોડ્યો નથી એ મિત્ર છે. હું કોઈ પણ સંકટમાં હોઉં તે મારા માટે સંકટમોચન બને છે. અમારા બંનેમાં એકતા છે અને અમે કોઈ પણ ઘટના કે વાતને સમાન રીતે જ અનુભવીએ છીએ. અમે ભૂલો પણ સાથે કરીએ છીએ અને તેને સાથે મળીને જ સુધારીએ છીએ. અમારી લાગણી સમાન છે એટલે અમારા વિચારો પણ સમાન છે અને કર્મો પણ સમાન છે. અમારા સંબંધો મજબૂત છે અને એકમેક વચ્ચેનું અંતર ઓછું છે. હું તેને ખોટું કરતા અટકાવું છું અને તે મને. મારા મિત્રો મારું વર્તમાન પણ છે અને ભવિષ્ય પણ. કોઈ કામમાં જીત મળે તો મિત્ર તેનો યશ મને આપે છે અને નિષ્ફળતા મળે તો પોતે જવાબદારી લઇ

લે છે. જે મારા જીવની દશા અને દિશા બંને બદલે તે મિત્ર. જે માણસના જીવનને માણવા જેવું બનાવે તેનું નામ મિત્ર.

મિત્રતાનો બૃહદ્ વિચાર રજુ કરતા યજુર્વેદમાં એક મંત્ર આપ્યો છે… "મિત્રસ્યાહં ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષે । મિત્રસ્ય ચક્ષુષા સમીક્ષામહે ।" પ્રાણી માત્રને હું મારા મિત્ર તરીકે જોઉં, એ દરેક પ્રાણીઓ પણ મને મિત્રવત સમજે. મિત્રતા માણસ શીખીએ નથી જન્મતો, એતો નિભાવતા નિભાવતા શીખાય છે. આજે શુભેચ્છાઓ આપવા એટલું કહેવાય કે ફ્રેન્ડશીપ ડે નિમિત્તે ઈશ્વર તમને સારા મિત્રો આપે, જીવનમાં બાકીનું બધું તો આપોઆપ મળી જશે.

સૌજન્ય: ફૂલછાબ

## આજનો મોર્નિંગ મંત્ર

દેવાધિદેવ મહાદેવના ચરણોમાં ડૉ શરદ ઠાકરના વંદન. બ્રહ્માંડમાં એક માત્ર મહાદેવનો પરિવાર જ એવો છે જ્યાં પરિવારના મુખ્ય સભ્ય જ નથી પૂજાતા પરંતુ આખો પરિવાર પૂજાય છે. મહાદેવ અને પાર્વતી તો શિવ અને શક્તિ તત્વ છે જ. પરંતુ અલગ અલગ કારણથી ગણેશજી અને કાર્તિકેય પણ પૂજાય છે. કોઇપણ શુભ કાર્યના પ્રારંભમાં ગણેશજીની પૂજા કરવામાં આવે છે. શ્રી કાર્તિકેય દક્ષિણ ભારતના પ્રમુખ ભગવાન છે. રિદ્ધિ અને સિદ્ધિની આકાંક્ષા કોને નથી હોતી ? લાભ અને શુભ તો આપણા ઘરના પ્રવેશ દ્વાર ઉપર જ સ્થાન પામે છે.

ભગવાન તો ભગવાન, એમના વાહનો પણ પૂજાય છે. પોઠિયો, મોર, ઉંદર, મહાદેવના ગળામાં રહેલો સર્પ, જટામાં રહેલી ગંગા, ચંદ્ર. મા પાર્વતી જેના ઉપર સવારી કરે છે તે સિંહ અને પોઠિયાની આગળ સ્થાન પામતો કાચબો આ બધા આપણા માટે પૂજનીય બની જાય છે.

સૌથી વધારે મહત્વનું એ છે કે આ બધા વાહનો અને પરિવાર સાથે જોડાયેલા જીવો એકબીજાના વેરી છે. સિંહ નંદીને અર્થાત પોઠિયાને ખાઇ જાય છે, મોર સર્પને મારી નાંખે છે, સર્પ ઉંદરને ગળી જાય છે; પરંતુ આ બધા જીવો એક જ પરિવારમાં શાંતિથી અને સંપથી રહે છે. આ સૂચવે છે કે જો પરિવારના તમામ સભ્યો એકબીજાથી વિરોધાભાસી પ્રકૃતિ ધરાવતા હોવા છતાં સંપ, સુમેળ અને સમાધાનથી જીવશે તો જ પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધશે. ॥ ૐ નમઃ શિવાય ॥

**ડૉ. શરદ ઠાકર**

## વાર્તા : 'બહેનની ભેટ'

રક્ષાબંધન પર્વની ભાઈ – બહેનના હેતની લાગણીસભર વાર્તા.

'આ વખતે રક્ષાબંધનમાં બહેનને શું આપીશું ?' સવારના ચા–નાસ્તા સમયે જ રક્ષિતાએ માલવને પુછ્યું.

'એ હું પણ વિચારતો હતો કે રોકડાં આપીએ કે કોઈ ગિફ્ટ ?' માલવે પણ સામે જવાબ આપવાને બદલે પ્રશ્ન કર્યો.

જો કે માલવ અને રક્ષિતા છેલ્લા ત્રણ દિવસથી આ પ્રશ્નની ચર્ચા કરતા હતા પણ કોઇ

નિર્ણય પર આવી શક્યા નહોતા.

'જો કોઇ ગિફ્ટ લાવવી હોય તો અત્યારે મોલમાં ડિસ્કાઉન્ટ છે. હું જોબ પરથી પાછા ફરતી વખતે લેતી આવીશ.' રક્ષિતાએ આખરે ગિફ્ટનો નિર્ણય લીધો.

'સારું તને જે સારી લાગે તે લઇ લે જે અને મને વ્હોટસએપ કરી દેજે.' માલવે તે જવાબદારી રક્ષિતા પર ઢોળી દીધી.

'માલવ જો તું કહે તો આ જન્માષ્ટમીએ પેલું જગદીશ અંકલનું સેકેંડ હેન્ડ સ્કુટી લેવાની ઇચ્છા છે ! તેની કન્ડિશન સારી છે. છેલ્લે ચોવીસ હજારમાં આપશે તેવું કહેતા હતાપ !' રક્ષિતા આ માંગણી કરતા સંકોચાઇ રહી હતી.

'પણ તેટલા રૂપિયા ?' માલવે પ્રશ્ન કર્યો.

'મારી પાસે આઠ હજારની વ્યવસ્થા છે અને બીજા હું મારા પપ્પાને કહીશ તો !' રક્ષિતાને લાગ્યું કે આ વાત માલવને નહી ગમે.

'રક્ષિતા તું પરિસ્થિતિને સમજ દોઢ વર્ષ પહેલા જ પપ્પાની કેન્સરની બિમારીનો અણધાર્યો ખર્ચ. તેમનું મૃત્યુ અને પછી મમ્મીની દવાઓનો ખર્ચ મારી નવી નોકરી ! બધુ એકદમ ગોઠવાઇ જતું નથી. આ તો ઘરની જરુરિયાત છે એટલે તારે જોબ કરવી પડે છે. નહિતર તારે જોબ પણ ન કરવી પડે. થોડી રાહ જો પ્લીઝ ! મને ખબર છે કે તારે નોકરીએ જવામાં બહુ અગવડ પડે છે, થોડી રાહ જો હું જલ્દી તને ગોઠવણ કરી આપીશ અને પ્લીઝ તારા પપ્પાના ઘરેથી નહીં જ, મને નહીં ગમે !' માલવ એટલું કહીને ચૂપ થઇ ગયો.

ત્યાં જ માલવના ફોન પર રીંગ વાગી. માલવની નજર તેની સ્ક્રિન પર પડતા ચહેરા પર ચિંતાની વાદળી હટી ગઈ.

'ઓ મોટીબેન ! સો વર્ષના થશો. હાલ જ હું અને રક્ષિતા તમને જ યાદ કરતા હતા. ક્યારે આવો છો ?' માલવ મોટીબેન અવનિકાનો ફોન રીસીવ કરતા જ ખુશ થઈ ગયો.

માલવે સ્પીકર ઓન કર્યું, 'શનિવારે રાત્રે નવ વાગ્યાની ટ્રેનમાં આવીશ. તારા જીજાજી નહી આવી શકે, પણ તારી લાડકવાયી ભાણી માલવિકા તો તને મળવા કેટલાય દિવસથી રાહ જોઇને બેઠી છે !' અવનિકા પણ ખુશ હતી.

'હા, સારું પણ હું તને સ્ટેશને લેવા આવીશ.' માલવે સામેથી આગ્રહ કરીને કહ્યું.

થોડી આનાકાની પણ પછી બેન માની ગયા. રક્ષિતા સાથે તેમને વાતો કરી.

રક્ષિતાએ આખરે પુછી લીધું, 'બેન, આ વખતે રક્ષાબંધને તમને શું જોઇએ તેની જ અમે વાત કરી રહ્યાં હતા. અમે નક્કી નથી કરી શક્યા. જો તમે જ કહી દો તો !'

'અરે મારે મન તો તમે સુખીથી રહો એ જ બસ છે !' અવનિકાએ માત્ર આશીર્વાદ આપ્યાં.

'એમ ન ચાલે કંઈક તો માંગો, રક્ષાબંધનનો તહેવાર છે તો !' માલવે આગ્રહ કર્યો.

'સારું તારો આગ્રહ છે તો તારી ભાણી માલવિકાને કોલેજ જવાની તકલીફ પડે છે માટે એક નવું સ્કુટી લઈ આપજે.' અવનિકાએ તો એટલી સહજતાથી માંગ્યું કે નવું સ્કુટી સાવ સહેલાઈથી આવી જાય.

આ સાંભળતા જ માલવનું ગળું સુકાઈ ગયું, પણ થૂંકનો ઘૂંટડો ઉતારીને કહ્યું, 'ચોક્કસ મોટી બેન. આ રક્ષાબંધનમાં તને ભેટ મળી જશે.' માલવે થોડીવાર વાતો કરી ફોન મુકી દીધો.

હમણાં જ રક્ષિતાને જુનુ ટુ વ્હીલર લેવાની ના કહી રહ્યો હતો તે માલવે બહેન માટે નવું સ્કુટી ગિફ્ટમાં આપવાની પ્રોમિસ કરી દીધું.

રક્ષિતા અને માલવ વચ્ચે થોડી મિનિટનો શૂન્યવકાશ સર્જાઈ ગયો.

'રક્ષિતા પહેલીવાર મોટીબેને કંઇક માંગ્યું છે. પપ્પાના મૃત્યુ પછી અમે તેમને કશું નથી આપ્યું અને માલવિકાનું નામ પણ અમારા ભાઈ-બહેનના નામ પર છે. મારી ભાણી માટે મારે ગમે તેમ કરીને સ્કુટી લાવી આપવું પડશે. પ્લીઝ તું ખોટું ન લગાડતી કે મને નથી લઈ આપતા અને બહેન માટે !'

માલવની આંખો રક્ષિતાના જવાબનો ઇંતજાર કરવા તેની તરફ મંડાઈ.

રક્ષિતા માલવના મનોમંથનને એક ક્ષણમાં જ સમજી ગઈ. તે ઉભી થઈ અને તેના આઠ હજાર રુપિયા માલવના હાથમાં મુક્યા અને બોલી, 'મારા તરફથી મોટી બેનની ગિફ્ટ માટે આ પૈસા રાખજો તમારે જરુર પડશે.'

'પણ આ તો તારા પગારમાંથી બચાવેલા તારી સ્કુટી લેવા માટેની બચતના પૈસા છે અને તે તારા માટે છે, હું ન લઇ શકું રક્ષિતા !' માલવે તે લેવાનો ઇન્કાર કરતા કહ્યું.

'માલવ, આ ઘર જ હવે મારું છે તો અહીં તારું-મારું કંઇ નથી. બધું આપણું છે. હવે તો સુખોય આપણાં અને તકલીફોય આપણી ! બહેન માત્ર રક્ષાબંધને જ કંઇક માંગે છે, જો મારે ભાઈ હોત તો હું પણ હકથી સ્કુટી માંગી લેત.' અને રક્ષિતાએ પરાણે તે પૈસા માલવને આપી નવુ સ્કુટી બુક કરાવવાનું કહી દીધું.

રક્ષિતાનું આ પ્રકારનું સમર્પણ જોઇ માલવે તેના કપાળે ચુમી લીધી.

બન્ને પોતપોતાની નોકરીએ ગયા. માલવે પોતાની કરેલી બચત અને થોડા ઉછીના પૈસા લઇ અને રક્ષિતાને સાથે રાખી તેમની પસંદગીના રંગનું નવુ સ્કુટી બુક કરાવી લીધું. રક્ષાબંધને તેની ડિલીવરી લેશે તેમ ગોઠવી દીધું.

રક્ષાબંધને અવનિકા અને માલવિકા આવી ગયા. સવારે અવનિકાએ ભૈયા કી કલાઈ સે પ્યાર બાંધા હૈ. રેશમ કી ડોરી સે સંસાર બાંધા હૈ. ના બેકગ્રાઉન્ડ મ્યુઝીક પર માલવને રાખડી બાંધી. બધાએ ભેગા મળી પપ્પાને પણ યાદ કર્યા.

અવનિકાએ એક રાખડી રક્ષિતાને પણ બાંધી અને બોલી, 'આ ભાભી રાખડી છે. તમારી ખુશીઓ માટે !'

અને પછી માલવે અને રક્ષિતાએ તેમના માટે તૈયાર રાખેલી નવા સ્કુટીની ચાવી અવનિકાને સોંપી.

'રક્ષિતા આ રક્ષાબંધને બહેનની ભેટમાં મેં કંઈક વધારે તો નથી માંગી લીધુંને ?' અવનિકાએ રક્ષિતાને પુછ્યું. તે રક્ષિતાની આંખોના ભાવ વાંચવા માંગતી હતી.

રક્ષિતા પણ ખૂબ હળવાશથી બોલી, 'એ શું બોલ્યા મોટીબેન, આ તો તમારો હક છે, આ તો તમે સામેથી કહ્યું તે સારું થયું નહિ તો અમારે તમને શું આપવું તેની મૂંઝવણ હતી.'

માલવે જોયું કે રક્ષિતાની આંખોમાં એકપણ અણગમાની કે તેને પડેલી તકલીફનો અંશમાત્ર ભાવ નહોતો.

બધા સ્કુટી પાસે આવ્યાં. માલવિકાને તેના પર ચાંલ્લો કરવા કહ્યું.

માલવિકાએ એક ચાંલ્લો કરી બધાને એક એક ચાંલ્લો વારાફરતી કરવા કહ્યું. માલવિકાના હાથે સ્કુટી સ્ટાર્ટ પણ કરાવ્યું.

પછી રક્ષિતાએ અવનિકા બહેન સામે જોઈને કહ્યું, 'આજે તો ભાઈ–બહેનનો દિવસ છે. તેના પર પહેલો હક ભાઈ બહેનનો જ છે.'

અવનિકાએ ચાવી લીધી અને તેને માલવને પાછળ બેસાડ્યો. બન્ને એક ચક્કર મારીને થોડીવાર પછી આવ્યાં તો બન્નેની આંખોમાં ખુશીઓની અનોખી ચમક હતી.

અવનિકાએ તે ચાવી રક્ષિતાને આપી. રક્ષિતાએ સ્કુટી સ્ટાર્ટ કરી અને જાણે પોતાના સ્વપ્નનું સ્કુટી હોય તેમ તેની આંખમા એક આછી ઝલક ઉપસી આવી.

મામી–ભાણી પણ ચક્કર મારીને આવ્યા અને પછી તે ચાવી રક્ષિતાએ અવનિકાને આપતા કહ્યું, 'લો, મોટીબેન તમારા સ્કુટીની ચાવી.'

અને ત્યારે જ અવનિકાએ કહ્યું, 'રક્ષિતા, તે ચાવી તારી પાસે જ રાખી લે. આ સ્કુટી તારા માટે છે.'

રક્ષિતા કંઇ સમજી નહી એટલે તે માલવ પાસે ગઈ.

અવનિકાએ બન્ને તરફ જોઇને કહ્યું, 'મને ખબર છે કે ઘરની જરુરિયાતને પહોંચી વળવા રક્ષિતા જોબ કરી રહી છે અને તેને અપડાઉનની પણ તકલીફ છે. એક સુખી ઘરની દિકરી મારા ઘરને સાચવવા પોતાના સુખોનું પણ સમર્પણ કરતી હોય તો તેના માટે મારે પણ કંઇક કરવું પડેને મને પપ્પા જીવતા ત્યાં સુધી અનેકવાર રોકડ રકમ આપતા. તારા જીજાજી તે પૈસાને મને જ આપી રાખતા અને કહેતા કે તારી મરજી હોય તેમ તે વાપરજે. મમ્મીએ મને કહેલું કે રક્ષિતા માટે સેકેન્ડ હેન્ડ સ્કુટી જોઇ રાખ્યું છે. ત્યારે મને થયું કે આ જ સાચો સમય છે કે મારા તે પૈસા આ સ્કુટી માટે આપી દઉં. પણ તમે એમ સીધી રીતે સ્વીકારો પણ નહી એટલે મારે નવી સ્કુટીની માંગણી કરવી પડી. આ સ્કુટી તો રક્ષિતા તારા માટે જ છે અને હું અને માલવ જ્યારે ચક્કર મારવા ગયા ત્યારે મેં બધી હકીક્ત જણાવી દીધી છે. તેમાં સહેજ પણ આનાકાની કરવાની નથી. આ મોટી બહેનની રક્ષાબંધનની માંગણી છે.'

'પણ રક્ષાબંધનની તમારી ભેટ?' રક્ષિતાએ પૂછ્યું.

'અરે, જે ઘરની વહુ પોતાની નણંદની ખુશીઓ માટે પોતાની જમા બચત પણ હસતા મોંએ આપી દે તેનાથી વધુ મોટી ભેટ શું હોઇ શકે ! પપ્પાના ગયા પછી તમે સૌ ફરી ઘરને ખુશીઓથી ભર્યુ ભર્યુ રાખો છો તે કાંઈ ઓછું છે ? ભાઈના ઘરની ખુશીઓ જ બહેન માટેની સૌથી મોટી ભેટ છે.' અવનિકા એટલું બોલી અને ભીની આંખે રક્ષિતાને વળગી પડી.

**સ્ટૅટસ**

જે બહેન સાથે નાનપણમાં લડ્યો'તો, તે ભાઇ તેની વિદાયે ખૂબ રડ્યો'તોપ
રાખડીનો તાંતણો એ જ હાથથી બાંધશે, જે હાથે કેટલીયે વાર ઝઘડયો'તો.

લેખક –ડો. વિષ્ણુ પ્રજાપતિ, કડી

# શીર્ષક : સ્ત્રી રક્ષાનું અનેરું પર્વ

લેખક : કમલેશ જોષી

શ્રાવણ સુદ પૂનમનો દિવસ એટલે રક્ષાબંધન. આ દિવસે બહેન ભાઈને રાખડી બાંધી ભાઈ પાસેથી રક્ષાનું વચન મેળવે છે. એવો કોઈ ભાઈ નહીં હોય, જે નાનપણમાં બહેન સાથે ઝઘડ્યો ન હોય. એવી એકેય બહેન નહીં હોય, જેણે નાનપણમાં પપ્પા પાસે ભાઈની નાની–મોટી, સાચી–ખોટી ફરિયાદ કરી ભાઈને વઢ નહીં ખવડાવી હોય. એવો એકેય ભાઈ નહીં હોય, જેણે બહેનના લગ્ન ધામધૂમથી થાય એ માટે પોતાની તમામ બચત ખર્ચી ન નાખી હોય. એવી એકેય બહેન નહીં હોય, જેણે ભાઈના તમામ દુ:ખ દૂર થાય એ માટે સાસરે ગયા પછી પણ પગે ચાલી દર્શને જવાની કે અમુક અમુક વસ્તુ નહીં ખાવાની માનતા ન રાખી હોય. નાનપણમાં ભાઈ–બહેન એટલે જીગરજાન મિત્રો અને જાની દુશ્મનોનો જબ્બરદસ્ત સંગમ.

નાનપણમાં બહેન પાસે રાખડી બંધાવવાની મજા હતી અને મિત્રોને એ રાખડી દેખાડવાથી વટ પડતો. જેના હાથમાં વધુ રાખડી એનો વટ સૌથી વધુ. રાખડીઓ પણ જાતજાતની અને ભાત ભાતની આવતી. કોઈ ગોળાકારની ઉપર સ્ટાર ને એની ઉપર મોતી એમ ત્રણ લૅયર વાળી તો કોઈ ચાંદીની લકી જેવી, કોઈ લાલ પીળા દોરા વાળી તો કોઈ મોતીથી મઢેલી. નાનપણમાં બહેન રાખડી બાંધતી ત્યારે પપ્પાએ આપેલા દસ, વીસ કે પચાસ રૂપિયા બહેનને આપવાની અમીરીનો અહેસાસ પણ અદ્ભુત હતો. માતા–પિતામાં થોડું બોસીઝમ જોવા મળે, પણ બહેન ભાઈને કોઈ કામ ચીંધે તો એ કામ ચપટી વગાડતા અને હોંશે હોંશે કરવાની મજા આવે. બહેનમાં ભાઈને ફોસલાવવાની ગજબ કળા હોય છે. એક વડીલે મસ્ત વાત કરી: માતાના મૃત્યુ પછી બહેન ગમે તેવડી હોય એ ભાઈની માતા બની જાય છે અને પિતાના મૃત્યુ બાદ ભાઈ ગમે તેવડો હોય એ બહેનનો પિતા બની જાય છે.

એક વડીલે ખેદ વ્યક્ત કરતા કહ્યું કે, "જિંદગીના અધોઅધ પ્રસંગો હું માણી કે સમજી જ ન શક્યો કારણ કે મારે બહેન નહોતી." જેમ દીકરીનો જન્મ થાય એટલે પિતા શિસ્તમાં આવી જાય એમ બહેનનું નામ પડે એટલે ભાઈએ અદબ વાળી લેવી પડે. ભાઈના લગ્નમાં મહાલતી બહેનનો માભો પણ જોવા જેવો હોય છે. જે ગામની બહેનો સોળે શણગાર સજી મુક્ત મને હરી ફરી શકતી હોય એ ગામના ભાઈઓને સો–સો સલામ.

બહેની પોતાના પતિ કરતા પણ પોતાના વીરાનું કલ્યાણ વધુ ઈચ્છતી હોય છે. ઝવેરચંદ મેઘાણીએ એક ગીતમાં લખ્યું છે કે "વીરાની વાડીઓમાં અમૃત રેલે. આષાઢી સાંજના અંબર ગાજે." તમે એ માર્ક કર્યું? સાસરેથી બાળકો સાથે બહેન પિયરે આવતી હોય ત્યારે ત્યાંના આડોશી પાડોશી શું કહે ? મામાના ઘરે જાઓ છો ? મામાનું ઘર વાસ્તવમાં તો એ ઘર નાનાનું હોય, મામા તો હજુ દસમું બારમું ભણતા હોય એવડા નાના પણ હોય. છતાં ભાણીયાઓ વેકેશનમાં 'નાના'ના નહીં 'મામાના ઘરે' જાય. એક મિત્રે તર્ક આપ્યો. માતા પિતા જિંદગીની મોટી મજલ કાપી ચૂક્યા હોય છે, ભાઈ અને બહેન હજુ લાંબો સમય એક બીજાની સંભાળ લઈ શકશે એવી સંભાવનાને ધ્યાને લઈ સાસરે ગયેલી બહેનની પિયર તરફની ફરજોની જવાબદારી ભાઈની છે એવું સમજાવવા કદાચ આવી પરંપરા બની હશે. તમે શું માનો છો?

અમેરિકન્સ કે જાપાનીઝ કે ચાઇનીઝ લોકો રક્ષાબંધન કે એના જેવો બીજો કોઈ સિસ્ટર સ્પેશિયલ દિવસ ઉજવતા હશે કે નહિ એ ખબર નથી પણ ભારતમાં હિંદુ પરંપરામાં ‘રક્ષા બંધન’નું એક અલાયદું સ્થાન છે, ગૌરવ છે. આ માત્ર એક તહેવાર નથી પરંતુ માનવ સમાજે સ્ત્રી પુરુષના સંબંધો બાબતે વિકસાવેલી એક શ્રેષ્ઠતમ માનસિકતાનું પ્રતીક છે. બહેને ભલે ને ભાઈને કાંખમાં તેડયો હોય તોયે જયારે એ ભાઈને રાખડી બાંધતી હોય ત્યારે એ નાનકડા ભાઈને ‘રક્ષા’ માંગવા માટે બાંધતી હોય છે. સમસ્ત સ્ત્રી જગત પુરુષ જગત પાસે જે સ્થાન, માન, સન્માનની અપેક્ષા રાખતા હોય એ માન, મોભાની રક્ષા કરજે એવી માંગણી અને લાગણી આ તહેવારના દિવસે વ્યક્ત થાય છે. યાદ રહે, ભાઈએ માત્ર પોતાની બહેનની જ નહિ, સમસ્ત સ્ત્રી જગતની માન–મર્યાદાની રક્ષા કરવાની હોય છે.

મિત્રો, ઈતિહાસમાં તો ઘણા ભાઈઓએ બહેનોની આબરૂ માટે પોતાના જીવ પણ આપી દીધા છે, પરંતુ આજકાલ એવા યુદ્ધોનો જમાનો નથી. બહેન પાસે તમે બંધાવેલી રાખડી સામે જોઈ ઈમાનદારીથી વિચારજો કે તમારા ઘર, શેરી, સોસાયટી કે ઓફિસમાં કોઈ મિત્ર કોઈ સ્ત્રી માટે અણછાજતા વાણી, વર્તન કે વિચાર કરતો નથી ને? જો હોય તો એને એક વખત એમ કરતો રોકવાનો પ્રયત્ન જરૂર કરજો. બાકી તમે ખુદ સમજદાર છો.

## સમય નથી...!!??

બાર કલાકની મુસાફરી ચાર કલાક થઈ ગઈ છે,
છતાં માણસ કહે છે – સમય નથી..!!
બાર લોકોનો પરિવાર બે લોકો સુધી ઘટી ગયો છે,
છતાં માણસ કહે છે – સમય નથી..!!
ચાર અઠવાડિયા લાગતો સંદેશ હવે ચાર સેકન્ડમાં મળે છે,
છતાં માણસ કહે છે – સમય નથી..!!
ક્યારેક દૂરના વ્યક્તિનો ચહેરો જોવામાં એક વર્ષ લાગતું હતું,
આજે તે સેકન્ડમાં દેખાય છે છતાં માણસ કહે છે – સમય નથી..!!
ઘરમાં ઉપર અને નીચે જવા માટે જે સમય અને પ્રયત્નની જરૂર પડે છે
તે હવે લિફ્ટથી સેકન્ડમાં પૂર્ણ થઈ જાય છે, છતાં માણસ કહે છે – સમય નથી..!!
એક માણસ જે કલાકો સુધી બેંકની કતારમાં રાહ જોતો હતો,
તે હવે સેકન્ડમાં પોતાના મોબાઇલ પર વ્યવહારો કરે છે,
છતાં માણસ કહે છે – સમય નથી..!!
સ્વાસ્થ્ય તપાસ જે પહેલા અઠવાડિયા લાગતી હતી તે હવે કલાકોમાં થાય છે,
છતાં માણસ કહે છે – સમય નથી..!!
જ્યારે એક હાથમાં હેન્ડલ અને બીજા હાથમાં મોબાઇલ રાખીને
એક્ટિવા ચલાવીએ છીએ, કારણ કે તેને રોકાઈને વાત કરવી પડે છે – સમય નથી..!!
જ્યારે ટ્રાફિક જામ હોય છે, ત્યારે આપણે બે લેન ક્રોસ કરીએ છીએ
અને ત્રીજો લેન બનાવીએ છીએ, કારણ કે – સમય નથી..!!

પુસ્તક વાંચવાનો સમય નથી, આપણા માતાપિતાને ફોન કરવાનો સમય નથી,
પ્રકૃતિનો આનંદ માણવાનો સમય નથી..!!

પરંતુ IPL માટે સમય છે, Netflix માટે સમય છે, Sutterfutter રીલ્સ માટે સમય છે,
રાજકારણની ચર્ચા કરવાનો સમય છે પરંતુ પોતાના માટે – સમય નથી..!!

દુનિયા સરળ બની ગઈ છે, ગતિ વધી છે, ટેકનોલોજી નજીક આવી ગઈ છે, અંતર અદૃશ્ય થઈ ગયા છે, સગવડતાઓ વધી છે, તકો વધી છે. પરંતુ માણસે – સમય નથી કહીને પોતાને દૂર કરી દીધા છે.

શાંતિથી બેસીને પોતાની જાત સાથે વાત કરવા માટે, પોતાને સમજવા માટે અથવા ફક્ત થોડી ક્ષણો માટે હસવા માટે ત્યાં સમય નથી !

અને પછી એક દિવસ સમય પસાર થઈ જાય છે. છેલ્લી ક્ષણે, આપણને ખ્યાલ આવે છે – સમય હતો ! પણ આપણી પાસે સમય નથી એમ કહીને, હું જીવવાનું ભૂલી ગયો.

તો આજે જ નક્કી કરો – થોડો સમય પોતાના માટે અનામત રાખો, સંબંધો માટે થોડો સમય આપો, મન માટે, શાંતિ માટે, જીવનના સાર માટે થોડો સમય જીવો. કારણ કે કોઈ સમય સાચો નથી. તે ફક્ત એક આદત બની ગઈ છે...અને તેને બદલવાની જરૂર છે.

## આવી વહુ હોય ખરી ?

દક્ષા રમેશ ઝાલાવડીયા

જય, માસ્ટર્સ કર્યા પછી ઈન્ટરનેશનલ કમ્પનીમાં જોઈન્ટ થયો. સાથે સાથે એ જ કમ્પનીમાં જિનલ પણ !! જય, જિનલ બન્ને ચાર પાંચ વર્ષથી, એકબીજાને ઓળખતાં હતાં. આવડી મોટી અને પ્રતિષ્ઠિત કંપનીમાં જોબ મળવી, એ અત્યારના કોમ્પિટિસનના સમયમાં એક મોટી સફળતાં ગણાય.

બન્ને થનગની રહ્યા હતાં. ખૂબ ખુશ હતાં. બન્ને, યુવાન, દેખાવે અતિસ્વરૂપવાન તો બે માંથી એકેય ન્હોતા પણ, ઠીકઠાક સુંદર તો કહી જ શકાય. બન્ને હોશિયાર તો હતાં એટલે જ સેંકડો કેંડીડેટ્સમાંથી જય અને જિનલ સિલેક્ટ થયા હતાં. જિનલે નોંધ્યું હતું કે જય ટેલેન્ટેડ હોવા છતાંય, સામાન્ય, સરળ, અને સીધો સાદો હતો.

જિનલને એમાં પરફેક્ટ પતિ રૂપે ફિટ થતો જણાયો. તેણે કેન્ટીનમાં જય સામે પ્રસ્તાવ મુકવાનું નક્કી કર્યું પણ, એ પહેલાં એ જરા એક વાતની ચોખવટ કરવા ઈચ્છતી હતી. આજે જ્યારે, જય અને જિનલ, કેન્ટિંનમાં હતા, ત્યારે, જિનલે સાહજિક જ પૂછી લીધું.

જય, આમ તો આપણે બન્ને એકબીજાને થોડાઘણા સમયથી ઓળખીએ છીએ. આપણે બન્નેની નાત પણ સરખી છે. મેં મારા ઘરે તારા વિશે વાત પણ કરી છે અને અમારે ઘરે કોઈને વાંધો નથી. તારો પણ, આડકતરો ઈશારો હું સમજી ગઈ છું કે તું પણ, મને લાઈફ પાર્ટનર તરીકે મેળવીને પોતાને ખુશ કિસ્મત માનીશ. પણ, હું તને સીધો એક જ સવાલ કરવા માગું છું." મારા પહેલા, તારી લાઈફ માં કોઈ બીજી, I mean, હું જ તારો ફર્સ્ટ લવ છું કે ? Any other female in your life in past ? Any girlfriend ?

જિનલની વાણીએ, તેનો સાથ ન આપ્યો. જય, સીધો સાદો લાગતો હતો પણ, બુધ્ધુ

જરાય નહોતો, એ બધું બરાબર સમજી ગયો. એણે સસ્મિત જવાબ આપ્યો" જિનલ, આજે સારું થયું, તે આપણા મેરેજની વાત કાઢી. હું પણ, આ સમયની રાહ જોતો હતો. આપણે બન્ને લગ્ન કરવા એકબીજા માટે પરફેક્ટ લાગીએ જ છીએ, અને વાત રહી પેલી, તારા એ સવાલની ! કે મારી લાઈફ માં કોઈ બીજી સ્ત્રી ? હું પણ મૂંઝવણ અનુભવતો હતો કે આ વાત મારે તને કેવી રીતે કહેવી ? જિનલ ! હા, તું મારી જિંદગી માં પહેલી સ્ત્રી નથી ! મને તારા પહેલા અને હજુ પણ !'

જિનલ, તો સ્તબ્ધ બની ગઈ. તેની પગ નીચેની ધરતી સરકતી જણાઈ ! પણ, આધુનિક યુગની આ છોકરી, પોતાને એકદમ સ્વસ્થ રાખીને જયની વાત, નિરાંતે સાંભળવા, મનથી તૈયાર બને છે. જય, જિનલની આંખમાં આંખ મિલાવી શકતો નથી. એનો અવાજ અને આંખ ભીના બની જાય છે.જયે જે વાત કરી તે આ મુજબની હતી." હા, જિનલ ! તારી પહેલા અને હજુપણ ! છે એક સ્ત્રી, મારા જીવનમાં અને એ છે મારી મા !! જિનલ ! I love my mom, very much !!" જિનલ તો, ખડખડાટ હસી પડીપ જય, ગંભીરતાથી બોલ્યો.

"હું, જરાપણ, મજાક નથી કરતો ! જિનલ, હું મારી મા ને પ્રેમ કરું છું. મને મારા, બાળપણ વિશે પૂછવામાં આવે તો મને મારા માતા પિતાની સખત મહેનત જ સતત યાદ આવે છે. એક ગામડાના નાના ખેડૂતને ત્યાં મારો જન્મ થયો. મેં હમેંશા, મારા પેરેન્ટ્સને, મહામુશ્કેલીએ, અમારી પ્રાથમિક જરૂરિયાત, પૂરી કરતાં જ જોયા હતાં.

મને એક જ લગની હતી કે બસ, હું ભણીગણી, મોટો સાહેબ, બનું કે ન બનું, લાખો કરોડોની સંપત્તિ બનાવું કે ન બનાવું પણ, હું એટલું જરૂરથી કમાવ કે મારા માતાપિતા એ, ક્યારેય એમના શોખ, પુરા તો નથી કર્યા પણ, જીવનમાં કોઈ વખત, શોખ કરી, શકાય, પૈસાથી સુખસગવડના સાધનો ખરીદીને જિંદગીને માણી પણ શકાય એવો વિચાર શુધ્ધા નથી કરેલો !! એથી, એમને એવી સુખી જિંદગી આપવા માટે, મને સતત મહેનત કરવાની ટેવ પડીપ જેને પરિણામે, આજે મારા માટે એક સફળ જીવન જીવવાના દરવાજા ખુલી ગયા છે.

અને એમાં પણ, તને પત્ની રૂપે મેળવીને હું મારી જાત ને ધન્ય સમજીશ. પણ, હું જે વાત કહેવા માટે મૂંઝવણ અનુભવતો હતો. એ આ છે. જય ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ ગટગટાવી જાય છે. જિનલ ખુશીથી અને અસમંજસથી એના સામે જોઈને પૂછે છે, "બધું જ તો બરાબર જાય છે, શાની મૂંઝવણ છે તને ??" જય કહે છે. "હા, જિનલ, બધું બરાબર લાગે છે. પણ હું નજર કરી જોઉં છું તો.

આ સમયે, પૈસા કે રૂપિયાની અછત ઓછી છે પણ કંઈક સમજદારી કે કંઈક ધીરજ ખૂટે છે અને ઘરેઘરે અશાંતિ દેખાય છે. એ પછી, જનરેશન ગેપ હોય કે જે હોય મારા મમ્મી પપ્પા તો આમ જીવન જીવ્યા. પણ, હવે હું ઈચ્છું છું કે આપણે કોઈ સબંધથી બંધાય એ પહેલાં હું એક વાત મારી ભાવિ પત્નીને કહેવા માંગુ છું, મારી લાઈફમાં પત્ની, પ્રેમિકા કે મિત્ર તું જ બધુ છે. મારી દુનિયાની તું મહારાણી છે. પણ આ દુનિયામાં મારુ સાવ, એકલાનું જ સ્વંતત્ર અસ્તિત્વ નથી. મારા મૂળિયાં જ્યાં જોડાયેલા છે તે મારા માતા–પિતા, સગાંવહાલાં,બીજા મિત્રો પણ, મારા સહસ્તિત્વ છે.

એમનું માન સન્માન, હું જાળવું એમાં તું મને મદદરૂપ ન બને ? હું, એક પુરુષ છું, તારા પર મારી ઈચ્છા થોપી બેસાડવી મારા સ્વભાવમાં નથી. હું સ્ત્રીજાતિને પ્રેમ કરું છું. તારા સિવાયની મારા જીવનની એક બીજી સ્ત્રી એટલે મારી મા. એનું સ્થાન તું જાળવી શકીશ ?'

જિનલ, ખૂબ સરળતાથી જયની સરળ વાત સમજી ગઈ પછી તો વાત જ શું કરવી ?? લગ્નની શરણાઈ વાગી અને ખાધું પીધુંને રાજ કર્યું ? અરે ના, ના, પિક્ચર અભી બાકી હૈપ મેરે દોસ્ત !! લગ્ન પછી, મમ્મી પપ્પાને લઈ ને, જય અને જિનલે શહેરમાં ઘર વસાવ્યું.

જિનલ, સાસરે પગ મૂકતા , આખી વસ્તુસ્થિતિ સમજી ગઈ. સસરા તો એકદમ શાંત, ખૂબ અનુકૂળ, જેમ પવન વહે તેમ સઢ ફેરવવા વાળા જ્યારે જયના મમ્મી રાધાબેન ? પચાસ વર્ષથી વધુ ઉંમર તો નહીં જ હોય પણ રહેણી કહેણી અને વાતાવરણની અસર કહો કે બસ, ગામડાની ટિપિકલ પ્રૌઢા બની ગયા હતાં. સાદી સાડી, રફ વાળ, મો પર કરચલી તો પડી નહોતી પણ અને એનો ચહેરો "કેર" નામથી પણ અજાણ હતો ! પગમાં છાલા પડી ગયા હતાં અને હાથની હથેળી પણ સુંવાળી નહોતી રહી ! જિનલને લગ્ન પછી, મમ્મી પપ્પા સાથે અનુકૂળતા સાધતાં જરા પણ વાર ન લાગી. ખૂબ સરસ બધું ચાલ્યું. ઘણા વખત પછી એક વખત મને રાધાબેન મળી ગયા.

હું તો જોતાં જોતાં જોઈ જ રહી !! જો એમણે મને સામેથી બોલાવી ન હોત તો હું કદાચ એમને રાધબેન ને રાધબેન જ ન માનત !! એમણે જે વાતો કરી, એ સાંભળો !! "મારા જયલાના લગ્ન પછી, અમે અચકાતાં, અચકાતાં, ભણેલ ગણેલ દીકરા વહુ સાથે રહેવા આવી ગયા !

થોડા, દિવસમાં જિનલનો મૂળ સ્વભાવ દેખાવા લાગ્યો ! એ મને, ધરારથી બ્યુટી પાર્લરમા લઈ ગઈ ત્યાં મને આ મારા હાથ પગ સરખા કરાવ્યા. મને ખુબ શરમ આવતી હતી. પણ, મારી એકે વાત માની નહિ. હાથ પગની સાથે, મારા ચહેરા પર, નિયમિત ફેસિયલ ને વાળ માંય જુદા જુદા શેમ્પૂ !

અને ઘરમાં પણ, મારુ જમવાનું, દૂધ પીવું, અરે, મેં તો કોઈ દી' દૂધનું ટીપું ય પીધું નહોતું ! એને બદલે સવાર સાંજ એક એક ગ્લાસ દૂધ, ફરજિયાત અમારે બન્નેને પી જવાનું. કાંઈ બોલ્યા વગર ! દરરોજ, ફ્રૂટ અને કાચા સલાડ તો ખાવાના જ. મેં તો સૂતી વખતે કોઈ દિવસ સાડી બદલાવીને નાઈટ ગાઉન નહોતું પહેર્યું પણ આ મારી જિનલે આવીને, મને ગાઉન, ડ્રેસ, સલવાર કમીઝ, કુરતી, નાઇટડ્રેસ માં ય પાયજામાં ને ટોપ પહેરતા શીખવાડી દીધું.

મને જન્મ દેનાર મા એ, મારી, આવી કાળજી લીધી હોય એવું યાદ નથી. ત્યારે આ તો, પારકી જણી !! મારો જય નસીબદાર કે અમે ? આવી વહુ મળી, મને એમ જ લાગે કેપ મારે, વહુ છે એવી કોઈને હોય ખરી ? અને આ બધું ય ધરારી થી એવો પ્રેમ કરીને કરાવે, મારી જિનલ ! કે ન પૂછો વાત !

મેડમ, હું તો આ જમાના ના દીકરા વહુ ને જોઈ ડરતી હતી પણ આવી વહુ, તો કલ્પનામાં ય નહોતી ! મારી વહુ એ આવીને મને જીવતા શીખવાડ્યું. જિનલ, કદાચ આટલી ખબર મારી દીકરી તો શું હું પણ ક્યારેય ન વિચારત ? જિનલે મને, હું પણ એક એવી વ્યક્તિ હોઈ શકું કે, સ્ત્રી હોવા છતાં, મારા ઘર માટે, મારા ઘરની વ્યક્તિને સાચવતાં

સાચવતાં મને ખુદને ભૂલી ન જાવ. એવો નવો જ પાઠ ભણાવ્યો. મને મારા માટે જીવતાં શીખવવું એ કેવું અઘરું હતું પણ મારી જિનલ, અમને એવો પ્રેમ કરે કે હું ખુદ જ મને કાંઇ જ નહોતી કરતી.

મારી જન્મ દેનારમાં એ કોઈ દિવસ આટલી કાળજી નહિ કરી હોય. મને એવો તો મારી માએ પ્રેમ કર્યો હોય, એવું મને યાદે ય નથી. આ તો પારકી જણી ? હું તો સાંભળીને અચરજ પામી ગઈ ! રાધાબેન, આગળ બોલ્યા" હું ઘણીવાર પૂછું કે, જિનલ તું મને આટલો પ્રેમ કેમ કરી શકે ? ત્યારે એ હસીને કહે, કેમ કે મને પ્રેમ કરનાર જય છે ! અને એને આ દુનિયામાં લાવનાર તમે છો ! મારે કાઈ કરવું નથી પડતું, થઈ જાય છે !"

અને મેડમ, ઘણા લોકો અમને સાસુ વહુ ને આ રીતે રહેતા, જોવે, તો તરત કહે, જિનલ તારે કોઈ તારા જેવી બીજી બેન કે ફ્રેન્ડ હોય તો, અમારા છોકરા માટે બતાવ !" ત્યારે ફટાક દઈને, મારી જિનલ એમને મોઢે જ કહી દે," મારા જેવી તો ઘણી બતાવું, પણ તમે પહેલા મારા મમ્મી જેવા સારા હોવા જોઉં !" મારો જય નસીબદાર કે અમે ? કે અમને આવી વહુ મળી ? આવી વહુ હોય ? મને તો એક જ પ્રશ્ન થાય કે અમને વહુ મળી, એવી કોઈને હોય ખરી ? ફ્રેન્ડઝ, આ ખૂબ સાચી વાત છે. ખરેખર ! પણ, આપ જ કહો !, "આવી વહુ હોય ખરી ?"

## હેમાબેનના "ધરમ" ના એફ.બી ભાઈઓ

હાસ્યલેખ – રઈશ મનીઆર

હું રક્ષાબંધન વિશે કોઈ લેખ લખવા માટે મારા નિર્દોષ સંબંધો યાદ કરી રહ્યો હતો. કાગળ પર એકેય અક્ષર પાડું એ પહેલા હસુભાઈ વગર 'નોટિફિકેશને' મારા ઘરમાં પ્રવેશ્યા. વિધાતાએ સ્પોંસર્ડ કરેલી 'પડોશી' નામની પોસ્ટને તમે કઈ રીતે બ્લોક કરી શકો?

હસુભાઈએ વ્યથા વહાવી, "આ ફેસબૂકે મારા જીવનમાં ભંગાણ પાડ્યું છે. મારી પત્ની મારી નથી રહી, ગયા 'વેલેન્ટાઈન ડે'ના દિવસે મારી સાથે ડીનર પર ન આવી, હવે એના ફેસબૂકના ભાઈઓ સાથે જોરશોરથી રક્ષાબંધન ઉજવવાની તૈયારી કરી રહી છે !"

મેં વિચાર્યું, "પહેલા હસુભાઈ જેવા પતિઓએ પત્નીને ત્રીસી કે ચાલીસીમાં સાચવવાની થતી, હવે ફેસબૂક આવ્યા પછી બાવન વર્ષની પત્નીને પણ ભાવકો, ચાહકો અને આશિકો મળી રહે છે."

"પાંચ હજાર ફ્રેંડ છે એના ! બીજા સાત હજાર એનો પીછો (ફોલો) કરે છે !"

ત્યાં જ હસુભાઈને 'ફોલો' કરતાં હેમાબેન આવી ચડ્યા !

"પાંચ હજારમાંથી સાડાચાર હજાર પુરુષો છે ! હેમાની એક એક કોમેંટ પર પાંચ પાંચ 'લવ'ના ઈમોજી મોકલે છે. મોજીલા છે બધા !"

હેમાબેને પોતાનો ફોન સામો ધરીને મને કહ્યું, "જોઈ લો ! સહુ મને 'બેના, સિસ્ટર, દીદી' કહીને સંબોધે છે ! ધરમના ભાઈ છે મારા !" હેમાબેને બચાવ કર્યો.

"આટલા બધા ધરમના ભાઈ ?"

"ધરમની ગાય હોય એમ ધરમના ભાઈ હોય !" જીવદયાપ્રેમી હેમાબેને કહ્યું.

"શું એમના માટે હવે હું પાંજરાપોળ ખોલું ?" હસુભાઈ ગાજ્યા.

"ના! તમારા સંકુચિત દિલને પાંજરામાંથી બહાર કાઢો ! સદીઓ સુધી પુરુષોએ ફાગ ખેલ્યા છે. હવે ઘરના ઉંબરામાં રહીને સ્ત્રી આવા નિર્દોષ સંબંધો બાંધે એમાં તમારા પુરુષોનો અહમ કેમ ઘવાય છે?"

આ નારીવાદી એટેકથી ઝંખવાયેલા હસુભાઈ માંડ બોલ્યા, "તું નારીવાદી છે, પણ સત્યવાદી નથી! તેં એફ.બી પ્રોફાઈલમાં વીસ વરસ જૂનું પિક્ચર કેમ મૂકયું છે ? અને આજે ટીનએજર પ્રેરણાડીની સાથે ફોટો મૂક્યો છે. એટલે જોનાર મૂંઝાયા જ કરે કે આ બેમાંથી હેમા કોણ છે ?"

"સત્યવાદી યુધિષ્ઠિરે પણ કહ્યું હતું, નરો વા કુંજરો વા ! મેં શું ખોટું કર્યું ?"

મેં કહ્યું, "અરે ! પણ હેમાબેનને ફેસબૂકના રવાડે ચડાવ્યા કોણે ?"

હસુભાઈ બોલ્યા, "એ પાપ મારું જ છે. થોડા વખત પહેલા એને ઝાડા થયા હતા. બહુ ડોક્ટર બદલ્યા, દવા બદલી, પણ કોઈ ઉપાયે સારા ન થાય. ડોક્ટર કહે માનસિક છે ! એટલે મેં એને એફ. બી. એકાઉંટ ખોલી આપ્યું અને કહ્યું કે દર અડધો કલાકે ટોયલેટનો દરવાજો ખોલવાને બદલે આ ખોલવું. ત્યારથી હવે લેટ્રીન જવાને બદલે ફેસબૂક પર જાય છે. દર અડધો કલાકે ફેસબૂક ખોલે, પોસ્ટ મૂકે અને બંધ કરી દે !"

મેં પૂછ્યું, "પોસ્ટ શું મૂકે, એ તો કશું લખતા નથી !"

"એકવાર ભૂલથી ફોન અધ્ધર હતો અને સેલ્ફી પડી ગઈ. એ ફોટામાં એની આંખો ભેંસ જેવી, ચહેરો હિપ્પો જેવો અને શરીર બકરી જેવું આવ્યું."

હેમાબેન બોલ્યા, "આ 'સેલ્ફી' તો માળુ ગજબનું છે. એ ફોટામાં તો હું લગન વખતે હતી એટલી પાતળી દેખાઉં છું! એટલે એ પહેલો ફોટો પોસ્ટ કર્યો !"

હસુભાઈ કહે, "બસ ત્યારથી ભાતભાતની સેલ્ફીઓ અને ફોટા મૂકે છે ! કાલે એના દૂરના ભાઈ શામજીભાઈના દીકરાના લગનમાં ગરબા કરતી વખતે સેલ્ફી લેવાનું શરૂ કર્યું, એક હાથમાં ડાંડિયો અને એકમાં મોબાઈલ, બધા હીંચ લે અને એ 'પીક્સ' લે ! પછી મારા દૂરના પિતરાઈ દામજીભાઈની વાઈફની સ્મશાનયાત્રામાં ગયા ત્યાં દામજીભાઇની મૃતવાઈફની બાજુમાં ડોકું રાખી ક્લીક કરીને 'લાસ્ટ સેલ્ફી વીથ માય ભાભી' પોસ્ટ કરી. પછી એના દૂરના પિતરાઈ રામજીભાઈને ત્યાં પૌત્રી જન્મી ત્યાંથી 'માય ચકુડીઝ ફર્સ્ટ સેલ્ફી' પોસ્ટ કરી. હવે તો એ હોસ્પિટલ, હોટેલ, મોલ, ટોલ બધે જ ફોટા લઈ લઈ મૂકે છે. અને એની સેલ્ફીઓ તરત જ એના ધરમના ભાઈઓમાં 'વાઈરલ' થઈ જાય છે."

મેં કહ્યું, "ભલે ને, સેલ્ફી પર ક્યાં કોઈ ટેક્સ છે ?"

હસુભાઈ બોલ્યા, "પણ હદ જેવું કંઈ હોય કે નહીં. અરે કાલે એ ચાલતાં ચાલતાં લપસી ગઈ અને પડી ! હું ઊભી કરવા ગયો, તો મને કહે, 'પહેલા સેલફોન આપો' પછી એ દશામાં સેલ્ફી લીધી, પોસ્ટ કરી અને પછી જ ઊભી થઈ."

"પછી ?"

"પછી શું આખે રસ્તે એના ધરમના ભાઈઓએ ફોટોની નીચે 'ઓહ બેના ! ઉહ દીદી ! આહ સિસ્ટર !' એવી કોમેંટો કરી. આયોડેક્સના ફોટા મોકલ્યા. એક ડોસલાએ લખ્યું 'કીડી

મરી ગઈ.' બીજા એક વેવલા યુવાનેએ લખ્યું, 'ડાઉન ટુ અર્થ, સીસ્ટર !' આ બધી કોમેંટ વાંચતા વાંચતા હું લપસ્યો !"

હું છળી ગયો હતો છતાં હસુભાઈને દિલાસો આપતાં કહ્યું, "હોય, હવે !"

"શું હોય ? યાર ! હમણાં એણે પોતાની તૂટેલી ચંપલ ભંગારમાં કાઢતા પહેલા, હાર ચડાવી એનો ફોટો મૂક્યો. 'માય બિ–લવેડ ચંપલનો મોર' એના પર ૩૦૬૭ 'લાઈક' આવી અને ૧૫૬૮ જણાએ 'આર. આઈ. પી' લખ્યું."

"ચંપલ માટે આર. આઈ. પી. ?"

"અરે એનાથી ભૂલમાં ચંપલ'ને બદલે 'ચંપક' લખાઈ ગયું હતું."

ઊંડો શ્વાસ લઈને હસુભાઈ બોલ્યા, "એણે 'ચંપક નો મોર' લખ્યું એટલે પાંચમા માળવાળો ચંપક મારી સાથે ઝઘડી ગયો અને 'બિ–લવેડ' લખ્યું એટલે ચંપકની વાઈફ લડી ગઈ."

મેં હસુભાઈને કહ્યું, "આર. આઈ.પી..!"

– રઈશ મનીઆર

## આ પુસ્તકોમાં એવું તે શું છે ?

કે માત્ર બે કે ત્રણ વર્ષમાં વાચકોના જબરદસ્ત પ્રતિસાદને કારણે અમારે બીજી, ત્રીજી કે ચોથી આવૃતિ કરવાની ફરજ પડી રહી છે !

એક આવૃતિ એટલે એક હજાર નકલ.

ઉત્તમ વિચારોનું સિંચન કરતાં પુસ્તકો પાછળ કરેલ ખર્ચ એ ખરેખર તો રોકાણ જ છે. એવું સમજનાર વાચકોને કારણે જ અમારા પ્રકાશનના આ પ્રકારના જીવનવિકાસલક્ષી અને પ્રેરણાત્મક પુસ્તકોની સતત ડિમાન્ડ રહે છે.

ગૂર્જર સાહિત્ય પ્રકાશન

માણસનું જીવન બદલવામાં પ્રેરણાત્મક પુસ્તકોનો ફાળો ઘણો મોટો હોય છે. કેટલીક વાર તો એકાદ સુવાક્ય કે નાનકડો લેખ જ વ્યક્તિનું જીવન બદલી નાખતું હોય છે! જીવનમાં બદલાવ માટે ક્યારેક પ્રેરણાનો સ્પાર્ક જ પૂરતો હોય છે!

તમારી કેડી તમારે જાતે જ કંડારવી પડે. તમારો સંઘર્ષ તમારે જ લડવાનો હોય છે. આજે તમે જ્યાં છો, એના માટે તમે જ જવાબદાર છો... અને ભવિષ્યમાં જ્યાં હશો એના માટે પણ તમે અને માત્ર તમે જ જવાબદાર હશો. ટૂંકમાં, કોઈ પણ વ્યક્તિએ પોતે લીધેલા જીવનના મહત્વના નિર્ણયોની જવાબદારી સ્વીકારવી જ પડે.

આપણે બધા જાણીએ છીએ કે સપના જોવા પર કોઈ GST લાગતો નથી. સપના એ જ વ્યક્તિ જોઈ શકે છે, જેની પાસે સંકલ્પ શક્તિ છે. કોઈ પણ સફળતાનો જન્મ સૌથી પ્રથમ માણસના મનમાં થાય છે. કોઈકે સાચું જ કહ્યું છે કે સફળતા એક દિવસમાં નથી મળતી પણ નક્કી કરી લો તો એક દિવસ જરૂર મળે છે.

સફળતા માટે વિલિયમ શેક્સપીયરના ત્રણ વાક્યો પ્રખ્યાત છે.

Know more than Ohers
Work more than Ohers
Expect less than Ohers

સફળ થવા માટે માત્ર હકારાત્મક વિચારો જ ન ચાલે બલકે એના માટે તો બુલંદ ઈરાદો જ જોઈએ. એક વાત હમેશા યાદ રાખવા જેવી છે કે સુખ, સંતોષ, પ્રારબ્ધ, પુરુષાર્થ, ઠોકર, નિષ્ફળતા એવું ઘણું બધું ભેગું થાય ત્યારે સફળતાની નજીક પહોંચી શકાય…આ બધું ભેગું થાય પછી પણ લોકો માપે એ સફળતા નથી પણ તમે જે પામો એ સફળતા છે!

કોઈ નિષ્ફળતા અંતિમ હોતી નથી. દરેક નિષ્ફળતા પાછળ સફળતા સંતાઈને ઉભી જ હોય છે. જરૂર હોય છે માત્ર તમારા વધુ એક પ્રયાસની.

## કૃષ્ણ એટલે ?

જન્માષ્ટમી નિમિત્તે એક જરા લાંબો પણ સ્વલિખિત મૌલીક લેખ

આ વિશ્વના ફલક પર બે ભારતીય વ્યક્તિત્વો સૌથી વધુ ઓળખાયેલા, વંચાયેલા, વિચારાયેલા, ચર્ચાયેલા જોવા મળે છે. બંને મોહન છે. એક મોહન ગાંધી અને બીજા મોહન કૃષ્ણ !!!

એક યમુના તટે જન્મ્યા અને પશ્ચિમ સમુદ્ર તટે વિરમ્યા, બીજા પશ્ચિમે સમુદ્ર તટે જન્મ્યા અને યમુના તટે વિરમ્યા! બંનેની કારકિર્દીનો મહત્વનો તબક્કો તેમની લગભગ ૫૦ ની ઉંમર બાદ હતો. બંને સમગ્ર માનવ જાત માટે ઘસાઈ છૂટ્યા! બંનેએ કદી સીધી સત્તા ભોગવી નહીં ! બંને અંત સમયે લગભગ એકલતા અનુભવતા! બંનેના જીવનનો મહત્વનો હિસ્સો ગુજરાત અને ઇન્દરપ્રસ્થ વચ્ચે ફેલાયેલો!

પણ, આજે વિચારવું છે, કૃષ્ણ એટલે શું ?

કૃષ્ણ એટલે વિષાદથી વિશ્વાસ તરફ લઈ જતો માર્ગ કુરુક્ષેત્ર ના આરંભે અર્જુનનો વિષાદ એક મહાન જ્ઞાનયજ્ઞ તરફ દોરી ગયો. એ ભગવદ ગીતા! કર્તાભાવ ને કારણે પ્રગટ થતો વિષાદ કર્તવ્ય વિમુખતા તરફ લઈ જાય ત્યારે કૃષ્ણ કામ આવે! કૃષ્ણ કુરુક્ષેત્રે શસ્ત્ર નથી પકડતા તે માટે સંકલ્પબધ્ધ છે ! અર્થાત, કૃષ્ણ તમને પરાવલંબી નથી બનાવતા, તે તમારી શક્તિને પારખી માર્ગ ચીંધે છે ! આ એક શિક્ષક કે ગુરુની સમજ અને પરિપક્વતાની પરાકાષ્ઠા છે !

કૃષ્ણનું કર્તુત્વ ક્યાય પરવશ કરવાનું નથી પણ તમારાં વિશ્વાસને, શક્તિઓને મજબૂત કરી તમને સક્ષમ કરવાનું છે. આ વાત સતત તેમણે જીવન દરમ્યાન જીવી બતાવી છે.

વિષાદ, નબળાઈ, કર્તવ્યવિમુખતા, સ્વપરત્વે અવિશ્વાસ દૂર કરી વિશ્વાસ ભણી લઈ જાય તે કૃષ્ણ !!

કૃષ્ણ એટલે પૂર્ણ છતાં સમજપૂર્વકનું સમર્પણ, સાતસો શ્લોકમાં દીર્ઘ તર્કબધ્ધ સવાદ કરી જે છું તે હું છું, તું નથી ! હું જ કર્તા છું, હું જ કર્મ છું તું તો નિમિત્ત માત્ર એવુ છેવાડાનું સમર્પણ ભણાવનાર અને તે માટે વિરાટ દર્શન કરાવી અભિભુત કરી દેનાર કૃષ્ણ અંતે તો કહે છે. હવે તને યોગ્ય લાગે તેમ કર !

આ સમર્પણની એક અલગ રીત છે. સમજ છે. આમાં કૃષ્ણને ક્યાય પ્રસ્થાપિત થવું નથી, નિયત્રણ લેવું નથી, પરાવશ કરવા નથી. આજની ગુરુપ્રથાના બધા દુષણોનું મૂળ ભક્તની પરાવશતા મા છે ! કૃષ્ણ તમને સક્ષમ કરે છે આધારિત નહિ.

રામ અને કૃષ્ણમા ફરક છે. રામ સમર્પિતની શક્તિ ઓળખી તેને બહાર લાવી ઉપયોગ કરે છે. વાનર સેના ને લડાવે છે રાવણ સામે પણ નેતૃત્વ જાતે કરે. કૃષ્ણ તે કરતા આગળ છે. તે શસ્ત્ર સરખુ પકડતા નથી અને અર્જુનને શ્રેષ્ઠ બનાવે છે !

પરાવશ બનાવ્યા વગર સક્ષમ બનાવે, શ્રેષ્ઠને બહાર લાવી, સ્વતંત્રતા છીનવ્યા વિના ઉત્તમ તરફ લઈ જાય તે કૃષ્ણ !

**કૃષ્ણ એટલે આત્મગૌરવનું પૂર્ણ સન્માન**

કૃષ્ણના જીવનનો આ સૌથી મહત્વનો પણ ચૂકાઈ ગયેલો સંદેશ છે. કૃષ્ણ  રાજાના પુત્ર હોવા છતાં પાલક મા–બાપ તરીકે એક કસ્બાના નેતા એવા સાધારણ ગોવાળના પરિવારને પસંદ કરી જનસાધારણને ગૌરવ આપે છે. તેમના  અતિ સામાન્ય બાળ સખા સુદામાનો ઉદ્ધાર તો કરે છે પણ તેમને જરા પણ હિણપત ના લાગે તે રીતે! પાંડવ પરિવારની તો અઢળક મદદ કરે છતાં ભાવ સખ્યનો ! જુલ્મી રાજાની ચૂંગલ માંથી છોડાવી સોળ હજાર સ્ત્રીઓને રાણીના દરજજે સ્થાપી ગૌરવ આપે છે ! એક કુબજા, કદરૂપી અપમાનિત સ્ત્રીને, આડકતરી રીતે સુંદર બનાવવાનો રુપકાત્મક ચમત્કાર કરીને,  તેનું ગૌરવ પુનઃ સ્થાપિત કરે છે.

અદભુત શક્તિ હોવા છતાં કદી કોઈની મદદ કોઈને નીચું જોવડાવી કે કોઈ પાસે આકરી ભક્તિ કરાવી નથી કરી ! સંપૂર્ણ પ્રેમ અને ગૌરવ સાથે, સામેના ના આત્મસન્માન ને હાનિ પહોંચાડયા વગર સતત મદદ કરવાની તાસીર રહી છે.

**કૃષ્ણ એટલે અનાસક્ત પૂર્ણ પ્રેમ**

કિશોર અવસ્થામાં ગોપીઓ સાથેનો રોમેન્ટિક પણ નિર્દોષ પ્રેમ, પોતાનાથી સોળેક વર્ષ મોટી, સગપણમા દુરની મામી રાધા સાથેનો અમર થયેલો કોસ્મિક લવ, દ્રૌપદી સાથે સખા ભાવે પ્રેમ, વાસળી અને રાસ થકી કલા પરત્વેનો પ્રેમ સર્વ સ્વરૂપે પ્રેમ સ્વરૂપ !

પણ, પૂર્ણ અનાસક્ત ! ગોકુલ છોડયા બાદ કદી જીવનમા રાધાને મળ્યા નહીં ! અને યુદ્ધને અંતે અશ્વસ્થામાના કાળા કૃત્ય બાદ ઉત્તરાનો ગર્ભ જીવિત કરવા કહે કે, જો મે જીવનભર બ્રહ્ચર્યનું પાલન કર્યું હોય તો, આ જીવિત થાય, અને તે વચન સત્ય ઠરે !

અરે જીવન જીવ્યા તો ભરપૂર પૂર્ણ અને મૃત્યુ ? સાવ સાધારણ દૂર વન મા, એક પારધી ના હાથે ! એક પૂર્ણ જીવનથી મુક્તિ પણ કેવી સહજ મોહ વગરની, પૂર્ણ લીલા સમેટી લઈ !

**આ કૃષ્ણ છે, આસક્તી વગરનો પ્રેમ !**

આ છે, કૃષ્ણ માટે છે પૂર્ણ પુરુષોતમ છે આજે દુનિયામાં સૌથી વધુ ચર્ચાતું વ્યક્તિત્વ !

બસ ! કૃષ્ણ એટલે કૃષ્ણ !

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક - પ્રકાશક - મુદ્રક - પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810